અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ ડિસેમ્બર ૨૦૨૪, સોમવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર સુદ ૮ | અંક : ૧૫૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ભારતીય ટીમને ૧૦ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો

## પિંક બોલ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાની હાર, ટેસ્ટ સિરીઝ ૧-૧થી બરાબર

### ઓસ્ટ્રેલિયાના બોલરોએ એડિલેડ ટેસ્ટ મેચના ત્રીજા દિવસના પહેલા જ સેશનમાં ટીમ ઈન્ડિયાને બીજા દાવમાં ૧૭૫ રનમાં આઉટ કરી દીધું હતું

**। (એજન્સી) એડિલેડ, તા.૮ ।**

એડિલેડમાં રમાયેલી પિંક બોલ ટેસ્ટ મેચમાં યજમાન ઓસ્ટ્રેલિયાએ ભારતને અઢી દિવસમાં ૧૦ વિકેટે હરાવ્યું હતું. આ સાથે ઓસ્ટ્રેલિયાએ જોરદાર પુનરાગમન કર્યું અને પાંચ મેચની ટેસ્ટ શ્રેણી ૧-૧થી બરાબર કરી લીધી. પર્થમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયાને ૨૯૫ રનથી હરાવ્યું હતું. ત્રીજી ટેસ્ટ મેચ ૧૪ ડિસેમ્બરથી બ્રિસ્બેનના ગાબા મેદાન પર રમાશે. ઓસ્ટ્રેલિયાના બોલરોએ પાયમાલી મચાવી દીધી હતી અને એડિલેડ ટેસ્ટ મેચના ત્રીજા દિવસના પહેલા જ સેશનમાં ટીમ ઈન્ડિયાને બીજા દાવમાં ૧૭૫ રનમાં આઉટ કરી દીધી હતી. ભારત તરફથી બીજી ઈનિંગમાં નીતિશ રેડ્ડીએ સૌથી વધુ ૪૨ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી બીજી ઈનિંગમાં પેટ કમિન્સે સૌથી વધુ ૫ વિકેટ ઝડપી હતી. જ્યારે સ્કોટ બોલેન્ડે ૩ વિકેટ લીધી હતી. આ સિવાય મિચેલ સ્ટાર્કને ૨ વિકેટ મળી હતી. ઓસ્ટ્રેલિયાને આ ટેસ્ટ મેચ જીતવા માટે ૧૯ રનનો ટાર્ગેટ હતો. આ પછી કાંગારુ બેટ્સમેનોએ એકપણ વિકેટ ગુમાવ્યા વિના લક્ષ્ય હાંસલ કરી વિજય નોંધાવ્યો હતો. આ પહેલા ટીમ ઈન્ડિયા પ્રથમ દાવમાં ૧૮૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી, ત્યારબાદ ઓસ્ટ્રેલિયાએ પ્રથમ દાવમાં ૩૩૭ રન બનાવ્યા હતા અને ૧૫૭ રનની મોટી લીડ મેળવી હતી.

ઓસ્ટ્રેલિયાના બોલરોએ તબાહી મચાવી હતી અને ટીમ ઈન્ડિયાને બીજી ઈનિંગમાં ૧૭૫ રનમાં આઉટ કરી દીધી હતી. ભારત તરફથી બીજી ઈનિંગમાં નીતિશ રેડ્ડીએ સૌથી વધુ ૪૨ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી પેટ કમિન્સે બીજી ઈનિંગમાં સૌથી વધુ ૫ વિકેટ લીધી હતી. જ્યારે સ્કોટ બોલેન્ડે ૩ વિકેટ લીધી હતી. આ પહેલા ટીમ ઈન્ડિયા પ્રથમ દાવમાં ૧૮૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી, ત્યારબાદ ઓસ્ટ્રેલિયાએ પ્રથમ દાવમાં ૩૩૭ રન બનાવ્યા હતા અને ૧૫૭ રનની મોટી લીડ મેળવી હતી. ઓસ્ટ્રેલિયાને હવે આ ટેસ્ટ મેચ જીતવા માટે ૧૯ રનનો ટાર્ગેટ મળ્યો હતો. ભારતીય ટેસ્ટ ટીમના કેપ્ટન રોહિત શર્માની પર્થ ટેસ્ટમાં ગેરહાજરી બાદ તેની વાપસી સારી રહી ન હતી. એડિલેડ ઓવલ ખાતે રમાયેલી ડે-નાઈટ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને ૧૦ વિકેટે હરાવ્યું હતું. આ મેચમાં છઠ્ઠા નંબર પર બેટિંગ કરી રહેલા રોહિતે પ્રથમ દાવમાં ત્રણ અને બીજા દાવમાં છ રન બનાવ્યા હતા. તેના નેતૃત્વ અને બોલિંગમાં બદલાવ પર સવાલો ઉભા થયા હતા. તેણે પોતે સ્વીકાર્યું કે ભારતે ઘણી તકો ગુમાવી, જેના કારણે હાર થઈ. મેચ બાદ રોહિતે કહ્યું- આ સપ્તાહ અમારા માટે નિરાશાજનક રહ્યું.



#### એડિલેટમાં મેચ હારતા ટીમ ઈન્ડિયાને મોટું નુકસાન!

**ઓસ્ટ્રેલિયાએ બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ૧૦ વિકેટની શાનદાર જીત સાથે સીરિઝમાં વાપસી કરી છે. પિંક બોલથી રમાયેલી મેચમાં ટીમ ઈન્ડિયાને શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો. આ બોલ સાથે રમવું ભારત માટે હંમેશા મુશ્કેલ રહ્યું છે. તેણે છેલ્લા અઢી વર્ષથી આ બોલ સાથે કોઈ મેચ રમી ન હતી. અનુકૂળ સ્થિતિઓમાં ઓસ્ટ્રેલિયન બોલરો ભારતની નબળી બેટિંગ લાઇન-અપ સામે ખૂબ સારા સાબિત થયા. આ મેચમાં હાર બાદ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલના સમીકરણો પણ બદલાઈ ગયા છે. આ હારની વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) પોઈન્ટ ટેબલમાં ભારતની સ્થિતિ પર મોટી અસર પડી છે.**

### BSFના સ્થાપના દિવસ પર અમિત શાહે કહ્યું

## ભારત અજેય છે, તેને કોઈ હરાવી શકે નહીં : ગૃહમંત્રી

### BSFના ૬૦માં સ્થાપના દિવસ પર જોધપુર આવેલા દેશના ગૃહમંત્રી અમિત શાહે જવાનોના જુસ્સાને દાદ આપી હતી

**। (એજન્સી) જોધપુર, તા.૮ ।**

બોર્ડર સિક્યોરિટી ફોર્સ (મ્જીહ્લ)ના ૬૦માં સ્થાપના દિવસ પર રવિવારે આયોજીત સમારંભમાં સામેલ થવા માટે જોધપુર આવેલા દેશના ગૃહમંત્રી અમિત શાહે જવાનોના જુસ્સાને દાદ આપી હતી. તેમણે અહીં કહ્યું કે, ભારત અજેય છે અને તેને કોઈ હરાવી શકે નહીં. જ્યારે આખો દેશ સુઈ રહ્યો હોય છે, ત્યારે તમે ડ્યૂટી કરતા હોવ છો. શાહે કહ્યું કે, સપ્ટેમ્બર ૧૯૬૫થી લઈને આજ સુધી સતત દેશની પૂર્વી અને પશ્ચિમી સરહદને સુરક્ષા આપવાનો તમે જે રેકોર્ડ બનાવ્યો છે, તેના માટે બીએસએફના અધિકારીઓથી લઈને જવાનો તમામ અભિનંદનને પાત્ર છે.



શાહે સમારંભને સંબોધન કરતા કહ્યું કે, મને ખબર છે કે, આપની ડ્યૂટી અઘરી છે. જવાનો પોતાનો સ્વર્ણકાળ ૪૫ ડિગ્રી સુધી પરિસ્થિતિઓમાં ડ્યૂટી કરતા વિતાવે છે. ૧૪૦ કરોડ દેશવાસીઓની સુરક્ષાનો જે વિશ્વાસ પેદા કર્યો છે, તેનો શ્રેય બીએસએફને જાય છે. દેશની રક્ષા માટે સીમા પ્રહરીઓએ પોતાના પ્રાણોની આહુતિ આપી છે. શાહે કહ્યું કે, ૧૯૯૨ શહીદ જવાન જેણે આ દેશ માટે પોતાનું સર્વોચ્ચ બલિદાન આપ્યું છે, હું તેમને સેલ્યૂટ કરવા અહીં આવ્યો છું. સીમા સુરક્ષા દળ સૌથી વધારે પદક જીતવાનું છે.

તેમણે કહ્યું કે, પોતાના જવાનોની બહાદુરી, સમર્પણ અને બહાદુરીના કારણે BSF દેશની સુરક્ષાના ઈતિહાસમાં ઘણા સુવર્ણ પૃષ્ઠો પર પોતાનો ગૌરવપૂર્ણ અધિકાર મેળવવામાં સફળ રહી છે.

જનતા તમારા પરિવારના સભ્યોની ઋણી રહેશે. હું તમારો પણ ઋણી રહીશ અને સમગ્ર રાષ્ટ્ર વતી હું તમારા બધાનો આભાર વ્યક્ત કરું છું. આપણે બધાએ વિશ્વના સૌથી મોટા સીમા સુરક્ષા દળના સ્થાપના દિવસે ભવ્ય પરેડ જોઈ છે. તમારી ચપળતા વખાણવા લાયક છે. આ ઉપરાંત શાહે BSF દ્વારા કરવામાં આવતી અન્ય કામગીરીની પણ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે BSFએ વૃક્ષારોપણ અને મધમાખી ઉછેરમાં ઘણું સારું કામ કર્યું છે. ૨૦૪૫ સુધીમાં ભારત દરેક ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ દેખાવ કરે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિઝન તમારા વિના અધૂરું છે.

### ન્યૂઝ બ્રિફ

#### જયશંકર દ્વારા ભારતે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાના નિર્ણયનો બચાવ



**। નવી દિલ્હી, તા.૮ ।**

રશિયા-યુક્રેન સંઘર્ષ બાદ પશ્ચિમી દેશોએ રશિયાનો બહિષ્કાર કર્યો છે, પરંતુ ભારતે પોતાની મિત્રતા જાળવી રાખી છે. વડાપ્રધાન મોદીએ હાલમાં જ રશિયાની મુલાકાત લીધી હતી. તેમજ રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું જારી રાખ્યું છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે ભારતે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાના નિર્ણયનો બચાવ કરતાં સામો પ્રશ્ન પૂછ્યો છે કે, શું વિશ્વ પાસે ભારતની ઉર્જા જરૂરિયાતોને પૂરી કરવા માટે વધુ કોઈ સારો વિકલ્પ છે? દોહામાં ૨૨માં ફોરમના પેનલ નવા યુગમાં સંઘર્ષ સમાધાન વિષય પર ચર્ચા કરતાં જયશંકરે જણાવ્યું હતું કે, રશિયા-યુક્રેન યુદ્ધના ત્રણ વર્ષ બાદ વિશ્વ અનુભવી રહ્યું છે કે, આ સમસ્યા માત્ર વાતચીતના માધ્યમથી જ ઉકેલાઈ શકાય. જયશંકરે સ્પષ્ટતા કરી કે, રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા ભારતે કોઈ સસ્તો સોદો કર્યો નથી. દેશની ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવી જરૂરી છે.

### ૨ વ્યક્તિએ સીડીથી ધક્કો મારી ફાયરિંગ કર્યું

## કેનેડામા ભારતીય સ્ટુડન્ટની ગોળી મારીને હત્યા કરાઈ

**। (એજન્સી) ઓટાવા, તા.૮ ।**

કેનેડાના એડમોન્ટનમાં સિક્યોરિટી ગાર્ડ તરીકે કામ કરતા ૨૦ વર્ષીય ઈન્ડિયન સ્ટુડન્ટની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. એડમોન્ટલ પોલીસ દ્વારા આ મૃતક વિદ્યાર્થીની ઓળખ પંજાબ રાજ્યના હર્ષનદીપ સિંહ તરીકે કરવામાં આવી છે. જોકે પોલીસે આ અપાર્ટમેન્ટને સીલ કરી દીધો છે અને વધુ તપાસ હાથ ધરી દીધી છે. બીજી બાજુ હર્ષનદીપ સિંહ પર ફાયરિંગ કરનારા ૨ શંકાસ્પદોની પોલીસે ધરપકડ પણ કરી દીધી છે. ૬ ડિસેમ્બરના રોજ ૧૦૬ એન્ડ ૧૦૭ એવન્યુ વિસ્તારમાં આવેલા એપાર્ટમેન્ટમાં ભારતીય મૂળનો સ્ટુડન્ટ હર્ષનદીપ સિંહ સિક્યોરિટી ગાર્ડ તરીકે તહેનાત હતો. તેવામાં આ અપાર્ટમેન્ટની બહાર કેટલાક લોકો વચ્ચે હાથાપાઈ થઈ હતી. બાદમાં અચાનક આ જૂથથી કેટલાક લોકો એપાર્ટમેન્ટમાં આવી ગયા હતા અને ફાયરિંગની ઘટના બની હતી. આ સમગ્ર ઘટનાક્રમના કથિત સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. જેમાં હુમલો કરનાર એક પુરુષ હતો અને તેની સાથે એક મહિલા પણ જોવા મળી હતી. ૨૦ વર્ષીય સિક્યોરિટી ગાર્ડ હર્ષનદીપ સિંહને આ હુમલો કરનાર શખસે સીડીઓ પરથી નીચે ફેંકી દીધો હતો અને બાદમાં પાછળથી તેના પર ગોળી ચલાવી દીધી હતી. વાયરલ સીસીટીવી ફૂટેજમાં આ સ્ટુડન્ટ સીડીઓ પરથી નીચે ઢળી પડેલો જોવા મળે છે. જોકે આ તમામ વાયરલ સીસીટીવી ફૂટેજની પોલીસે સત્તાવાર પુષ્ટી કરી નથી.

## કસ્ટમ્સે ઉઝબેકિસ્તાન મૂળના ત્રણ મુસાફરોની ધરપકડ કરી

### ત્રણેયની પૂછપરછ કરાતા ત્રણેય જણાએ પોતાના ગુદામાર્ગમાં સોનાના ટુકડા છુપાવ્યાનું કબૂલ્યું હતું

**। (એજન્સી) અલ્માટી, તા.૮ ।**

અલ્માટીથી આવતા મુસાફરે ક્યારેય સપનામાં પણ વિચાર્યું ન હતું કે ફ્લાઈટમાં એર હોસ્ટેસની ઓફરને નકારવી આટલી મોંઘી પડશે. લગભગ સાડા ત્રણ કલાકની આ મુસાફરી દરમિયાન એર હોસ્ટેસે ઘણી વાર જ ઓફર લઈને પેસેન્જર પહોંચી પરંતુ દરેક વખતે પેસેન્જરે તેની ઓફરને ફગાવી દીધી. આ પછી એર હોસ્ટેસે ઈન્ટરકોમ પર કોઈની સાથે વાત કરી અને શાંતિથી તેની સોંપેલ સીટ પર બેસી ગઈ. દિલ્હી એરપોર્ટ પર પહોંચતા જ આ મુસાફર માટે મુસીબતો શરૂ થઈ ગઈ. પહેલા તેની જાહેરમાં શોધખોળ કરવામાં આવી અને પછી લાંબા સમય સુધી ખાનગીમાં પૂછપરછ કરવામાં આવી. આ પછી મુસાફરની ધરપકડ કરીને જેલના સળિયા પાછળ મોકલી દેવામાં આવ્યો હતો. હકીકતમાં આ મામલો ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ ૬ઈ-૧૮૦૨નો છે, જે અલ્માટીથી દિલ્હી પહોંચી હતી. ઈન્ડિગો એરલાઈન્સની આ ફ્લાઈટ રાત્રે લગભગ ૧.૩૦ વાગ્યે અલ્માટી એરપોર્ટથી આઈજીઆઈ એરપોર્ટ માટે રવાના થઈ હતી. આ ફ્લાઈટને લગભગ સાડા ત્રણ કલાકની મુસાફરી પૂરી કરીને દિલ્હીના આઈજીઆઈ એરપોર્ટ પહોંચવાનું હતું. ફ્લાઈટ ટેકઓફ થયાના થોડા સમય બાદ એર હોસ્ટેસે મુસાફરોને ભોજન પીરસવાનું શરૂ કરી દીધું હતું.

મોડી રાત હોવાથી ઘણા મુસાફરોએ ભોજન લેવાની ના પાડી હતી. એર હોસ્ટેસને ખબર પડી કે ત્યાં ત્રણ મુસાફરો છે, જેમની પ્રવૃત્તિઓ સારી નથી. શંકા જતાં એર હોસ્ટેસે ત્રણેયને ચા-પાણી આપવાની કોશિશ કરી. પરંતુ ત્રણેયએ કંઈપણ લેવાનો ઈન્કાર કર્યો હતો.

### ૧૦૩ ખેડૂતોને મોકલાઈ નોટિસ

## મહારાષ્ટ્ર વક્ફ બોર્ડે ૩૦૦ એકર જમીન પર દાવો ઠોક્યો

**। (એજન્સી) મુંબઈ, તા.૮ ।**

મહારાષ્ટ્રના લાતૂર જિલ્લામાં ૧૦૦ થી વધારે ખેડૂતોએ શનિવારે દાવો કર્યો કે, વક્ફ બોર્ડ તેમની એ જમીન કબ્જે કરવાનો પ્રયાસ કરી રહી છે, જેના પર તે અનેક પેઢીઓથી ખેતી કરી રહ્યા છે. તેઓએ જણાવ્યું કે, આ દાવો છત્રપતિ સંભાજીનગર સ્થિત મહારાષ્ટ્ર સ્ટેટ વક્ફ ટ્રિબ્યુનલમાં નોંધ દાખલ કરવામાં આવ્યો છે અને કુલ ૩૦૦ એકર જમીન ધરાવતા ૧૦૩ ખેડૂતોને નોટિસ આપવામાં આવી છે. કેન્દ્ર સરકારે આ વર્ષે ૮ ઓગસ્ટે લોકસભામાં વક્ફ (સંશોધન) બિલ રજૂ કરવામાં આવ્યું હતું, જેથી વક્ફ બોર્ડના કામકાજને સુવ્યવસ્થિત કરી શકાય અને તેની સંપત્તિનું કુશળ કાર્યક્ષમ સંચાલન સુનિશ્ચિત કરી શકાય.

ધારાસભ્યની સંયુક્ત સંસદીય સમિતિ (જેસીપી) પાસે મોકલી દેવામાં આવ્યું છે. વક્ફનો અર્થ ઈસ્લામી કાયદા હેઠળ ધાર્મિક અથવા ધર્માર્થ ઉદ્દેશ્યો માટે સમર્પિત સંપત્તિઓ સાથે છે. વક્ફ અરબી ભાષાના વકુફા શબ્દથી બન્યો છેસ, જેનો અર્થ હોય છે થોભવું.

### રાષ્ટ્રપતિ દેશ છોડીને ભાગ્યા, લોકોએ મનાવ્યો જશ્ન

## સીરિયાઈ રાષ્ટ્રપતિ અસદનું ૫૦૦ મીટર ઉપરથી વિમાન ક્રેશ થયું

**। (એજન્સી) સીરિયા, તા.૮ ।**

સીરિયામાં ચાલી રહેલા ગૃહ યુદ્ધ વચ્ચે મોટા સમાચાર મળી રહ્યા છે. વિદ્રોહીઓએ સીરિયાની રાજધાની દમિશ્ક પર કબજો કરી લીધો છે. દરમિયાન, દેશ છોડીને ભાગી રહેલા રાષ્ટ્રપતિ બશર અલી અસદના વિમાન દુર્ઘટનાના અહેવાલો છે. અસદનો પરિવાર પહેલેથી જ દેશ છોડીને ભાગી ગયો હતો. આ પછી રાષ્ટ્રપતિ અસદ સીરિયાથી ભાગી રહ્યા હતા અને તેમનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું. રાષ્ટ્રપતિનું વિમાન ટેકઓફના થોડા સમય બાદ રડારથી ગાયબ થઈ ગયું અને પછી ક્રેશ થઈ ગયું. સીરિયાના વડાપ્રધાન મોહમ્મદ ગાઝી અલ-જલાલીએ કહ્યું છે કે તેઓ શાંતિપૂર્ણ રીતે વિપક્ષને સત્તા સોંપવા માટે તૈયાર છે. જલાલીએ કહ્યું છે કે, "હું મારા ઘરે છું અને ક્યાંય ગયો નથી અને આ એટલા માટે છે કારણ કે હું મારા દેશને પ્રેમ કરું છું."

તેમણે એમ પણ કહ્યું કે તેઓ સવારે કામ માટે તેમની ઓફિસ જશે. સાથે તેમણે સીરિયાઈ નાગરિકોને સાર્વજનિક સંપત્તિને નુકસાન ન પહોંચાડવા અપીલ કરી છે. પ્રધાનમંત્રીએ જોકે રાષ્ટ્રપતિ બશર અલ અસદે દેશ છોડવાના સમાચાર પર કોઈ પ્રતિક્રિયા આપી ન હતી.

### ચૂંટણીમાં પરાજય બાદ વિપક્ષમાં તિરાડ

## ઉદ્ધવ સેનાએ સમાજવાદી પાર્ટીને ગણાવી ભાજપની B ટીમ

**। (એજન્સી) મુંબઈ, તા.૮ ।**

મહા વિકાસ અઘાડી અને સમાજવાદી પાર્ટીમાં વિવાદ વકર્યો છે. સમાજવાદી પાર્ટી (સપા) મહા વિકાસ અઘાડી સાથે છેડો ફાડવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી નાખુશ આદિત્ય ઠાકરેએ સપા મહારાષ્ટ્રમાં ભાજપની બી ટીમ હોવાનો દાવો કર્યો છે. શિવસેના ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા આદિત્ય ઠાકરેના મહારાષ્ટ્ર સપા પ્રમુખ અબુ આઝમી અંગે આ નિવેદનથી ગઠબંધનમાં સોંપો પડી ગયો છે. આદિત્ય ઠાકરેએ સપાનો છેડો ફાડવા મુદ્દે નિવેદન આપ્યું છે કે, સપા વિશે કોઈ વાત કરવા માગતો નથી. અખિલેશ યાદવ પોતાની લડાઈ લડી રહ્યા છે. પરંતુ મહારાષ્ટ્રમાં સપા નેતા ભાજપની બી ટીમ સ્વરૂપે કામ કરી રહ્યા છે. અહીંના અમુક નેતાઓ ભાજપની મદદ કરે છે. અમે ચૂંટણીમાં આ અંગે નોંધ લીધી છે. શિવસેનાના નેતાએ ગઈકાલે બાબરી મસ્જિદ અંગે ટ્વિટ કરતાં બંને પક્ષ વચ્ચે વિવાદ વધ્યો હતો. જેમાં આદિત્ય ઠાકરેએ જણાવ્યું હતું કે, કાલે જે ટ્વિટ કર્યું હતું તેવા ટ્વિટ અમે પહેલાં પણ કર્યા છે.

### એકબીજાને સામ-સામે ગોળી મારી હોવાનો દાવો

## જમ્મુ-કાશ્મીરમાં મોટી ઘટનાઃ બે પોલીસકર્મીના મૃતદેહો મળ્યાં

**। (એજન્સી) જમ્મુ, તા.૮ ।**

જમ્મુ-કાશ્મીરથી એક મોટા સમાચાર સામે આવ્યાં છે. અહીં ઉધમપુરમાં પોલીસ વાનમાં બે પોલીસકર્મીઓના મૃતદેહો મળી આવતા ખળભળાટ મચી ગયો છે. બંનેના મૃતદેહો પર ગોળીઓના નિશાન જોવા મળી રહ્યા છે. અહેવાલ અનુસાર બે પોલીસકર્મીઓ વચ્ચે કોઈ કારણોસર અંદરો-અંદર ઝઘડો એટલો વધી ગયો કે બંનેએ એકબીજાને ગોળી મારી દેતાં બંનેના મોત નીપજ્યાં હતા. માહિતી અનુસાર ઉધમપુરમાં જિલ્લા હેડક્વાર્ટરમાં કાળી માતાના મંદિરની બહાર ઊભેલી એક પોલીસ વાનમાંથી બંને પોલીસકર્મીઓના મૃતદેહો મળ્યા હતા. ખરેખર તો જાણકારી પ્રમાણે આ ઘટના વિશે સવારે સાડા છ વાગ્યો માહિતી મળી હતી. જેના બાદ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. બંનેના મૃતદેહો કબજે લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવાયા છે. પ્રાથમિક તપાસમાં દાવો કરાયો કે બંનેના મોત એકબીજા પર ગોળી ચલાવવાથી થયા છે.

### રાજસ્થાનના પાલીમાં મોટી દુર્ઘટના

## બાળકોને પ્રવાસે લઈ જતી બસ પલટી, ત્રણનાં મોતથી હડકંપ

**। (એજન્સી) પાલી, તા.૮ ।**

રાજસ્થાનના પાલીથી એક દુઃખદ સમાચાર સામે આવી રહ્યા છે. જેમાં ત્રણ વિદ્યાર્થીઓ મૃત્યુ પામી ગયા. પાલીમાં દેસૂરીના નાળા નજીક પંજાબ જતા વળાંક પર એક સ્કૂલ બસ બેકાબૂ થતાં પલટી ગઈ હતી. આ બસમાં રાઇછેટી ગ્રામ પંચાયતની માનકદેહ સ્કૂલના વિદ્યાર્થીઓ સવાર હતા. જોકે દુર્ઘટનાનું સાચુ કારણ હજી જાણી શકાયું નથી. માહિતી અનુસાર જેવી જ બસ પલટી કે બાળકોએ ચીસાચીસ મચાવી હતી. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને પોલીસને પણ ઘટના વિશે જાણ કરી હતી. માહિતી અનુસાર આ બાળકો સ્કૂલ પ્રવાસે જઈ રહ્યા હતા. આ ઘટનાની જાણકારી મળતાં જ રાજસમંદના એસપી અને કલેક્ટર પણ ઘાયલોના ખબર અંતર પૂછવા માટે હોસ્પિટલ પહોંચી ગયા અને ઘાયલોના સ્વાસ્થ્ય વિશે જાણકારી લીધી હતી. પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

### શિવસેનાને હજુ પણ ગૃહમંત્રાલયની આશા

## શિવસેનાએ ગૃહવિભાગની માંગ કર્યા બાદ મંત્રીમંડળની રચનામાં વિલંબ

**। (એજન્સી) મુંબઈ, તા.૮ ।**

મહારાષ્ટ્રની મહાયુતિ ગઠબંધનમાં લાંબી દોડધામ થયા બાદ અંતે ભાજપ નેતા દેવેન્દ્ર ફડણવીસને રાજ્યના મુખ્યમંત્રી બનાવાતા ભાજપની ચિંતા દૂર થઈ છે. જોકે હજુ પણ કેબિનેટમાં વિભાગોની વહેંચણીને લઈને મુદ્દો ઉકેલાયો ન હોય તેવી સ્થિતિ સામે આવી છે. સીએમ ફડણવીસે પાંચમી ડિસેમ્બરે શપથગ્રહણ કર્યા હતા, પરંતુ હજુ પણ મંત્રીમંડળના વિસ્તરણ અને વિભાગોની વહેંચણી મુદ્દે ત્રણે પક્ષોમાં સહમતી સધાઈ નથી. શિવસેનાએ ગૃહવિભાગની માંગ કર્યા બાદ મંત્રીમંડળની રચનામાં વિલંબ થયો છે. શિવસેનાના કેટલાક નેતાઓ માત્ર શિંદેનો આદેશ જ માનવા તૈયાર છે, તો કેટલાક નેતાઓ અંદરોઅંદર ગૃહવિભાગનો ગણગણાટ કરી રહ્યા છે. જોકે સૂત્રોના જણાવ્યા મુજબ મંત્રીમંડળના વિસ્તરણ અંગે ટૂંક સમયમાં સ્થિતિ સ્પષ્ટ થવાની સંભાવના છે.

## અમદાવાદમાં લિકર પરમિટ મામલે મહિલાઓ પુરુષો કરતા આગળ

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદમાં મહિલાને લિકર પરમિટ મામલે આંકડો ધ્યાન ખેંચનારો છે. જેમાં શહેરમાં લિકર પરમિટ મેળવવામાં પુરુષોથી મહિલાઓ આગળ છે. પ્રોહિબિશન વિભાગમાંથીઅપાતીલિકરપરમિટમાં આવી છેલ્લા ૨ વર્ષમાં મહિલાઓ પુરુષોનેપાછળછોડીનેઆગળનિકળી ગઈ છે. ૨૦૨૩ અને ૨૦૨૪માં અપાયેલી હેલ્થ પરમિટ એટલે કે લિકર પરમિટમાં પુરૂષો કરતાં મહિલાઓની સંખ્યા વધારે છે. અમદાવાદમાં છેલ્લા બે વર્ષમાં ૧,૨૭૭ નવી લિકર પરમિટ અપાઈ છે. તેમાંથી ૬૯૦ પરમિટ મહિલાઓને અપાઈ છે. જ્યારે પુરૂષોને ૫૮૭ પરમિટ અપાઈ છે. અમદાવાદમાં લિકર પરમિટમાં ધીરે ધીરે મહિલાઓ પુરૂષોની નજીક પહોંચી રહી છે. અમદાવાદમાં ૨૦૧૯થી ૨૦૨૪ના મે સુધીમાં કુલ ૧૪,૧૩૨ લોકોની લિકર પરમિટ રીન્યુ કરવામાં આવી હતી.

## નરોડામાં ત્રીજા માળેથી પુત્ર સાથે ઝંપલાવીને માતાએ આત્મહત્યા કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

નરોડામાં બનેલા એક દુખદ બનાવમાં માતાએ પોતાના વ્હાલસોયા દિકરા સાથે પડતુ મુકી આપઘાત કરી લીધો હતો. માતાએ તેના સાત વર્ષના દીકરા સાથે ત્રીજા માળેથી કુદકો મારીને આત્મહત્યા કરી લીધી છે. આ બનાવની વિગત સામે આવતા સ્થાનિક પોલીસ બનાવના સ્થળે પહોંચી હતી. બીજીતરફ પ્રાથમિક તપાસમાં, મૃતક મહિલાના પતિ હાલ પોલીસમાં ફરજ બજાવતા હોવાનું બહાર આવ્યું છે. પતિ હિંમતનગરમાં ડોગ સ્ક્વોડમાં ફરજ બજાવે છે. એક તરફ જ્યાં પરિવાર પર માતમ છવાયો છે, ત્યારે સોસાયટીના રહીશો પણ આ ઘટનાને લઈને આઘાતમાં સરી પડ્યા છે. આ બનાવ અંગેની પ્રાથમિક તપાસમાં સ્થાનિક પોલીસને જાણવા મળ્યું છે કે, બાળક માનસિક બીમારી હતું, જ્યારે માતાની માનસિક બીમારીની દવા ચાલી રહી હતી. હાલ ક્યાં કારણસર આ પગલું ભર્યું તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. આ સમગ્ર મામલે પોલીસે અકસ્માતે મોત નોંધીને તપાસ શરૂ કરી છે.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, નરોડા વિસ્તારમાં આવેલા હંસપુરા નજીક એક એપાર્ટમેન્ટના ત્રીજા માળેથી આજે સવારે એક મહિલાએ તેના પુત્ર સાથે કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવમાં વિગત એવી સામી આવી રહી છે કે, મરનાર બાળકની ઉંમર સાત વર્ષની છે અને તેનું નામ રીધમ છે. જ્યારે તેની માતાનું નામ વિરાજબેન વાણીયા છે. આજે સવારે અચાનક સોસાયટીમાં ત્રીજા માળથી નીચે કોઈ પટકાવ્યું અને જોરદાર અવાજ આવતા લોકો ભેગા થઈ ગયા હતા.

# કેન્સરની સારવાર સુરક્ષિત, સરળ અને મામુલી ખર્ચે થશે

। (એજન્સી) મહેસાણા, તા.૮ ।

ભારતનું ભવિષ્ય ઉજ્જવળ બનાવે એવા નવયુવાનો ખૂબ જ મોટી સંખ્યામાં છે અને નવયુવાનોને તક મળે તો વિશ્વને હંફાવી શકે એવી સફળ કામગીરી પણ કરી બતાવે એવું યુવાધન ભારત પાસે છે. એવા જ નવયુવાન વૈજ્ઞાનિક મહેસાણામાં રહે છે અને ગાંધીનગર આઈઆઈટીમાં અભ્યાસની સાથે સંશોધન કરી રહ્યા છે. મહેસાણાના આ નવયુવાને વિજ્ઞાન ક્ષેત્રે ક્રાંતિ આવી શકે એવું સંશોધન પોતાની ટીમ સાથે મળીને કર્યું છે અને આજે અમે તમને બતાવવા જઈ રહ્યા છીએ એ નવયુવાન વૈજ્ઞાનિક હર્ષિલ દવે કે જેણે કેન્સરની સારવાર ક્રાંતિ આવે એવું વિશ્વ કક્ષાનું સંશોધન કર્યું છે. ગાંધીનગર આઈઆઈટીમાં હાલમાં પીએચડીમાં અભ્યાસ કરતા હર્ષિલ દવેએ કેન્સરની સારવાર માટે હાઈડ્રોજેલ સોલ્યુશન નામની નવી મેડિકલ ક્ષેત્રે નવીન ટેકનોલોજીનું સંશોધન કર્યું છે. હર્ષિલ દવે બાયો મેડિકલ એન્જીનીયર છે અને વિજ્ઞાન ક્ષેત્રે પીએચડીનો અભ્યાસ ગાંધીનગર આઈઆઈટીમાં કરે છે. બે વાર ગોલ્ડ મેડલ મેળવી ચૂકેલા હર્ષિલ દવે સાથે હિતાશા વિઠલાણી અને પ્રોફેસર મુકેશ ઢાંક કેન્સરની સારવાર ક્ષેત્રે ક્રાંતિ લાવવા અથાગ પ્રયાસો કરી રહ્યા છે. મેડિકલ ક્ષેત્રે સંશોધન કરવા સરકાર દ્વારા રૂપિયા એક કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. પરંતુ હર્ષિલ દવેની ટીમે હાલમાં ફક્ત રૂપિયા ૫ લાખની મામુલી રકમથી કેન્સરની સારવાર માટે ક્રાંતિ સર્જે એવું સંશોધન કરવામાં સફળતા મેળવી છે. મોઢાથી લઈ આંતરડા સુધીના તમામ કેન્સરમાં એકદમ સરળતા અને મામુલી ખર્ચે અને એ પણ મેડ ઈન ઈન્ડિયાની ટેકનોલોજીથી કેન્સરના દર્દીને સારવાર પ્રાપ્ત થાય એવું સફળ સંશોધન કર્યું છે. હર્ષિલ દવે અને તેની ટીમ છેલ્લા દોઢ વર્ષથી કેન્સરની સારવાર માટે સંશોધન કરી રહી હતી અને તેમણે હાલમાં નાના-મોટા તમામ પશુઓ ઉપર કેન્સર પરીક્ષણમાં સફળતા મળી છે. હાલમાં કેન્સરની સારવારમાં હાઈડ્રોજેલ સોલ્યુશનની સારવાર માટે ભારત વિદેશની મેડીકલ ટેકનોલોજી ઉપર નિર્ભર હોય છે, જે ખુબ જ મોંઘી છે. નવી વિકસાવેલી અને પશુઓ ઉપર સફળ પરીક્ષણ થયેલી છે. હર્ષિલ દવેની કેન્સરની સારવાર સાવ મામુલી અને સુરક્ષિત છે. હાલની કેન્સરની સારવારમાં એન્ડોસ્કોપી થી નિદાન બાદ સારવાર આપવામાં આવે છે. પરંતુ આ સંશોધનમાં એન્ડોસ્કોપી સાથે જ અંદરના ભાગે સારવાર આપી શકાય છે. તેમજ કેન્સરની સારવારમાં નવા સંશોધનમાં જોવા મળ્યું કે, આ સારવાર દરમ્યાન અંદરના ભાગે કોઈ રક્તસ્ત્રાવ થતો નથી અને કીમો થેરાપી લેવાની પણ જરૂર પડતી નથી.

## માનનીય સાંસદ શ્રી દિનેશ મકવાણાએ અમદાવાદ સ્ટેશનના પુનઃવિકાસના કામોનું નિરીક્ષણ કર્યું



। અમદાવાદ, તા.૮ ।

માનનીય સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, માનનીય ધારાસભ્ય શ્રી દિનેશ સિંહ કુશવાહ અને માનનીય ધારાસભ્ય શ્રી કૌશિક જૈન અને અન્ય મહાનુભાવોએ ૭ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ અમદાવાદ રેલવે સ્ટેશનના પુનઃવિકાસના કામોનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે તેમણે રેલવે અધિકારીઓ સાથે બેઠક યોજી પ્રોજેક્ટની પ્રગતિની માહિતી લીધી હતી.

આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ જણાવ્યું હતું કે પુનઃવિકાસના કામો બાદ અમદાવાદ રેલ્વે સ્ટેશન ન માત્ર આધુનિક ટ્રાન્સપોર્ટ હબ બનશે પરંતુ તે મુસાફરો માટે વિશ્વ કક્ષાની સુવિધાઓનું પ્રતિક પણ બનશે અને અમદાવાદના વિકાસ અને પ્રાદેશિક જોડાણ ને પ્રોત્સાહન આપવામાં મદદરૂપ સાબિત થશે.

આ પ્રસંગે મુખ્ય પ્રોજેક્ટ મેનેજર (આરએલડીએ) શ્રી સંજીવ કુમારે પ્રેઝન્ટેશન (પીપીટી) દ્વારા સ્ટેશન રિડેવલપમેન્ટ પ્રોજેક્ટનો વિગતવાર પરિચય આપ્યો હતો. તેમણે માહિતી આપી હતી કે રિડેવલપમેન્ટનું કામ ૧૦ મહિના પહેલા શરૂ થયું હતું અને તેને ૩૬ મહિનામાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. પ્રોજેક્ટ હેઠળ સ્ટેશન ને વિશ્વ-સ્તરીય સુવિધાઓથી સુસજ્જ કરવામાં આવશે.જેમાં મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ (એમએમટીએચ), મલ્ટી લેવલ કાર પાર્કિંગ (એમએલસીપી), સ્કાયવોક, લેન્ડસ્કેપ પ્લાઝા અને અન્ય આધુનિક સુવિધાઓ સામેલ છે.

માનનીય સાંસદ અને ધારાસભ્યોએ અમદાવાદ સ્ટેશનના પુનઃવિકાસના કામોની પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો અને તેને વિસ્તારના વિકાસ માટે એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું. તેમણેપુનઃવિકસિતસ્ટેશનસ્થળનીપણમુલાકાતલીધીહતીઅને ઉત્કૃષ્ટ કામગીરી કરનાર કર્મચારીઓને પ્રમાણપત્રો અને પુરસ્કારો આપીને સન્માનિત કર્યા હતા.

### ટાર્ગેટ પૂરો કરવા કુંવારા યુવકની નસબંધી

## હેલ્થ વર્કરે સરકારી ચોપડે અપરણિત યુવકને 3 બાળકનો પિતા દર્શાવ્યો

### આરોગ્ય વિભાગ દ્વારા પુરુષ, સ્ત્રી હેલ્થ વર્કરને એક મહિનામાં ત્રણ નસબંધીના ઓપરેશનનો ટાર્ગેટ આપવામાં આવે છે

। (એજન્સી) મહેસાણા, તા.૮ ।

મહેસાણા જિલ્લામાં થયેલા નસબંધી કાંડમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. આરોગ્ય વિભાગ દ્વારા પુરુષ, સ્ત્રી હેલ્થ વર્કરને એક મહિનામાં ત્રણ નસબંધીના ઓપરેશનનો ટાર્ગેટ આપવામાં આવે છે. જેને પુરો કરવા માટે અપરણિત યુવકનું નસબંધી ઓપરેશન કરાયુ હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. મહેસાણા જિલ્લામાં થયેલા નસબંધી કાંડમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. આરોગ્ય વિભાગ દ્વારા પુરુષ, સ્ત્રી હેલ્થ વર્કરને એક મહિનામાં ત્રણ નસબંધીના ઓપરેશનનો ટાર્ગેટ આપવામાં આવે છે. ત્યારે નવી શેઢાવી ગામના ઝહિર સોલંકીનો ટાર્ગેટ પૂરો થઈ ગયો હતો. પરંતુ ધનાલી ગામના હેલ્થ વર્કર શહેઝાદ અજમેરીને એક ઓપરેશનનો ટાર્ગેટ બાકી હતો. જેથી ઝહીરે નવી શેઢાવીના યુવકનો કેસ બારોબાર શહેઝાને આપ્યો હતો. શહેઝાને અપરણિત યુવકને ત્રણ બાળકનો પિતા હોવાનું સરકારી ચોપડે દર્શાવીને નસબંધી કરાવી હતી. ધનાલીના હેલ્થ વર્કર શહેઝાદ અજમેરીને સસ્પેન્ડ કરી ખેરાલુ મોકલાયો હતો.ઝહીરનું નામ સામે આવતા તેની વિરુદ્ધ પણ કાર્યવાહીની તાજવીજ હાથ ધરવામાં આવી છે. ઓપરેશન પહેલાં યુવકને દારૂ પીવડાવાયો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. પરંતુ અહીં કેટલાક સવાલો પણ ઉભા થાય છે. અડાલજ આરોગ્ય કેન્દ્રએ ફિટનેસ સર્ટી કેવી રીતે આપ્યું તે એક મોટો સવાલ છે. બીજી તરફ સસ્પેન્ડ કરાયેલા ધનાલીનો હેલ્થ વર્કર શહેઝાદ અજમેરી સામે આવ્યો છે. આ સમગ્ર મામલે તેને ફસાવાયો હોવાનો શહેઝાદ અજમેરી દાવો કરી રહ્યો છે. નવી શેઢાવીના આરોગ્યકર્મી ઝહીર સોલંકી પર ગંભીર આક્ષેપ કર્યા છે. નસબંધી કરાયેલ યુવકને ઝહીર સોલંકી જ લાવ્યો હોવાનું શહેઝાદે જણાવ્યુ છે.

## દાહોદના રેલવે કોલોનીમાં ગેરકાયદેસર ગેસ રિફિલિંગના નેટવર્કનો પર્દાફાશ

। (એજન્સી) દાહોદ, તા.૮ ।

દાહોદમાં રેલવે કોલોનીમાં આવેલા સરકારી ક્વાટરમાં ગેરકાયદેસર ગેસ રિફિલિંગના રેકેટનો પર્દાફાશ થયો છે. દાહોદ મામલતદાર તેમજ પુરવઠાની ટીમે બાતમીના આધારે શહેરના પરેલ વિસ્તારમાં આવેલા રેલવે ક્વાટર્સ તેમજ ભોઈવાડા સ્થિત નજમી મહોલ્લામાં દરોડા પાડી ૨૩ જેટલા ગેસ સિલિન્ડરો તેમજ ગેસ રિફિલિંગ કરવા માટેની મોટર તથા પાઈપ સહિતનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દાહોદમાં છેલ્લા કેટલાય સમયથી ગેરકાયદેસર ગેસ રિફિલિંગનું રેકેટ ચાલી રહ્યું હતું જેની બાતમી દાહોદ મામલતદાર તેમજ પુરવઠા વિભાગને મળતા પુરવઠા વિભાગના ઈન્સ્પેક્ટર હાર્દિક જોશી, શૈલેષભાઈ, દુષ્યંતભાઈ ગરાસીયા, તેમજ દાહોદ મામલતદાર પ્રદિપસિંહ ગોહિલ સહિતની ટીમે દાહોદ શહેરના પરેલ વિસ્તારમાં આવેલા જરેલવે ક્વાટર્સ નંબર ઈ૭૮૭ ઠાકોર તેજવીરસિંહ પંચમસિંહના ત્યાં દરોડા પાડી ગેરકાયદેસર ગેસ રિફિલિંગ કરવાની પાઈપ મોટર તેમજ ઘરેલુ ગેસના ૯ ભરેલા અને ૪ ખાલી તેમજ ત્રણ ભરેલા કોમર્શિયલ ગેસ સિલિન્ડર સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. તેવી જ રીતે શહેરના ભોઈવાડા વિસ્તારમાં આવેલા નજમી મોહલ્લામાં કુતુબુદીન નામના ઈસમના ઘરે દરોડા પાડી ૫ ઘરેલુ ગેસના તેમજ ૨ કોમર્શિયલ સિલિન્ડર મળી કુલ ૨૩ જેટલા ગેસ સિલિન્ડર જપ્ત કરી જે તે ગેસ એજન્સીમાં જમા કરાવી ઉપરોક્ત બંને ઈસમો સામે મામલતદાર દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સસરા, સાળા અને જમાઈ વચ્ચે ઘર્ષણ

## અમદાવાદમાં છૂટાછેડાની અદાવત રાખીને જમાઈ પર જીવલેણ હુમલો

### આ ઘટનાના વિડિઓ વાયરલ થયો છે લાકડી અને છરીથી હુમલો કરતા જમાઈ અને સાળો ઘાયલ થયા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

નરોડામાં છૂટાછેડાની તકરારમાં સસરા, જમાઈ અને સાળા વચ્ચે ઘર્ષણ થયાના સમાચાર મળી રહ્યા છે. જમાઈએ દીકરીને સામાજિક છૂટાછેડા આપી દેતા વિવાદ ચાલતો હતો. આ વિવાદના સમાધાન કરવા મુદ્દે બંને પક્ષએ એકબીજા પર હુમલો કર્યો છે. નરોડા પોલીસે ક્રોસ ફરિયાદ નોંધીને એક આરોપીની ધરપકડ કરી છે. અમદાવાદમા પતિએ બે બાળકો સાથે પત્નીને છૂટાછેડા આપતા ઘર્ષણ થયું છે. જમાઈ, સસરા અને સાળા વચ્ચે મારામારી થઈ હતી.

આ ઘટનાના વિડિઓ વાયરલ થયો છે. લાકડી અને છરીથી હુમલો કરતા જમાઈ અને સાળો ઘાયલ થયા હતા. પોલીસ કસ્ટડીમાં જોવા મળતા આરોપી રમેશજી વણઝારા છે. જેમની જમાઈ ખેતાનજી વણઝારા પર હુમલો કરવાના કેસમાં ધરપકડ કરવામાં આવી છે.

ઘટનાની વાત કરીએ તો આરોપી રમેશજીની દીકરી સુનિતા સાથે જમાઈ ખેતાનજીએ સામાજિક છૂટાછેડા લઈ લીધા હતા. જેનો વિવાદ ચાલી રહ્યો હતો. સસરા રમેશજી વણઝારા, બે સાળા વિશાલ અને મહેન્દ્ર એ વિવાદનું સમાધાન કરવા નરોડા GIDC નજીક મળ્યા હતા.પરંતુ વિવાદ વધતા એકબીજા પર હુમલો કર્યો હતો. જેમાં ખેતાનજી અને તેમનો સાળો ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાનો વિડિઓ સોસીયલ મીડિયા પર વાયરલ થયો હતો.. જેથી નરોડા પોલીસે પારિવારિક ઝઘડા અને મારામારી કેસમાં બંન્ને પક્ષની ફરિયાદ નોંધાઈ છે.અને સસરા રમેશજીની ધરપકડ કરી છે.આ વિવાદો અને ઝઘડા વચ્ચે એક મહિલા પોતાની જિંદગી અને બાળકો માટે ન્યાય માંગી રહી છે અને પોતાનો શું વાંક છે તે પોલીસ અને કાયદાને સવાલ પૂછે છે. ૧૦ વર્ષનો લગ્ન જીવનના તેના પતિએ અંત લાવી દીધો. વાંક એટલો જ કે તેના પતિ ખેતાનજીને હવે તેની સાથે મનમેળ નહોતું. આ મહિલા પતિ અને પિતા વચ્ચે ના ઝઘડામાં પોતાનો વાંક શોધી રહી છે.


## ભગવાનના ભંડારમાં 34 કરોડ ૯૧ લાખ રૂપિયાથી વધારે રકમ મળી


। (એજન્સી) ચિતોડગઢ, તા.૮ ।


રાજસ્થાનના ચિતોડગઢ જિલ્લામાં સ્થિત કૃષ્ણા ધામ સાંવલિયા શેઠ મંદિરમાં છઠ્ઠા દિવસે દાનની ગણતરી કરવામાં આવી, જેમાં ભગવાનના ભંડારમાં ૩૪ કરોડ ૯૧ લાખ રૂપિયાથી વધારે રકમ મળી છે. આ દરમિયાન અઢી કિલોથી વધારે સોનું અને આશરે ૧૮૮ કિલો ચાંદી પણ દાનમાં મળ્યું છે. મંદિરમાં આ દાનનો અત્યાર સુધીનો સૌથી મોટો રેકોર્ડ છે. જ્યાં શ્રદ્ધાળુઓ પોતાની આસ્થા સાથે દાન કરે છે અને મંદિરમાં આ પરંપરા શ્રદ્ધાળુઓના વિશ્વાસનું પ્રતીક બની ચુકી છે. મળતી માહિતી મુજબ, છેલ્લા ૬ દિવસથી સતત રહેલાં દાનની ગણતરી કરવામાં આવી રહી હતી. જેમાં ભગવાનના ભંડારમાં ૩૪, ૯૧,૯૫,૦૦૮ રૂપિયા નીકળ્યા છે. આ સિવાય અઢી કિલોથી વધારે સોનું અને ૧૮૮ કિલો ચાંદી મળી છે.

# જળશક્તિ મંત્રીશ્રી સી. આર. પાટીલના અધ્યક્ષસ્થાને નવસારીના એરૂ ખાતે સુરત ઝોન કક્ષાનો ભૂલકાં મેળો-૨૦૨૪ યોજાયો

### કુપોષણ મુક્ત નવસારી ફેઝ-૪ હેઠળ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પ૨૮ ભુલકાઓને પોષણ કીટ વિતરણ તેમજ ગરમ પોશાક વિતરણ કરાયું





। (માહિતી) અમદાવાદ ।

કુપોષણ મુકત નવસારી ફેઝ-૩ હેઠળ ઉચ્ચ કક્ષાની કામગીરી કરનાર આંગણવાડી વર્કરોને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરાયા આજરોજ નવસારી જિલ્લાના દયાળજી પાર્ટી પ્લોટ, ગાંધી સ્મૃતિ ફાટક નજીક, એરૂ ખાતે આઈસીડીએસ શાખા, નવસારી સહિત વિભાગીય નાયબ નિયામક સુરત ઝોનના સંયુકત ઉપક્રમે "પા પા પગલી પ્રોજેકટ અંતર્ગત'' ભૂલકાં મેળો-૨૦૨૪ તથા કુપોષણ મુકત નવસારી ફેઝ-૪ હેઠળ પોષણ કીટ વિતરણ તેમજ ગરમ પોશાક વિતરણ'' કાર્યક્રમ ભારત સરકારના જળશક્તિ મંત્રીશ્રી, સી.આર.પાટીલના અધ્યક્ષ સ્થાને તથા જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પરેશભાઈ દેસાઈ સહિત વિવિધ ધારાસભ્યશ્રીઓ તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતીમાં યોજાયો હતો. એરૂ ખાતે યોજાયેલા ભૂલકાં મેળામાં ૩ થી ૬ વર્ષના આંગણવાડીના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. 'પા પા પગલી' યોજના અંતર્ગત પીએચસી ઈન્ટ્રક્ટરો દ્વારા કુલ-૮ તથા આંગણવાડી બહેનો દ્વારા અલગ અલગ કુલ-૦૮ જેટલી મનોરંજક કૃતિઓ તૈયાર કરી મહાનુભાવો સમક્ષ રજુ કરી હતી. આ ઉપરાંત વિવિધ થીમ પ્રમાણે બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને રાખીને તૈયાર કરવામાં આવેલ ટીચિંગ લર્નિંગ મટીરીયલ બનાવી બાળકોને રમત-ગમત સાથે સરળતાથી જ્ઞાન આપવાની રચનાત્મક પ્રવૃત્તિઓ અંગે સ્ટોલ પ્રદર્શન કરાયા હતા. સુરત ઝોન કક્ષાના આ ભુલકા મેળામાં કુલ-૭ જેટલા જિલ્લાઓ જેમાં નવસારી, ડાંગ, વલસાડ, ભરૂચ, તાપી, નર્મદા, સુરત અર્બન અને સુરત ગ્રામ્ય દ્વારા ભાગીદારી નોંધાવામાં આવી હતી. ઝોન કક્ષાએ વિજેતા થયેલી કૃતિઓને રાજ્યકક્ષાએ રજુ કરવામાં આવશે. આ પ્રસંગે કુપોષણ મુકત નવસારી ફેઝ-૪ હેઠળ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ૫૨૮ ભુલકાઓને પોષણ કીટ વિતરણ તેમજ ગરમ પોશાક વિતરણ કરાયું હતું. આ સાથે કુપોષણ મુકત નવસારી ફેઝ-૩ હેઠળ ઉચ્ચ કક્ષાની કામગીરી કરનાર આંગણવાડી વર્કરોને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરાયા હતા. ઉલ્લેખનીય છે કે, બાળકના સર્વાંગી વિકાસ અને ડેવલોપમેન્ટ એસેસમેન્ટ અંગે વાલીઓ માહિતી મેળવી ઘરમાં તે અંગેનું વાતાવરણ પૂરું પાડે, આંગણવાડી કાર્યકર બહેનો ડેવલોપમેન્ટ એસેસમેન્ટ અને અભ્યાસક્રમ આધારીત શીખવા-શીખવવાની સામગ્રી અંગે માહિતી મેળવે અને તેના યોગ્ય ઉપયોગની સમજણ મેળવે, બાળકોના મુક્ત આનંદ અને સર્વાંગી વિકાસમાં ઉપયોગી વિવિધ પ્રવૃતિઓનો અનુભવ મળે તેમજ બાળકોને આંગણવાડીમાં નિયમિત આવવા બાબતે ઉત્સાહ અને રસ કેળવાય તે ઉદેશો સાથે ભૂલકાં મેળા યોજવામાં આવે છે. ભૂલકા મેળામાં વિવિધ ધારાસભ્યશ્રીઓ, જિલ્લા કલેક્ટરશ્રી ક્ષિપ્રા આગ્રે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પલતા, નવસારી જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી કોમલ ઠાકોર, જિલ્લા તાલુકાના વિવિધ પદાધિકારીઓ, અલગ અલગ જિલ્લાથી ભુલકા મેળામાં સહભાગી થવા આવેલા આંગણવાડી વર્કર અને બાળકો તથા વાલીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### અખિલેશ યાદવે ડિજિટલ અરેસ્ટની વધતી ઘટનાઓ પર પ્રશ્નો ઉઠાવ્યા

। (એજન્સી) લખનઉ, તા. ૮ ।

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે ડિજિટલ અરેસ્ટની વધતી ઘટનાઓ પર ચિંતા વ્યક્ત કરતા સરકાર પર પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે, "આવી ઘટનાઓમાં લોકોને માત્ર પોલીસની વર્દી પહેરીને જ નહીં પરંતુ પોલીસ સ્ટેશન બતાવીને ધમકાવવામાં આવે છે. શું આમાં સરકારની કોઈ મિલીભગતછે." નોઈડાના એક પરિવારની ડિજિટલ અરેસ્ટ અને પૈસાની વસૂલાતની ઘટનાનો ઉલ્લેખ કરતા SP પ્રમુખે તમામ પૈસા પરત કરવાની અપીલ કરી. અખિલેશ યાદવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું કે, ડિજિટલ અરેસ્ટ જેવી છેતરપિંડીના માધ્યમથી કોઈ નકલી વર્દીમાં પોલીસ બનીને વાત જ કરતો નથી પરંતુ વીડિયો પર ખોટું પોલીસ સ્ટેશન બનાવી, દેખાડી અને ધમકાવી ઓનલાઈન રૂપિયા પણ વસૂલી લે છે. શું ભાજપ સરકાર આ 'ડિજિટલ ઈન્ડિયા' વિકસાવવાની વાત કરે છે? ઉત્તર પ્રદેશ પોલીસ (વાસ્તવિક પોલીસ)ને અપીલ છે કે, તેઓ નોઈડામાં છેતરપિંડી કરાયેલા પરિવારના સમગ્ર નાણાં પરત કરે અને છેતરપિંડી કરનારાઓને પકડે. નહીં તો જનતા પોતાનું સૂત્ર આપશે.

### દેશમાં ખુલશે ૮૫ કેન્દ્રીય અને ૨૮ નવોદય વિદ્યાલય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

કેન્દ્રીય કેબિનેટે બે મોટા નિર્ણય લીધા છે. સરકારે દેશભરમાં ૮૫ નવી કેન્દ્રીય વિદ્યાલય ખોલવાનો નિર્ણય કર્યો છે. આ સાથે દેશભરમાં ૨૮ નવી નવોદય સ્કૂલ પણ ખોલવામાં આવશે. કેબિનેટના આ નિર્ણયથી દેશભરના ૮૦ હજારથી વધુ છાત્રોને ફાયદો મળશે. આ સિવાય કેબિનેટે દિલ્હી મેટ્રોના ફેઝ-૪માં રિઠાલા-નરેલા-કુંડલી કોરિડોરને મંજૂરી આપી છે. મોદી કેબિનેટે દેશભરમાં ૮૫ નવી કેન્દ્રીય વિદ્યાલય ખોલવાનો નિર્ણય કર્યો છે. સરકારના આ નિર્ણયથી ૮૨૫૬૦ વિદ્યાર્થીઓને ફાયદો થશે. આ સિવાય ૫૩૮૮ નવી નોકરીઓ ઉભી થશે. તે માટે સરકારે ૫૮૭૨ કરોડ રૂપિયાની મંજૂરી આપી છે. આ સિવાય સરકારે ૨૮ નવી નવોદય વિદ્યાલય ખોલવાને પણ મંજૂરી આપી છે. આ સ્કૂલોથી ૧૫૬૮૦ વિદ્યાર્થીઓને લાભ થશે. નવી કેન્દ્રીય અને નવોદય વિદ્યાલયો માટે કુલ ૮૨૩૨ કરોડ રૂપિયાના બજેટને મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્રીય કેબિનેટે દિલ્હી મેટ્રોના ફેઝ-૪ના રિઠાલા-નરેલા-કુંડલી કોરિડોરને મંજૂરી આપી છે. જૂનમાં ત્રીજીવાર સરકાર બન્યા બાદ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખાસ ફોકસ કરવામાં આવ્યું છે. સરકારે સાડા ૯ કરોડ રૂપિયાના નિર્ણયો કર્યાં છે. ૨૦૨૪ પહેલા પાંચ શહેરોમાં મેટ્રો શરૂ થઈ શકી હતી, હવે ૨૩ શહેરોમાં મેટ્રો પહોંચી ગઈ છે. ૨૦૧૪ પહેલા જ્યાં માત્ર ૨૪૮ કિમી મેટ્રો બની હતી, હવે ત્રણ ગણાથી વધુ કિલોમીટર મેટ્રો બની છે.

### આ વર્ષે શાકાહારી થાળી ૭ ટકા મોંઘી થઈ ગઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

મધ્યમ વર્ગને પડ્યો મોંઘવારીનો વધુ એક માર પડ્યો છે. નવા વર્ષની શરૂઆત થઈ રહી છે, અને ૨૦૨૪ નું વર્ષ વિદાય લઈ રહ્યું છે ત્યારે આ વર્ષે શાકાહારી થાળી ૭ ટકા મોંઘી થઈ ગઈ છે. રેટિંગ એજન્સી ક્રિસિલના રિપોર્ટમાં નવા આંકડા સામે આવ્યા છે. જાન્યુઆરીની સરખામણીએ નવેમ્બરમાં થાળીના ભાવ ૭ ટકા વધ્યા છે. ટામેટા અને બટાકાના ભાવ વધતા પડી અસર છે. આ વર્ષે ટામેટાના ભાવમાં ૩૫ ટકા, બટાકાના ભાવમાં ૫૦ ટકાનો વધારો થયો છે. દાળની કિંમતમાં ૧૦ ટકા વધારો થતા થાળીના ભાવ પર અસર પડી છે. જો તમે શાકાહારી છો તો હવેથી તમને બહાર ખાવા માટે વધુ ખર્ચ કરવો પડશે. જો તમે નોન-વેજીટેરિયન હોવ તો તે થોડું ઓછું મોંઘું પડશે. પરંતુ એક વાત ચોક્કસ છે કે તમારી જમવાની પ્લેટ મોંઘી થઈ ગઈ છે. નવેમ્બર મહિનામાં જ તમારી વેજ થાળી સાત ટકા અને નોનવેજ થાળી બે ટકા મોંઘી થઈ ગઈ છે. જે બરાબર એક વર્ષ પછી નવેમ્બર ૨૦૨૪માં ૩૫ ટકા વધીને રૂ. ૫૩ પ્રતિ કિલો થઈ ગયો. તે જ સમયે, બટાકાની કિંમત પણ ૫૦ ટકા વધીને ૨૫ રૂપિયા પ્રતિ કિલોથી વધીને ૩૭ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. રેટિંગ એજન્સી ક્રિસિલે પોતાનો રિપોર્ટ જાહેર કરતી વખતે કહ્યું કે, આ ખાદ્ય ફુગાવો ટામેટાં અને બટાકાની કિંમતોમાં વધારાને કારણે થયો છે. વેજ થાળીની કિંમત એક વર્ષ પહેલા ૩૦.૫ રૂપિયાથી વધીને ૩૨.૭ રૂપિયા થઈ ગઈ છે.

### સીરિયામાં બગડતી પરિસ્થિતિને કારણે ભારતે નાગરિકોને મુસાફરી મોકૂફ રાખવાની સલાહ આપી છે

# સીરિયામાં રહેતા ભારતીયોને ચેતવણી જારી કરવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

વિદ્રોહીઓ સીરિયામાં સતત પ્રગતિ કરી રહ્યા છે. આને ધ્યાનમાં રાખીને ભારતે પોતાના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે તમામ ભારતીયોએ 'નવી માહિતી ન આવે ત્યાં સુધી તેમની સીરિયાની યાત્રા સંપૂર્ણપણે ઝમુલતવી રાખવી જોઈએ.' વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં ઈમરજન્સી હેલ્પલાઈન અને ઈમેલ આઈડી પણ શેર કર્યો છે. મંત્રાલયે સીરિયામાં રહેતા તમામ ભારતીયોને રાજધાની દમાસ્કસમાં ભારતીય દૂતાવાસના સંપર્કમાં રહેવાની અપીલ કરી છે. ભારતે એમ પણ કહ્યું છે કે જેઓ તુરંત જ જવાની સ્થિતિમાં છે તેઓ વહેલામાં વહેલી તકે કોમર્શિયલ ફ્લાઈટ્સ દ્વારા સીરિયા છોડી દે. નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, 'જેઓ આવું કરી શકતા નથી તેમને સલાહ આપવામાં આવે છે કે તેઓ તેમની સલામતી અંગે ખૂબ કાળજી રાખે અને તેમની પ્રવૃત્તિઓને ન્યૂનતમ સુધી મર્યાદિત કરે.' ઈમરજન્સી હેલ્પલાઈન નંબર દમાસ્કસમાં ભારતીય દૂતાવાસનો છે. આ નંબર ૯૬૩ ૯૯૩૩૮૫૯૭૩ છે. તેનો ઉપયોગ WhatsApp પર પણ કરી શકાય છે. આ સિવાય ઈમરજન્સી ઈમેલ આઈડી પણ આપવામાં આવ્યું છે. -hoc.damascus@mea.gov.in. જ્યારે દૂતાવાસ દ્વારા સંપર્ક કરવામાં આવશે ત્યારે અપડેટ્સ શેર કરવામાં આવશે, સલાહકારે જણાવ્યું હતું. કેન્દ્રમાં



આવેલા સીરિયાના ત્રીજા સૌથી મોટા શહેર હોમ્સમાંથી હજારો લોકો ભાગી ગયા છે. દેશના સૌથી મોટા શહેર એલેપ્પોના મોટા ભાગના વિસ્તાર પર કબજો કર્યા પછી, બળવાખોરોએ ગુરુવારે મધ્ય સીરિયન શહેર હોમ્સ પર પણ મોટા પાયે કબજો કરી લીધો છે. વિદ્રોહીઓએ રાષ્ટ્રપતિ બશર અલ-અસદ વિરુદ્ધ તેમના અભિયાનમાં સંભવિત રીતે મોટા હુમલા માટે તૈયારી કરી લીધી છે. એક દિવસ પહેલા જ વિદ્રોહીઓએ સીરિયાના ચોથા સૌથી મોટા શહેર હમા પર કબજો કરી લીધો હતો. સેનાએ કહ્યું હતું કે તે શહેરની અંદર લડાઈ ટાળવા અને નાગરિકોના જીવ બચાવવા માટે ત્યાંથી હટી ગઈ છે. જેહાદી હયાત તહરિર અલ-શામ જૂથની આગેવાની હેઠળના બળવાખોરોએ હોમ્સ અને રાજધાની દમાસ્કસ પર કૂચ કરવાનું વચન આપ્યું છે. ઓનલાઈન ફરતા વીડિયોમાં હાઈવે પર મોટી સંખ્યામાં કાર જોવા મળી હતી. આ કાર હોમ્સ શહેરમાંથી ભાગી રહેલા લોકોને લઈ જઈ રહી હતી. ઈરાન, ઈરાક અને સીરિયાના વિદેશ પ્રધાનો, ત્રણ નજીકના સાથી, ઝડપથી બદલાતા યુદ્ધ અંગે ચર્ચા કરવા શુક્રવારે બગદાદમાં ભેગા થયા હતા. ઈરાકના વિદેશ પ્રધાન ફવાદ હુસૈને "ઊંડી ચિંતા" વ્યક્ત કરી અને કહ્યું કે તેમની સરકાર સીરિયાની સ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે. સીરિયાના વિદેશ મંત્રી બસમ સબ્બાગે કહ્યું કે વર્તમાન ઘટનાક્રમ 'સમગ્ર વિસ્તારની સુરક્ષા માટે ગંભીર ખતરો' ઉભો કરી શકે છે. બ્રિટન સ્થિત સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સ અનુસાર, શુક્રવારે વિદ્રોહી લડવૈયાઓએ હોમ્સથી પાંચ કિલોમીટર દૂર આવેલા રસ્તાન અને તાલબીસેહ શહેરો પર કબજો કરી લીધો હતો. ઓબ્ઝર્વેટરીના વડા રામી અબ્દુર્રહમાને કહ્યું, 'હોમ્સનું યુદ્ધ તમામ સંઘર્ષનું મૂળ કેન્દ્ર છે અને તે નક્કી કરશે કે સીરિયા પર કોણ શાસન કરશે.

### અજિત પવારને કોર્ટ તરફથી સૌથી મોટી રાહત

# આવકવેરા વિભાગે જપ્ત કરેલી સંપત્તિ છોડવાનો આદેશ આપ્યો

**૨૦૨૧માં આવકવેરા વિભાગે ઘણી જગ્યાએ દરોડા પાડ્યા હતા અને ઘણા દસ્તાવેજો મળ્યા**

। (એજન્સી) મુંબઈ, તા.૮ ।

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજીત પવારને મોટી રાહત મળી છે. એનસીપી નેતા અજીત પવારની જપ્ત થયેલી સંપત્તિઓને આવકવેરા વિભાગે મુક્ત કરી દીધી છે. દિલ્હીની બેનામી ટ્રિબ્યુનલ કોર્ટે શુક્રવારે ચુકાદો આપતા અજીત પવારની સીઝ કરવામાં આવેલી સંપત્તિઓને રિલીઝ કરી દીધી છે. ૦૭.૧૦.૨૦૨૧ ના રોજ, આવકવેરા વિભાગે વિવિધ કંપનીઓ પર દરોડા પાડ્યા હતા, જેમાં કેટલાક દસ્તાવેજો મળી આવ્યા હતા જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે કેટલીક મિલકતો અજિત પવાર અને તેમના પરિવારની બેનામી સંપત્તિ હતી. દિલ્હી સ્થિત બેનામી એપેલેટ ટ્રિબ્યુનલે આ આરોપોને ફગાવી દીધા હતા અને આ અસ્વીકાર સામેની આવકવેરા અપીલ પણ બેનામી



ટ્રિબ્યુનલ દ્વારા ૦૫.૧૧.૨૦૨૪ના રોજ ફગાવી દેવામાં આવી હતી. ઈન્કમટેક્સે અજિત પવાર, પુત્ર પાર્થ પવાર અને પત્ની સુનેત્રા પવારની સંપત્તિ જપ્ત કરી હતી, કોર્ટે મિલકત છોડવાનો આદેશ આપ્યો હતો. અજિત પવારે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધાના એક દિવસ બાદ ટ્રિબ્યુનલનો આ નિર્ણય આવ્યો છે. મહાયુતિ ગઠબંધને વિધાનસભા ચૂંટણીમાં ભારે જીત મેળવી હતી અને સરકાર ગઠનમાં ગતિરોધ જોવા મળ્યો હતો. ત્યારબાદ ગુરૂવારે મહારાષ્ટ્રમાં નવી સરકારે શપથ લીધા હતા. ૫ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ, ટ્રિબ્યુનલે આવકવેરા વિભાગ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલને ફગાવીને તેના સ્ટેન્ડની પુષ્ટિ કરી, જેથી તેના અગાઉના નિર્ણયને સમર્થન આપ્યું. આ નિર્ણય સાથે, આવકવેરા સત્તાવાળાઓ દ્વારા અગાઉ જપ્ત કરવામાં આવેલી મિલકતોને મુક્ત કરવામાં આવી છે. ઓક્ટોબર, ૨૦૨૧માં અધિકારીઓએ બેનામી પ્રોપર્ટી પ્રિવેન્શન એક્ટ (PBPP)હેઠળ ૧,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના મૂલ્યની સંપત્તિઓ જપ્ત કી હતી. આ કાર્યવાહીમાં મહારાષ્ટ્ર અને મુંબઈમાં અજિત પવાર સાથે જોડાયેલા લોકોના આવાસો અને કાર્યાલયોમાં સર્ચ કરવામાં આવ્યું હતું, જેમાં તેના સંબંધીઓ, બહેન અને નજીકના સહયોગી સામેલ હતા.

# હવે બોગસ એકાઉન્ટ ઉપર સર્જિકલ સ્ટ્રાઈક કરવા તૈયારી

**નકલી એકાઉન્ટને શોધવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં આવશેઃ આના દ્વારા બેંકિંગ ફ્રોડ અટકશે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

સરકારે બેંકોમાં નકલી ખાતાઓ પર કડક કાર્યવાહી કરવાની તૈયારી કરી લીધી છે. નકલી એકાઉન્ટને શોધવા માટે હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં આવશે. આના દ્વારા બેંકિંગ ફ્રોડ અટકશે. આ સાથે બેંકમાં હાજર નકલી બેંક ખાતાઓ વિશે પણ માહિતી મળશે. નાણા મંત્રાલયે શુક્રવારે બેંકો અને નાણાકીય સંસ્થાઓને વધતી નાણાકીય છેતરપિંડીઓને રોકવા માટે ભારતીય રિઝર્વ બેંકના 'MuleHunter.AI' સહિત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાધનોનો ઉપયોગ કરવા જણાવ્યું હતું. આનો ઉપયોગ કરીને, બેંકમાં હાજર નકલી ખાતાઓની માહિતી મિનિટોમાં ઉપલબ્ધ થઈ જશે. ફાઈનાન્શિયલ સર્વિસીસ સેક્રેટરી એમ નાગરાજુની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં બેંકોને શ્રેષ્ઠ પદ્ધતિઓ અપનાવવા, અત્યાધુનિક સાધનોનો લાભ લેવા અને ખચ્ચર (બનાવટી) ખાતાઓ સાથે વ્યવહાર કરવા બેંકો વચ્ચે સહકાર વધારવા જણાવ્યું હતું. ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈનાન્શિયલ સર્વિસિસ (DFS) એ ટ્વિટર પર પોસ્ટ કર્યું હતું કે, નાગરિકોની મહેનતથી કમાયેલા નાણાંને બચાવવા માટે સક્રિય પગલાં લેવા જોઈએ. તેમણે કહ્યું કે આ આપણી સહિયારી જવાબદારી છે. અગાઉના દિવસે, આરબીઆઈએ બેંકોને તેની પહેલ MuleHunter.ai ને સહકાર આપવા જણાવ્યું હતું જેથી નાણાકીય છેતરપિંડી માટે ઉપયોગમાં લેવાતા ખચ્ચર ખાતા (બનાવટી ખાતા) દૂર કરવામાં આવે. ખચ્ચર ખાતું એ એક બેંક ખાતું છે જેનો ઉપયોગ ગુનેગારો દ્વારા ગેરકાયદેસર રીતે નાણાંની લોન્ડરિંગ કરવા માટે કરવામાં આવે છે. આ ખાતા ખોલાવીને બેનામી વ્યક્તિઓ લોકો સાથે છેતરપિંડી કરે છે અને તેમાં પૈસા જમા કરાવે છે. આ ખાતાઓમાંથી મની ટ્રાન્સફર ટ્રેસ અને ટ્રેસ કરવા મુશ્કેલ છે.

નકલી એકાઉન્ટનો ઉપયોગ સાયબર છેતરપિંડી અને ગેરકાયદેસર ગતિવિધિઓમાંથી કમાયેલા નાણાંને ડાયવર્ટ કરવા માટે થાય છે.

આ માટે દુષ્ટ ગુનેગારો યુપીઆઈનો ઉપયોગ કરે છે, આ દ્વારા તેઓ બેંકમાં ગયા વિના મિનિટોમાં એક ખાતામાંથી બીજા ખાતામાં પૈસા ટ્રાન્સફર કરે છે.



નવી દિલ્હીમાં સશસ્ત્ર દળ ધ્વજ દિવસ નિમિત્તે આર્મ્ડ ફોર્સીસ ફ્લેગ ડે ફંડમાં કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહએ યોગદાન આપ્યું.

# કેન્દ્રીય સંરક્ષણ રાજ્યમંત્રી પાસે ૫૦ લાખની ખંડણી માંગવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી સંજય શેઠને અજાણ્યા શખસો તરફથી ધમકી મળી છે. એક અજાણી ટોળકીએ કેન્દ્રીય સંરક્ષણ રાજ્ય મંત્રી પાસેથી ૫૦ લાખ રૂપિયાની ખંડણીની માંગણી કરી છે. ખુદ રક્ષા રાજ્ય મંત્રીએ આજતક સાથે ફોન પર વાત કરતા કહ્યું કે શુક્રવારે સાંજે તેમના મોબાઈલ ફોન પર ૫૦ લાખ રૂપિયાની ખંડણી માંગતો ધમકીભર્યો મેસેજ આવ્યો હતો. શેઠે કહ્યું કે તેમણે શુક્રવારે સાંજે જ દિલ્હીના ડીસીપીને આ અંગે જાણ કરી હતી. ડીસીપી તેમને મળ્યા હતા. જે બાદ મામલાની તપાસ કરવામાં આવી રહી છે. પ્રાથમિક તપાસમાં જે મોબાઈલથી મેસેજ મોકલવામાં આવ્યો હતો તે રાંચીના કાંકેનો હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ, શુક્રવારે બપોરે લગભગ ૪ વાગ્યે સંરક્ષણ રાજ્ય મંત્રી સંજય શેઠને તેમના મોબાઈલ પર આ ધમકીભર્યો સંદેશ મળ્યો હતો. આ મેસેજમાં તેની પાસેથી ૫૦ લાખ રૂપિયાની ખંડણી માંગવામાં આવી છે. ખુદ રક્ષા રાજ્ય મંત્રીએ કહ્યું કે આ મામલે ઝારખંડના ડીજીપી અનુરાગ ગુપ્તાને પણ ફરિયાદ કરવામાં આવી છે. શેઠે કહ્યું કે પોલીસ સંપૂર્ણ સહકાર આપી રહી છે.

### પીડિત પરિવારને જલ્દી મળવાનું વચન આપ્યું

# ફિલ્મ પુષ્પા-૨ના પ્રીમિયર પર નાસભાગમાં મહિલાના મૃત્યુ પર અલ્લુએ દુઃખ વ્યક્ત કર્યું

। (એજન્સી) હૈદરાબાદ, તા.૮ ।

ફિલ્મ "પુષ્પા ૨" થીયેટરોમાં ધૂમ મચાવી રહી છે. ફિલ્મે બીજા દિવસે ૨૬૫ કરોડની કમાણી કરી લીધી છે. જો કે લોકો ફિલ્મના વખાણ કરી રહ્યા છે, પરંતુ ૪ ડિસેમ્બરે હૈદરાબાદમાં ફિલ્મના પ્રીમિયર દરમિયાન સંધ્યા થિયેટરમાં મચેલી નાસભાગમાં એક મહિલાનું મૃત્યુ થયું હતું અને એક બાળક ગંભીર રીતે ઘાયલ થયું હતું, જેની સારવાર ચાલી રહી છે. આ મામલે અલ્લુ અર્જુન, તેની સુરક્ષા એજન્સી અને થિયેટર સામે કેસ નોંધવામાં આવ્યો હતો. હવે પહેલીવાર પુષ્પરાજે આ મામલે પોતાનું મૌન તોડ્યું છે. અલ્લુ અર્જુન મહિલાના મૃત્યુથી ખૂબ જ દુઃખી છે. વીડિયો શેર કરીને અલ્લુ અર્જુને મૃતક મહિલાના પરિવારને સપોર્ટ કરવાની વાત કરી છે અને કહ્યું છે કે, તેનું હૃદય ખરાબ રીતે તૂટી ગયું છે. સુપરસ્ટારનું આ નિવેદન તેની સામે કેસ નોંધાયા બાદ આવ્યું છે. તેણે પીડિત પરિવારને જલ્દી મળવાનું વચન આપ્યું છે. ૪ ડિસેમ્બરે, અલ્લુ અર્જુનના સંધ્યા




થિયેટરમાંથી બહાર નીકળ્યા બાદ ફાટી નીકળેલી નાસભાગમાં એક મહિલાનું મૃત્યુ થયું હતું જ્યારે મહિલાનો પુત્ર ગંભીર રીતે ઘાયલ થયો હતો. મૃતકના પતિ મોગાદમપલ્લીએ ઘટના માટે અલ્લુ અર્જુનને જવાબદાર ગણાવ્યો હતો. તેણે કહ્યું હતું કે, જો અલ્લુ અર્જુન અને તેની ટીમ તેને જાણ કરીને થિયેટરમાં આવી હોત તો ન તો તેમના પત્નીનું મૃત્યુ થયું હોત અને ન તો તેમના પુત્રની આવી હાલત થઈ હોત. કેસ નોંધાયા બાદ અલ્લુ અર્જુને X પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તે કહી રહ્યો છે કે, તે મહિલાના પરિવારને વ્યક્તિગત રીતે મળશે. અભિનેતાએ એમ પણ કહ્યું કે, આ મુશ્કેલ સમયમાં મહિલાનો પરિવાર એકલો નથી. તે તેમની સાથે ઉભો છે. અલ્લુ અર્જુને એમ પણ કહ્યું કે, તે આ લોકો માટે જે પણ કરી શકશે તે કરશે. તે તેમની સાથે ઊભો રહેશે. આ સાથે તેણે કહ્યું કે, તે મૃતક મહિલાના પરિવારને ૨૫ લાખ રૂપિયાનું વળતર આપશે. સારવાર અને દવાઓનો તમામ ખર્ચ પણ અમે ઉઠાવીશું. સંધ્યા થિયેટરમાં બનેલી ઘટના બાદ મૃતક મહિલાના પરિવારજનોએ ચિક્કાડપલ્લી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાવ્યો છે. BNS એક્ટની કલમ ૩(૫) સાથે કલમ ૧૦૫ અને ૧૧૮(૧) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. સેન્ટ્રલ ઝોનના DCP અક્ષંશ યાદવે કહ્યું કે, ફરિયાદ અનુસાર થિયેટર મેનેજમેન્ટ, અલ્લુ અર્જુન અને તેની સુરક્ષા ટીમને આરોપી બનાવવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે અમારે ઓળખવું પડશે કે તેમની સુરક્ષા ટીમમાં કોણ હાજર હતું અને કોણે લોકોને ધક્કો માર્યો, જેના કારણે આ સ્થિતિ સર્જાઈ. અધિકારીએ વધુમાં કહ્યું કે, અમે ત્યાં તૈનાત હતા અને પોલીસ તરફથી કોઈ ભૂલ થઈ નથી. તપાસ ચાલુ છે.

### બસપા સુપ્રીમો માયાવતીએ વિપક્ષને ઘેર્યો

# સંભલની આડમાં મુસ્લિમ મતદારોને આકર્ષવાનો પ્રયાસ

**સંસદમાં વિપક્ષ રાષ્ટ્રીય અને જાહેર હિતના મુદ્દા ઉઠાવી રહ્યો નથી : બીએસપી સુપ્રીમો માયાવતીની પ્રતિક્રિયા**

। (એજન્સી) લખનઉ, તા.૮ ।

સંસદના શિયાળુ સત્રમાં સતત હંગામો ચાલી રહ્યો છે, જેના કારણે સંસદની કાર્યવાહી યોગ્ય રીતે ચાલી રહી નથી. આ દરમિયાન બસપા સુપ્રીમો અને UPના પૂર્વ CM માયાવતીએ સંસદમાં દેશ અને જનહિતના મુદ્દાઓ ન ઉઠાવવા બદલ વિપક્ષને ઘેર્યો છે. BSP સુપ્રીમોએ કહ્યું, "સંસદમાં વિપક્ષ રાષ્ટ્રીય અને જાહેર હિતના મુદ્દા ઉઠાવી રહ્યો નથી. તેના બદલે, તેમના રાજકીય હિત માટે, ખાસ કરીને સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ પાર્ટી સંભલમાં હિંસાના બહાને મુસ્લિમ મતદારોને ખુશ કરવાનો પ્રયાસ કરી રહી છે. તેમને અન્ય મુદ્દાઓ સાથે કોઈ લેવાદેવા નથી. એટલું જ નહીં આ પાર્ટીઓ સંભલમાં લોકોને એકબીજાની વચ્ચે લડાવી રહી છે. મુસ્લિમ સમુદાયે પણ સતર્ક રહેવું પડશેપ" આ સાથે માયાવતીએ કહ્યું કે, તેમનાથી પણ વધુ દુઃખની વાત એ છે કે દલિત વર્ગના સાંસદો, જેમણે તેમને સંસદ સુધી પહોંચવામાં મદદ કરી છે, તેઓ પણ પોતપોતાના પક્ષોના બોસને ખુશ કરવા માટે દલિત અત્યાચારના મુદ્દાઓ પર મૌન સેવી રહ્યા છે. આ પહેલા બહુજન સમાજ પાર્ટી (BSP)ના પ્રમુખ માયાવતીએ શનિવારે કેન્દ્ર સરકાર અને વિપક્ષને તે સુનિશ્ચિત કરવા હાકલ કરી હતી કે, સંસદનું વર્તમાન સત્ર બહોળા રાષ્ટ્રીય હિતમાં સરળતાથી ચાલે તેના માટે સરકાર અને વિપક્ષે ગંભીર થવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીએ આ અપીલ એવા સમયે કરી છે, જ્યારે સંભલમાં મસ્જિદના સર્વે બાદ થયેલી હિંસાને કારણે સંસદના બંને ગૃહોની કાર્યવાહી ખોરવાઈ રહી છે. માયાવતીએ શનિવારે અહીં ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના વરિષ્ઠ અધિકારીઓ અને જિલ્લા પ્રમુખો સહિત પક્ષના અન્ય તમામ જવાબદાર લોકોની બેઠકને સંબોધતા ભારપૂર્વક જણાવ્યું હતું કે, રાજકીય સશક્તિકરણ માટેના સંઘર્ષમાં દલિત અને આંબેડકરવાદી સમુદાયોએ એક થવાની જરૂર છે. તેમણે કહ્યું હતું કે, ભૂતકાળની કોંગ્રેસ સરકારની જેમ હાલમાં પણ ભાજપની ગરીબ વિરોધી અને મૂડીવાદ તરફી નીતિઓ સામે લોકોમાં આક્રોશ છે.

## તંત્રી લેખ...

# તમાકુના ઉત્પાદનો અથવા અમુક પીણા પીણાં માટે વધુ ખર્ચ કરવો પડશે

હવે તમારે સિગારેટ, તમાકુના ઉત્પાદનો અથવા અમુક પીણા પીણાં માટે વધુ ખર્ચ કરવો પડશે. તમારે આ માટે વધુ કિંમત ચૂકવવી પડશે. શક્ય છે કે, તમે તેમનો ઉપયોગ પણ ઘટાડી શકો. તેનાથી તમારા પૈસાની બચત થશે અને તમારા સ્વાસ્થ્યનું પણ રક્ષણ થશે. વાસ્તવમાં, આ જ હેતુ માટે, ભારત સરકાર સિગારેટ, તમાકુ ઉત્પાદનો અને ખાસ પ્રકારના પીણાં પર વધુ ટેક્સ લાદવા જઈ રહી છે. આ માટે આ ઉત્પાદનો પર ૨૮ ટકા જીએસટી વધારીને ૩૫ ટકા કરવાનો પ્રસ્તાવ છે. GST માળખામાં સુધારા માટે રચાયેલા કેબિનેટ જૂથે આ પ્રસ્તાવ આપ્યો છે. જો કેબિનેટ ગ્રૂપ દ્વારા આપવામાં આવેલી દરખાસ્તનો અમલ થશે તો કંપનીઓને સિગારેટ અને તમાકુ ઉત્પાદનોના ભાવ વધારવાની ફરજ પડશે. હાલમાં, સિગારેટ પર ૨૮ ટકા GST અને લંબાઈના આધારે ૫ ટકાથી ૩૬ ટકા સુધીનો વધારાનો ટેક્સ લાગે છે. આ સિવાય કાર અને વોશિંગ મશીન જેવી લક્ઝરી સામાન પર પણ વધારે ટેક્સ લગાવવામાં આવી શકે છે. જેના કારણે સામાન્ય લોકોને આ સામાન માટે વધુ ખર્ચ કરવો પડશે. એક તરફ કેબિનેટ જૂથનો આ પ્રસ્તાવ સરકારના ટેક્સ માળખામાં સુધારો કરીને તિજોરી વધારવાનો છે, તો બીજી તરફ લોકોના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડતા અનિચ્છનીય પદાર્થોથી છુટકારો મેળવવાનો પણ છે. સરકાર તિજોરી ભરવા માટે કર માળખામાં સુધારાના ભાગરૂપે સામાન્ય રીતે વપરાતી ઉપભોક્તા ચીજવસ્તુઓ પર GST વધારવાનું ટાળી રહી છે. આનાથી વિરોધ થઈ શકે છે. આરોગ્યને નુકસાન પહોંચાડતી પ્રોડક્ટ્સ પર ટેક્સ વધારવાથી લોકોની ભાવનાઓને ઠેસ પહોંચશે નહીં. જો કેબિનેટ જૂથની દરખાસ્ત મંજૂર થશે તો તમાકુ ઉત્પાદનોનું ઉત્પાદન કરતી કંપનીઓએ ભાવ વધારવો પડશે. તેનાથી તેમની કમાણી ઘટી શકે છે. કંપનીઓએ પણ તેમની માર્કેટિંગ વ્યૂહરચના નવેસરથી બનાવવી પડશે. રોકાણકારોની આવી ચિંતાઓને કારણે આવી કંપનીઓના શેર ત્રણ ટકા તૂટ્યા છે. તેના કારણે ITC, VST ઈન્ડસ્ટ્રીઝ અને ગોડફ્રે ફિલિપ્સ જેવી કંપનીઓના શેરને અસર થઈ છે.

## શિક્ષકોના સંબંધો વિદ્યાર્થીઓ અને તેના વાલી સાથે પણ ધીરે ધીરે વણસી રહ્યા છે

છેલ્લા છ એક મહિના થયા શિક્ષકોને પણ વિચાર કરતા મૂકી દીધા છે કે પોતે શિક્ષકની નોકરી કરી રહ્યા છે કે પછી જન સુવિધા કેન્દ્ર નું કામ કરી રહ્યા છે. શિષ્યવૃત્તિ માટે બેંકનું ખાતું ખોલાવવું,ચાલો ત્યાં સુધી તો બરાબર છે પરંતુ ધીરે ધીરે તેની સાથે રેશનકાર્ડને જોડવામાં આવ્યું,હવે તેમાં પણ પાછા વિદ્યાર્થીનું નામ હોવું જોઈએ તેનો નંબર જનરેટ થયેલો હોવો જોઈએ અને પાછો આધાર સાથે તેનું લિંક થયેલું હોવું જોઈએ. જેની સાથે ન તો શિક્ષક, વિદ્યાર્થી અને શિક્ષણ વિભાગ માટે કંઈ લેવાદેવા હોય છતાં પણ તે શિક્ષકો પાસે ફરજિયાત કામ કરાવડાવી રહ્યા છે, હજુ તેમાંથી પણ શિક્ષકો કામ પતાવીને બહાર નથી આવ્યા ત્યાં તો પાછું હવે નવું વિદ્યાર્થીના આપાર આઈડી બનાવવાની શરૂઆત શિક્ષકો પાસે થઈ ગઈ છે કે જેનો નિવેડો કોઈ પણ કાળે આવે એવું હાલના સંજોગો મુજબ તો લાગતું નથી! બધા વિભાગે જ્યારે હાથ ઊંચા કરી દીધા હોય ત્યારે એ કામ હવે શિક્ષકો ઉપર થોપ્યું હોય એવું તો નથી ને? કારણ કે જે કામ પહેલી વખત આધાર કાર્ડ ને બનાવતી વખતે કરવાનું અને ધ્યાન માં લેવાનું હતું, તે જે તે સમયે લીધું નહિ અને હવે ઓનલાઈન બધા કામો માટે આધાર જરૂરી બન્યું છે ત્યારે તેની વિગતો ના આંકડા ક્યાંય સરખા મેચ થતાં નથી. જેમ કે નામ, નામ સુધારા વધારા, અટક નામની આગળ કે પાછળ, જન્મ તારીખ વિગેરે. આવા અગત્ય ના દસ્તાવેજ બનાવતી વખતે જે તે વખતે આ કામ એજન્સીઓ અને કોન્ટ્રાક્ટ કર્મચારીઓને આપ્યું અને હવે તેમાં રહેલ ખામી ની દસ બાર વર્ષે ખબર પડી અને તેમાં સુધારા વધારા નું કહેવાતું સૌથી મુશ્કેલ કામ હવે વિદ્યાર્થીનું આઈડી બનાવવા ભાગરૂપે શિક્ષકો પાસે કરવામાં આવી રહ્યું છે, અને તે પણ વિદ્યાર્થીઓના શિક્ષણ અને ભવિષ્યના ભોગે. આ બધા વધારાના કામોના કારણે જ આજે શિક્ષકોના સંબંધો વિદ્યાર્થીઓ અને તેના વાલી તેમજ ગ્રામજનો સાથે પણ ધીરે ધીરે વણસી રહ્યા છે કારણ કે આવી બધી વધારાની કામગીરી કાયમી શિક્ષકોને વાલીઓ પાસે ફરજિયાત કરાવવાની આવે છે કે જે અન્ય વિભાગની હોય છે. વાલીઓ તો તેમજ સમજે છે કે આ શિક્ષકોને ભણાવવાનું લાગતું નથી! તંત્રએ ખાલી એટલો જ વિચાર કરવો જોઈએ કે જો દરેક નાગરિકના ખાલી મફત માં આધાર કાર્ડ બનાવવામાં જ જો ૧૦ થી ૧૨ વર્ષ જતા રહ્યા હોય,તો હવે તો તેમાં સુધારા વધારા કરવાની કામગીરી છે, ફરીથી બધા લોકોને ભેગા કરવાની વાત છે,લાઈનમાં લગાડવાની વાત છે, અને એક ધકે ક્યાંય કામ પતતું નથી જે સૌ લોકો જાણે છે તો તેના માટે કેટલો સમય જોઈ શકે અને કેવી રીતે આ કામ થઈ શકે ? શરૂઆતમાં તો આ કામ ફ્રી માં હતું છતાં પણ દસ વર્ષ જેવો સમય લાગ્યો તો આ તો હવે તો ૫૦ થી ૧૦૦ રૂપિયા દઈને એમાં સુધારા વધારા નાગરિકોને કરવાના થશે તો તે કઈ રીતે શક્ય બને અને તે પણ સમય અને પૈસાનું વ્યય કરીને. જો ખરેખર જ આધાર રેશનકાર્ડ,બેંક ખાતુ અને આવા અપાર આઈડી કાર્ડ જેવા જ દસ્તાવેજો ખરેખર સરકાર માટે અને નાગરિકો માટે અગત્યના જ હોય તો શા માટે દરેક ગામે ગામ,શાળાએ શાળાએ, તેના જાણકાર વહીવટી તંત્ર અને તેના સોર્સિંગ એજન્સીઓને નિમણૂક કરી અને યોગ્ય સમય આપીને મોકલવામાં નથી આવતા કે જે ગામે ગામ અને સોસાયટીમાં જઈ અને દરેક નાગરિકને આ સુવિધા પૂરી પાડે. મોટા પાયે જાહેરાતો કરી અને સ્થાનિક આગેવાનોને કેમ આવા કામોમાં સાથે જોડવામાં નથી આવતા કે જેથી કરીને ઓછા સમયમાં, ઓછા ખર્ચે, ઓછી મહેનતે આવો અશક્ય લાગતા કામો માં સુધારો કરી શકાય. હજુ ભવિષ્યના ભારતમાં જન્મનારા નાગરિકો માટે પણ જો આવી સુવિધા લાગુ કરી હોય તો એકદમ સરળ જ છે કે જન્મતાની સાથે જ જન્મનું દાખલો અને આધાર કાર્ડ સાથે નીકળવું જોઈએ, તેનો એક જ નાગરિકતા નંબર હોવો જોઈએ અને તેની અંદર જે તે નાગરિકના જન્મથી મરણ સુધીના બધા જ જરૂરી શિક્ષણ કે અન્ય દસ્તાવેજો,પ્રમાણપત્ર કે અન્ય સરકારી વહીવટી કામગીરી ના કાગળો તેમાં સામેલ થતા જાય,ઉમેરતા જાય જે રીતે કોમ્પ્યુટર માં ફોલ્ડર ની અંદર ફોલ્ડર કે ફાઈલ ઉમેરી કે અપડેટ કરી શકીએ છીએ અને જ્યારે પણ કોઈને પણ જરૂર પડે તો એક નંબર નાખતા જ આ ઓનલાઈન જમાનામાં બધી વિગતો તેમાં નંબરની સાથે મળી રહે, અને એક જ જગ્યાએ સુધારો કરતા બધા જ ડોક્યુમેન્ટમાં જે તે તારીખથી સુધારા વધારા થઈને પ્રિન્ટ આવી શકે જે હાલના આધુનિક જમાનામાં સરળતાથી શક્ય છે પણ તેઓ તંત્રને હાલના સમયે વિચાર આવે તો જ શક્ય બને.

**કુંભકર્ણ નાં પાત્ર પરિચયમાં એ રાવણનો અનુજભાઈ હતો, અને તે પોતાની નિંદ્રા માટે તેમજ ખાઉંધરા પણ માટે પ્રખ્યાત હતો**

# પુરાણો મુજબ પુષ્પક વિમાનની શોધ કરનાર કુંભકર્ણ એક બહુ મોટો વૈજ્ઞાનિક હતો...!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**જીવનમાં એવું ઘણી વાર થતું હોય છે કે આપણે જાણતા હોઈએ છીએ કે, આ ખોટું છે અને છતાં ખોટી વ્યક્તિ સાથે તેના ખોટા નિર્ણયમાં આપણે ટેકો આપી દેતા હોઈએ છીએ, અને એને કારણે એનું તો પતન થાય જ છે, પણ સાથે સાથે આપણું પતન પણ થાય છે, આર્થિક કે શારીરિક રીતે થતા નુકસાનને તો હજીય ક્યારેક પહોંચી વળાય, પરંતુ માનસિકતાની રીતે પતન થાય તો ઉપર ઊઠવામાં વર્ષો લાગી જાય છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ભારતીય સમાજ બે હિસ્સામાં વહેંચાયેલો છે અને એમાંનો એક હિસ્સો વિકાસની હરણફાળ ભરી રહ્યો છે જ્યારે બીજો હજી પણ સત્તર કે અઢારમી સદીમાં જીવતો હોય એમ રુઢિચુસ્તતા, પરંપરા, કે અંધશ્રદ્ધા થી ઘેરાયેલો છે! અને ત્યાં સુધી વિકાસ પહોંચતો નથી! જોકે પચતો નથી એમ પણ કહી શકાય. ખેર ગઈકાલ સુધી જે થશે હવે! થાય છે હવે! શું તે આવડશે? નહીં કરીએ તો પણ ચાલશે હવે! એમ આળસ, પ્રમાદ, કે પછી સમયનું અવમૂલ્યન કરતો ભારતીય સમાજ હવે બદલાતો જાય છે. તેની નિંદ્રા કહો તો નિંદ્રા, અને તંદ્રા કહો તો તંદ્રા ઉડતી જાય છે. તેને હવે માત્ર પોતાના વિકાસમાં નહીં, પરંતુ દેશના વિકાસમાં પણ રસ છે, તેવું ઘણા મોરચે લાગે છે. નિંદ્રા આપણી ઈન્દ્રિયોના વિશ્રામ માટેની એક સુંદર વ્યવસ્થા છે, પરંતુ તેની માત્રા નિયત હોવી પણ એટલી જ જરૂરી છે. જ્યારે હદથી વધુ નિંદ્રા આળસુ, પ્રમાદી, કે નિષ્ક્રિય અને નિક્કમા બનાવી શકે. માનવીય બુદ્ધિ કૌશલ્યનો ઉપયોગ, તે પૂર્ણ જાગૃત હોય ત્યારે જ વધુ સારી રીતે થતો હોય છે, બાકી તો પ્રમાદ વધારનાર બુદ્ધિ અંતે પતન તરફ દોરી જાય છે. રામાયણનું એક પાત્ર પણ પોતાની અતિનિંદ્રા માટે જાણીતું છે, તો આજે આપણે રાવણનાં ભાઈ એવા કુંભકર્ણ વિશે ચિંતનમાં વાત કરીશું. કુંભકર્ણ નાં પાત્ર પરિચયમાં એ રાવણનો અનુજભાઈ હતો, અને તે પોતાની નિંદ્રા માટે તેમજ ખાઉંધરા પણ માટે પ્રખ્યાત હતો. કુંભકર્ણ માટે એવું કહેવાય છે કે, તે છ મહિના સૂતો રહેતો અને છ મહિના જાગૃત રહેતો હતો. જાગૃત રહેતો હતો, ત્યારે તે પોતાની આસપાસનાં ક્ષેત્રમાં જીવતા તમામ જીવનું ભક્ષણ કરી જતો હતો. પરંતુ કુંભકર્ણ વિશે માહિતી મેળવતી હતી તો અમુક ચોંકાવનાર વાતો પણ પ્રકાશમાં આવી. સૌપ્રથમ તો તે અત્યંત બુદ્ધિ કૌશલ્ય ધરાવતો હતો, અને કર્તવ્યનિષ્ઠ અને સશક્ત યોદ્ધા હતો. તેની શક્તિ અને તેની બુદ્ધિથી ઈન્દ્ર પણ પ્રભાવિત હતાં. એકવાર કુંભકર્ણ એ પોતાના ભાઈઓ એટલે કે રાવણ અને વિભીષણ સાથે મળી અને બ્રહ્મદેવની આકરી તપશ્ચર્યા કરી, અને યજ્ઞ કર્યો. બ્રહ્મા પ્રસન્ન થયાં અને વરદાન માંગવા કહ્યું, ત્યારે કુંભકર્ણ ઈન્દ્રાસન માંગવા જતો હતો, ત્યાંજ માતા સરસ્વતી તેની જીભે બિરાજમાન થયા, અને નિંદ્રા માંગી બેઠો. રાવણે કહ્યું કે આ છળ છે, અને તેણે બ્રહ્માને પોતાના આ વરદાનને પાછું લેવા કહ્યું, ત્યારે ભગવાને કહ્યું કે એ મિથ્યા નહીં થાય, પરંતુ



કુંભકર્ણ છ મહિના સૂઈ રહેશે, અને છ મહિના જાગૃત રહેશે, આવી પણ એક દંતકથા મળે છે. બીજી એક વાત અનુસાર કુંભકર્ણ એક બહુ મોટો વૈજ્ઞાનિક હતો, અને તેણે કિષ્કિંધા ઓની દક્ષિણ તરફની ગુફામાં એક પ્રયોગશાળા ખોલી હતી. તે પોતે નિંદ્રામાં છે એવું સાબિત કરી,અને તે પ્રયોગશાળામાં જતો હતો, અને ત્યાં તેણે ખૂબ મોટી પ્રયોગશાળામાં પોતાના સાથીઓ સાથે આજના વિજ્ઞાન ને ચોંકાવનારી ઘણી શોધ કરી હતી. તેણે પોતાની પ્રયોગશાળા માં જવા આવવા માટે વિમાનની પણ શોધ કરી હતી, જેનો ઉલ્લેખ પુષ્પક વિમાન તરીકે રામાયણમાં થાય છે. આ ઉપરાંત તેને એક ભીમ નામનૈ પુત્ર હતો, અને તે બધાને ખૂબ સતાવતો હતો, અને બધાએ ભગવાન શિવને પ્રાર્થના કરી એટલે ભગવાન શિવ ત્યાં જયોર્તિલિંગ સ્વરૂપે બિરાજમાન થયા,અને એ ક્ષેત્ર એટલે ભીમાશંકર. આ વાતમાં કેટલું તથ્ય હશે એ તો ખબર નથી પરંતુ કુંભકર્ણ બુદ્ધિશાળી હતો, કર્તવ્યનિષ્ઠ હતો, અને પ્રખર યોદ્ધા હતો, એ વાતમાં કોઈ બે મત નથી. પ્રભુ શ્રીરામ સાથે યુદ્ધ કરવા માટે રાવણ દ્વારા જ્યારે કુંભકર્ણને જગાડવામાં આવે છે, ત્યારે સૌ પ્રથમ કુંભકર્ણ તેને પ્રભુ શ્રીરામ સાથે દુશ્મની વહોરી લેવા બદલ ઠપકો આપ્યો હતો,અને કહ્યું હતું કે હજી પણ પરિસ્થિતિ સુધરી શકે તેમ છે, તું તેના શરણે ચાલ્યું જા! નહીં તો તારું પતન નિશ્ચિત છે, એમ કરી સમજાવવા ની કોશિશ પણ કરી હતી. પરંતુ ભાતૃ પ્રેમ કહો કે, મંત્રી હોવાને નાતે કર્તવ્ય નિષ્ઠ કહો એણે રામ સામે યુદ્ધ કર્યું, અને ઘણા યોદ્ધાને ઘાયલ પણ કર્યા. એટલે એમ કહી શકાય કે રાક્ષસી વૃત્તિ તેના પતનનું કારણ બની નહોતી,પણ પોતાના ભાઈની ખોટી અને અનીતિ ભરી વાતમાં ટેકો આપવાને કારણે તેં માર્યો ગયો, અને વિભીષણ એ ટેકો ન આપ્યો, એટલે તે બચી ગયો, અને લંકાનો રાજા બન્યો. જીવનમાં એવું ઘણી વાર થતું હોય છે કે આપણે જાણતા હોઈએ છીએ કે, આ ખોટું છે અને છતાં ખોટી વ્યક્તિ સાથે તેના ખોટા નિર્ણયમાં આપણે ટેકો આપી દેતા હોઈએ છીએ, અને એને કારણે એનું તો પતન થાય જ છે, પણ સાથે સાથે આપણું પતન પણ થાય છે. આર્થિક કે શારીરિક રીતે થતા નુકસાનને તો હજીય ક્યારેક પહોંચી વળાય, પરંતુ માનસિકતાની રીતે પતન થાય તો ઉપર ઊઠવામાં વર્ષો લાગી જાય છે, અને કદાચ તો પોતાની ભૂલ દેખાય નહીં તો આમ જ જન્મ પણ વીતી જાય છે. સાંપ્રત સમયમાં પૂરા રાષ્ટ્રમાં હિંદુ રાષ્ટ્રની ઘોષણા થઈ રહી છે, તેમજ મૂળભૂત રીતે તો સૌ કોઈને રામ રાજ્ય પ્રસ્થાપિત કરવું છે, એવી એક લાગણીનું મોજુ પ્રવર્તમાન સમયના સમાજમાં ફરી વળ્યું છે. પરંતુ રામરાજ્ય પ્રસ્થાપિત કરવા માટે ત્રેતા કાળમાં જવું પડે, પ્રભુ શ્રીરામની સફરને જોવી પડે, અને એટલે જ આપણે તુલસીકૃત રામાયણ કે વાલ્મિકી રામાયણનો સહારો લઈ અને પ્રભુ શ્રીરામ ની જીવન યાત્રાને સાર્થક બનાવનારા સારા ખરાબ ચરિત્રો વિશે, રોજ ચિંતનમાં વાત કરી રહ્યા છીએ, અને એમાં થી સારો ને શુભ હોય એવો બોધ ગ્રહણ કરી રહ્યા છીએ. એટલે ટૂંકમાં એમ કહો કે આપણે આપણી મોહ નિંદ્રા કે ભોગ નિંદ્રા, નિંદ્રામાંથી બહાર આવી ગયા છીએ, અને આપણને રામરાજ્ય જોઈએ જ છે, અને એની માટે આપણે પણ કંઈક કરવા તત્પર છીએ. કાગળ પર થતો વિકાસ એ સારી બાબત છે, પરંતુ મૂળભૂત રીતે તો સામાજિક વલણ બદલાવું જોઈએ, અને એ હજી રહેણીકરણીની રીતે તો વૈજ્ઞાનિક સાધનો વાપરતું અને વરસાવતું થયું છે. પરંતુ એની માનસિકતામાં એટલી હદે ફેરફાર થયો નથી, અને એને કારણે આપણે વિકાસનો જોઈએ એટલા પ્રમાણમાં લાભ ઉઠાવી શકતા નથી, અથવા તો દેશના એકો એક નાગરિક ને એ લાભ મળતો નથી, કારણકે વિકાસ ને માત્ર અર્થલક્ષી ગણવામાં આવે છે. તો આપણી માનસિકતાની એ તંદ્રાવસ્થા દુર થાય એ માટે આપણે જ પ્રયત્ન કરવાં પડશે, અને તો જ રામ રાજ્ય ની સ્થાપના શકય છે. મૂળમાં આપણે જેની વાત લઈને બેઠા છીએ અથવા તો જે નો સંકલ્પ કરીને બેઠા છીએ એને વિશેની પૂરતી સમજ આપણી પાસે હોવી જરૂરી છે, અને એટલી સૂક્ષ્મ સમજ આપણે સૌ કેળવી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર જાણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**શ્રીકૃષ્ણ પરમાત્મા તો વ્યાપક છે, ગોપીઓ શ્રીકૃષ્ણને બહાર શોધે છે, પણ એમને અંદર શોધવાના છે, ભગવાનને હૃદયમાં જ શોધવાના છે**


# બળવાન હાથીને પણ અંકુશની જરૂર છે, તેમ મનને પણ અંકુશમાં રાખવા માટેનું સાધન છે ભજન



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પુંડલિકની માતા પિતા પ્રત્યેની ભક્તિ જોઈ, દ્વારિકાનાથને પણ તેનાં દર્શન કરવાની ઇચ્છા થઈ, દ્વારિકાનાથ દ્વારિકાથી પંઢરપુર આવ્યા, માતાપિતા કુષ્ઠરોગથી પિડાતા હતા, તો પણ પુંડલિક તેઓની સેવા કરે છે, કોઈ વખત માતાપિતા સ્વભાવને કારણે ગુસ્સો કરે છે છતાં પણ પુંડલિક નમ્રતાથી સેવા કરે છે, ભગવાન પુંડલિકની ઝૂંપડીના દ્વાર પાસે આવી ઊભા, ભગવાન કહે, પુંડલિક, હું તને દર્શન આપવા આવ્યા છું.**

ધીમે ધીમે ઠંડીનો ચમકારો વધી રહયો છે ત્યારે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જીવનના છેલ્લા દિવસ સુધી સેવા બરાબર કરવાની છે.જીવનના છેલ્લા દિવસ સુધી રોજના નિયમ પ્રમાણે જપ, સેવા, કીર્તન ચાલુ રહે. જે દિવસે જીવનની સમાપ્તિ, તે દિવસે સેવાની સમાપ્તિ. મનુષ્ય સાધના કરે છે.સાધના કરતાં થોડી સિદ્ધિ મળે છે. સિદ્ધિ મળે એટલે પ્રસિદ્ધિ મળે છે,પ્રસિદ્ધિ મળે એટલે લોકો પાછળ પડે છે એટલે અભિમાન આવે છે.અભિમાન આવે એટલે તેનું પતન થાય છે. કેટલીક વખત સાધુઓને બગાડનાર તેમના ચેલા હોય છે. ચેલાઓની જમાત,બાપજી બાપજી કરે એટલે સાધુમાં હું પણું આવે. પછી કહે કે હું તો મનથી સેવા કરું છું, હું સિદ્ધ છું. પણ મનમાં દંભ પેઠો, અભિમાન પેઠું, કીર્તિ ની લાલસા પેઠી એનું શું? ખાડામાં પડેલો માણસ શું પહાડ પર બેઠો છું એમ માને એથી શું? મન દગાખોર છે,કપટી છે. રૂપાળી દલીલો કરતાં તેને આવડે છે. તેની દલીલોમાં ફસાશો નહીં. અરે ખુદ ભગવાન કદાચ તમને કહે છે કે, મારા નામનો જપ કરવાની જરૂર નથી,સેવા કરવાની જરૂર નથી તો ભગવાનનેય કહી દેજો કે મારાથી તમારી આજ્ઞા નહીં પળાય. તુકારામજી જેવા સંત પણ કહે છે કે, આ તુકો પાંડુરંગ થઈ ગયો છે, પણ ભજન કરવાની એને એવી આદત પડી ગઈ છે કે એ જતી નથી. એમ આદત પડી જવી જોઈએ. ઈશ્વરનાં દર્શન પછી પણ જપ વગેરે સાધન છોડાય નહીં. સાધ્યની પ્રાપ્તિ થઈ એટલે પછી કેટલાકને સાધન પ્રત્યે ઉપેક્ષા થાય છે. આમ ન બનવા પામે તેની કાળજી રાખજો. સાધન છોડવા માં ભારે જોખમ છે. બળવાન હાથીને પણ અંકુશની જરૂર છે, તેમ મનને પણ અંકુશમાં રાખવા માટેનું સાધન છે ભજન. ભજનમાં દૈન્યભાવ જરૂરનો છે. સર્વ સાધન કરે પણ જેને સાધનનું અભિમાન નથી તેમાં ધન છે. દીનતાથી ભક્તિ દૃઢ થાય છે. આટલા આત્મ સમર્પણવાળી ગોપીને પણ અભિમાન થાય છે કે, અમે બધું ત્યજીને આવીએ છીએ એટલે કે સાધકે સાવધાન રહેવાની જરૂર છે.જેને બહુમાન મળે તેનામાં અભિમાન આવે છે. ગોપીઓને અભિમાન થયું કે શ્રી કૃષ્ણ ભગવાને અમારો ત્યાગ જોઈ અમને માન આપ્યું અને અમને અપનાવી. ગોપીઓને લાગ્યું કે,ભગવાન ઉપર ઉપરથી ના પાડતા હતા. બાકી અમારા સ્વરૂપમાં તે આસક્ત છે. ગોપીઓમાં આવો લૌકિક ભાવ જાગ્યો,આવું અભિમાન થયું તે સમયે પરમાત્મા ત્યાંથી અંતર્ધ્યાન થઈ જાય છે. ગોપીઓનું આ અભિમાન દૂર કરવા શ્રીકૃષ્ણ ત્યાંથી અદૃશ્ય થયા.ભગવાન તો વ્યાપક છે, સર્વત્ર છે, તે અંતર્ધ્યાન થઈ શકે નહીં. અંતર્ધ્યાન થયા એનો અર્થ એટલો જ છેકે અભિમાનરૂપી પડદો આંખ ઉપર આવ્યો એટલે ભગવાન દેખાતા નથી. ગોપીને એટલે જીવને અભિમાન થયું તેથી સખીઓને



શ્રીકૃષ્ણ દેખાતા નથી. ભગવાને તે સમયે પીતાંબરથી લાજ કાઢી છે. ગોપીઓ માને છે કે આ તો અમારામાંની એક છે, એટલે ઓળખી શકાતી નથી. શ્રીકૃષ્ણ પરમાત્મા તો વ્યાપક છે. ગોપીઓ શ્રીકૃષ્ણને બહાર શોધે છે, પણ એમને અંદર શોધવાના છે.ભગવાનને હૃદયમાં જ શોધવા ના છે,પણ અજ્ઞાનને લીધે એ સૂઝતું નથી. દશ પંડિતો વિદ્યાભ્યાસ કરવા ગયેલા. રસ્તામાં એક નદી આવી, નદી ઓળંગીને બધા સામે પાર આવ્યા. ત્યાં તેઓને લાગ્યું કે, આપણામાંનો કોઈ રહી ગયો તો નથી ને? એટલે તેઓએ ગણતરી શરૂ કરી. એક પછી એક પંડિત સંખ્યા ગણે. પણ પોતાને તેમાં ગણે નહીં, એટલે સંખ્યા દશને બદલે નવ થયા.હાય, હાય દશમો ગયો કયાં? નક્કી નદીમાં તણાઈ ગયો.એમ માની પંડિતો રડવા લાગ્યા.એક મહાત્મા ત્યાંથી પસાર થયા. પંડિતોને રડવાનું કારણ પૂછયું પંડિતોએ પોતાની મૂંઝવણ રજૂ કરી.મહાત્માએ એમનો ભ્રમ ભાંગ્યો. અજ્ઞાનને લીધે જીવ પોતાને ગણતો નથી. જ્ઞાનીએ પૂરાં દશ ગણી બતાવ્યા. સંખ્યા પૂરી દશ તો હતી જ, પણ અજ્ઞાનને લીધે દશ દેખાતા ન હતા. એટલે કે અજ્ઞાનને લીધે જ દેખાતું નથી તે જ્ઞાનથી દેખાવા લાગે છે. આ પ્રસંગ સૂચવે છે, કે પરમાત્માનો સાક્ષાત્કાર થયા પછી પણ સાવધ રહેજો. ઘણી વખત જ્ઞાની ઓ પણ સાક્ષાત્કાર પછી ભાન ભલ્યા છે. કારણ સિદ્ધિઓ મળે એટલે પ્રતિષ્ઠા વધે એટલે મનુષ્ય સાધન છોડે છે. સાધન છોડે છેને ઈશ્વરથી વિમુખ થાય છે. પરમાત્માની અનુભૂતિ થયા પછી પણ માનવ સાધન છોડે તો તે પડે છે. પુંડલિકની માતાપિતા પ્રત્યેની ભક્તિ જોઈ, દ્વારિકાનાથને પણ તેનાં દર્શન કરવાની ઈચ્છા થઈ. દ્વારિકાનાથ દ્વારિકાથી પંઢરપુર આવ્યા. માતાપિતા કુષ્ઠરોગથી પિડાતા હતા, તો પણ પુંડલિક તેઓની સેવા કરે છે.કોઈ વખત માતા પિતા સ્વભાવને કારણે ગુસ્સો કરે છે છતાં પણ પુંડલિક નમ્રતાથી સેવા કરે છે.ભગવાન પુંડલિકની ઝૂંપડીના દ્વાર પાસે આવી ઊભા. ભગવાન કહે, પુંડલિક, હું તને દર્શન આપવા આવ્યા છું. તારી માતાપિતાની સેવાથી હું પ્રસન્ન થયો છું. ત્યારે પુંડલિક ભગવાનને મળવા દોડી જવાને બદલે ભગવાનને કહે છે,હું મારાં માતા પિતાની સેવામાં રોકાયેલો છું, અને ઝૂંપડીમાં જગ્યા નથી, આપ બહાર ઊભા રહો? મારાં માતા પિતાની સેવાથી પરવારી હું બહાર આવું છું. પુંડલિકે વિચાર કર્યો કે, મને ભગવાન મળ્યા તે માતાપિતા ની સેવાથી મળ્યા. એટલે શ્રેષ્ઠ કોણ? માતાપિતા કે ભગવાન? એણે તરત નિર્ણય કરી લીધો,ને માતા પિતાની સેવાને જ વળગી રહ્યો. પુંડલિકનું કહેવું એ જ છેકે સાધન હાથમાં છે તો સાધ્ય કયાં જવાનું છે? માટે સુખ-સંપત્તિ મળે તો પણ ભગવાનનું ભજન છોડશો નહીં.ભક્ત ભગવાનને કહી શકે છે, બહાર ઊભા રહો. ભગવાનને ઊભા રહેવા પુંડલિકે એક ઈંટ ફેંકી. બહાર ભગવાન ઈંટ ઉપર ઊભા રહ્યા. પુંડલિકને આવતાં સમય થયો, ભગવાન થાક્યા એટલે કેડ ઉપર હાથ રાખ્યા તે સૂચવે છે કે કેડપૂર જળ માં કોઈ ડૂબે નહીં, જે મારાં ચરણ નો આશ્રય કરે તેને માટે સંસાર આટલો જ ઊંડો છે. કેડ સમાણો! બાકી તો ઘણા આ સંસાર-સાગરમાં ડૂબી ગયા છે. તેઓનો પત્તો પણ નથી. પુંડલિક માતાપિતાની સેવા કરીને પછી બહાર આવે છે. પુંડલિકને પ્રત્યક્ષ પરમાત્મા મળ્યા, તો પણ માતાપિતાની સેવા છોડીને ભગવાનને મળવા ગયા નથી એટલે કે એણે સાધન છોડયું નથી. સાધન છૂટશે તો ભગવાન અંત ર્ધ્યાન થશે,અદૃશ્ય થશે. પુંડલિકની જેમ સાધ્ય મળે,તો પણ સાધન છોડશો નહીં. રાસમાં ગોપીઓને અભિમાન થયું તેથી ભગવાન અદૃશ્ય થયા. અભિમાન પ્રભુ આડે પડદો ઊભો કરે છે. અભિમાન જાગે ત્યારે જ સાધનમાં ઉપેક્ષા જાગે છે, ને પછી પતન થાય છે. ભગવાન ત્યાં જ હતા પણ ગોપી ઓને દેખાતા નથી.અંતર્ધ્યાન થયા એટલે શ્રીકૃષ્ણે ગોપીઓના હૃદય માં પ્રવેશ કર્યો પણ હૃદયમાં શોધવાને બદલે શ્રીકૃષ્ણને બહાર શોધવા લાગી એટલે શ્રીકૃષ્ણ ન દેખાયા. ઈશ્વર સર્વના હૃદયમાં છે, છતાં તે દેખાતા નથી.જીવ ભગ વાન સન્મુખ ન આવે ત્યાં સુધી ભગવાન તેની સુધ લેતા નથી ભગવાન કહે છે,હું તો જીવને અપનાવવા તૈયાર છું,પણ તે મારી સન્મુખ, મારી પાસે આવે ત્યારે હું તેને અપનાવું ને!ગોપીઓ શ્રીકૃષ્ણને બહાર શોધે છે, અંદર શોધતી નથી તેમ જીવ પણ આનંદ બહાર શોધે છે,અંદર નહીં એટલે એને આનંદ મળતો નથી. તમારો આનંદ બીજી ચીજ પર આધારિત ન હોવો જોઈએ. સ્ત્રીથી,કપડાંથી,ધનથી આનંદ મળે તો તેના વિયોગથી તમને દુઃખ થશે.તમારો આનંદ કોઈને આધીન હશે,તો તે દુઃખ આપશે જ.માટે દુઃખી ન થવું હોય તો અંતર્મુખદૃષ્ટિ કરી પરમાત્માને હૃદયમાં નિહાળો ફક્ત એક ભગવાન આનંદરૂપ છે. બાકી આ જગત તો દુઃખરૂપ છે,ને અનિત્ય છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત, આજે સોમવારે ભગવદ્ ગીતા જ્ઞાન ચિંતનમાં અહીં અટકીએ અસ્તુ.

### રણવીર સિંહની કરિયર નબળા તક્કામાંથી હોવાથી ઓટીટી પ્લેટફોર્મ્સ ખચકાય છે

# OTT પ્લેટફોર્મ્સને રણવીર પસંદ નથી રણબીરને 'શક્તિમાન' બનાવવા માંગ



ભારતીય સુપરહીરો 'શક્તિમાન' પર ફિલ્મનું પ્લાનિંગ લાંબા સમયથી ચર્ચામાં છે. ટીવી સ્ક્રિન પર વર્ષો સુધી એકચક્રી શાસન કરનારા બાળકોના પ્રિય શક્તિમાન પર ફિલ્મ બનાવવાના રાઈટ્સ સોની પિક્ચર્સે ખરીદેલા છે. રૂ.૪૦૦ કરોડનું બજેટ અને રણવીર સિંહનો લીડ રોલ પાકો હોવાના રિપોર્ટ્સ છે. જોકે ઓટીટી પ્લેટફોર્મ્સને રણવીર સિંહનો સિતારો ડૂબતો જણાય છે અને 'એનિમલ' સ્ટાર રણબીરને લીડ રોલ અપાય તો જ ઓટીટી પ્લેટફોર્મ્સને ડિજિટલ રાઈટ્સ ખરીદવામાં રસ છે. રિપોર્ટ્સ મુજબ, 'શક્તિમાન'માં રણવીર સિંહના લીડ ઉપરાંત ડાયરેક્ટર તરીકે 'મિનલ મુરલી' માટે જાણીતા બેસિલ જોસેફ પણ નક્કી છે. સોની પિક્ચર્સે નવી પેઢીના ઓડિયન્સને પણ રસ પડે તે રીતે 'શક્તિમાન' બનાવવાનું વિચાર્યું છે. ભવ્ય અને ટેકનિકલી સાઉન્ડ ફિલ્મ માટે રૂ.૪૦૦ કરોડનું બજેટ રખાયું હોવાનું કહેવાય છે. સુપરહીરો આધારિત ફિલ્મનો વિચાર રમતો થયો ત્યારથી જ તેની ચર્ચા છે અને આ ફિલ્મના ડિજિટલ રાઈટ્સ ખરીદવા માટે ઓટીટી પણ ઉત્સાહમાં છે. ફિલ્મના લીડ એક્ટર તરીકે રણવીર સિંહનું નામ આવતાં જ ઓટીટી પ્લેટફોર્મનો ઉત્સાહ ઓસરી જાય છે. રણવીર સિંહની ફિલ્મ બહુ સારી ચાલતી ન હોવાથી ઓટીટી પ્લેટફોર્મ્સ ઝડપથી તૈયાર થતાં નથી. તેમને લાગે છે કે રણવીર સિંહ હાલ તેની કારકિર્દીના સૌથી નબળા પડાવમાંથી પસાર થઈ રહ્યો છે. 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' જેવી ફિલ્મ પણ ધારેલી સફળતા મેળવી શકી નથી. સોની પિક્ચર્સને લાગે છે કે તેઓ ભારતીય સિનેમાની સૌથી જોરદાર ફિલ્મ બનાવી રહ્યા છે, કારણ કે તેઓ રણવીર સિંહને શક્તિમાન તરીકે લાવી રહ્યા છે. માર્કેટનો દૃષ્ટિકોણ ઘણો અલગ છે. તેઓ રણવીરના બદલે રણબીર કપૂરને લેવાનું કહે છે. તેથી હવે મેકર્સ ફિલ્મના બજેટમાં ફેરફાર કરવાનું વિચારે છે. આ ફિલ્મનું બજેટ ૪૦૦

### પુષ્પા-૨ એ તો શાહરુખની 'જવાન'ને છોડી પાછળ દીધી

# ફિલ્મ પુષ્પા-૨ એ પ્રથમ દિવસે જ વિશ્વભરમાં ૨૯૪ કરોડની કમાણી


## દિગ્દર્શક સુકુમાર અને અભિનેતા અલ્લુ અર્જુનની જોડી ફરી એકવાર પુષ્પાના બીજા ભાગ સાથે થિયેટરોમાં પાછી આવી છે

અલ્લુ અર્જુનની મોસ્ટ અવેટેડ ફિલ્મ પુષ્પા-૨ એ થિયેટરોમાં તેના શરૂઆતના દિવસે વિશ્વભરમાં રૂ. ૨૯૪ કરોડની કમાણી કરી હતી. જેમાં ભારતીય બોક્સ ઓફિસ પર ફિલ્મનું કલેક્શન ૧૭૫.૧ કરોડ રૂપિયા હતું. પુષ્પા-૨ એ હિન્દી વર્ઝનમાં ૭૨ કરોડ રૂપિયાની કમાણી કરી છે. હિન્દી વર્ઝને શાહરૂખ ખાનની ફિલ્મ 'જવાન'નો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે.જવાને પહેલા દિવસે હિન્દી બેલ્ટમાં લગભગ ૬૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. તેના વિશ્વવ્યાપી કલેક્શન સાથે, પુષ્પા ૨ અત્યાર સુધીની સૌથી મોટી ઓપનિંગ ભારતીય ફિલ્મ બની ગઈ છે. વર્ષ ૨૦૨૧માં પુષ્પાએ બોક્સ ઓફિસ પર પણ ઘણા રેકોર્ડ બનાવ્યા. 'પુષ્પા ૨'ની બ્લોકબાસ્ટરમાં પહેલા દિવસે ઘણી મોટી ફિલ્મોના રેકોર્ડ ખતરમાં આવી ગયા છે. આજે બીજો દિવસ છે અને હવે અલ્લુ અર્જુનની ફિલ્મ બોલીવુડની મોટી ફિલ્મોની નજરમાં છે.અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા ૨'એ રિલીઝ થતાની સાથે જ ધૂમ મચાવી દીધી છે. આ ફિલ્મે પહેલા જ દિવસે એક પછી એક દેશના મોટા સ્ટાર્સની ફિલ્મોના રેકોર્ડ તોડી નાખ્યા છે.સૈક્લિક અનુસાર ફિલ્મે હિન્દી, તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમમાં સંયુક્ત રીતે પ્રથમ દિવસે ૧૬૮.૩ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. જો આપણે પેઈડ પ્રીવ્યૂમાંથી રૂ. ૧૦.૧ કરોડની કમાણી ઉમેરીએ તો શરૂઆતના દિવસે ફિલ્મનું કલેક્શન રૂ. ૧૭૮.૪ કરોડ સુધી પહોંચી ગયું હતું. હવે ફિલ્મની બીજા દિવસની કમાણી સાથે જોડાયેલા આંકડા પણ સામે આવ્યા છે. સૈક્લિકના જણાવ્યા અનુસાર 'પુષ્પા ૨'એ સાંજે ૬.૨૫ વાગ્યા સુધી ૪૯.૭૧ કરોડ રૂપિયાની કમાણી કરી છે. બોક્સ ઓફિસનું કુલ કલેક્શન ૨૦૦ કરોડને પાર કરી ગયું છે. આ ફિલ્મે અત્યાર સુધીમાં ૨૨૪.૬૧ કરોડ રૂપિયાની કમાણી કરી છે. સૈક્લિક પ્રમાણે છેલ્લા બે દિવસના આંકડા આવે ત્યાં સુધીમાં પુષ્પા ૨ સિંઘમ અગેઈન અને ભૂલ ભુલૈયા ૩ની અત્યાર સુધીની કમાણીને વટાવી શકે છે. સૈક્લિક અનુસાર સિંઘમ અગેઈન એ અત્યાર સુધી ૨૪૭.૭૧ કરોડ રૂપિયા અને ભૂલ ભૂલૈયા ૩ એ ૨૫૯.૭૧ કરોડ રૂપિયાની કમાણી કરી છે.દિગ્દર્શક સુકુમાર અને અભિનેતા અલ્લુ અર્જુનની જોડી ફરી એકવાર પુષ્પાના બીજા ભાગ સાથે થિયેટરોમાં પાછી આવી છે, જે વર્ષ ૨૦૨૧ માં રિલીઝ થઈ છે. અને પાછા ફરતાની સાથે જ ફિલ્મે બ્લોકબસ્ટરનું બિરુદ મેળવી લીધું. ફહદ ફૈસીલ અને રશ્મિકા મંદાનાએ પણ ફિલ્મમાં પોતાની અભિનય કુશળતા બતાવી છે. આ વખતે અલ્લુના પાત્રને વધુ પાવર અને સ્વેગ સાથે રજૂ કરવામાં આવ્યું છે, જે લોકોને પસંદ આવી રહ્યું છે.



## 'પુષ્પા ૨'ની સફળતા બાદ એટલી પર પ્રેશર વધ્યું

દરેક ફિલ્મ મેકર ઈચ્છે છે કે તેમને સોલો રિલીઝ મળે અને તેઓ બે મોટી ફિલ્મો વચ્ચે ક્લેશ ટાળવાની પણ ઘણી કોશિશ કરે છે. પરંતુ આગળના અઠવાડિયે રિલીઝ થઈને ધૂમ મચાવતી ફિલ્મ પછી પણ પોતાની ફિલ્મ રિલીઝ કરતાં કોઈ ફિલ્મ મેકર્સને ડર લાગે એવું ઓછું બનતું હોય છે. આવું જ હાલ એટલી સાથે થઈ રહ્યું છે. ૫ તારીખે સમગ્ર દેશમાં 'પુષ્પા ૨' રિલીઝ થઈ છે. રિલીઝ થયા સાથે જ આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી દિધી છે. દરેકને આ ફિલ્મ હિટ જશે તેવી આશા તો હતી જ, પણ આટલી હદે છવાઈ જશે, એવી કદાચ કલ્પના નહોતી. હવે ૯ ડિસેમ્બરે અટલીએ ડિરેક્ટ કરેલી વરુણ ધવનની ફિલ્મ 'બૅબી જોહ્ન'નું ટ્રેલર લોંચ થઈ રહ્યું છે. આ અગાઉ આ ફિલ્મના ટીઝરના ખૂબ વખાણ થયા હતા. તે ઉપરાંત તેનું એક સોંગ 'નૈન મટક્કા' પણ દર્શકોને ઘણું ગમ્યું છે. પરંતુ છતાં કિર્તી સુરેશના આ સોંગ પાસેથી જેટલી અપેક્ષા હતી તેવો પ્રતિસાદ મળ્યો નથી. હવે બાકીનો બધો જ મદાર વરુણ ધવન પર છે. વરુણ ધવનને આ ફિલ્મ દ્વારા એક્શન હિરો તરીકે પ્રસ્થાપિત કરવાની મેકર્સની ગણતરી છે.




# પ્રિયંકા ચોપરાએ પોતાનું પ્રોડક્શન હાઉસ ભારતથી અમેરિકા ખસેડ્યું



એક તરફ પ્રિયંકા બોલિવૂડમાં સક્રિયપણે પાછી ફરે તેની ફેન્સ રાહ જોઈ રહ્યા છે. ત્યારે બીજી તરફ પ્રિયંકા ચોપરાની માતા મધુ ચોપરાએ ખુલાસો કર્યો છે કે તેમની પુત્રીના પ્રોડક્શન હાઉસ 'પર્પલ પેબલ પિક્ચર્સે' તેની કામગીરી યુનાઈટેડ સ્ટેટ્સમાં ખસેડી છે. મધુ ચોપરાએ પ્રોડક્શન હાઉસ અંગે વાત કરતાં કહ્યું, ''પ્રિયંકાની કંપનીએ અગાઉ 'વેન્ટિલેટર' અને 'પાની' જેવી નેશનલ એવોર્ડ જીતેલી ફિલ્મો સહિત દેશમાં ઘણી રિજનલ ફિલ્મોને મદદ કરી છે. પર્પલ પેબલ્સ અમેરિકામાં ખસેડવામાં આવી છે તો હવે અમે ભારતમાં કોઈ ફિલ્મ નહીં બનાવીએ. પણ જો ભવિષ્યમાં પ્રિયંકા ફિલ્મ બનાવવા ભારત આવશે, તો પછી જોઈએ. જો કે હમણાં પ્રિયંકાનો આવો કોઈ પ્લાન નથી.'' પર્પલ પેબલ પિક્ચર્સે ૨૦૧૬માં સંતોષ મિશ્રાની ભોજપુરી ફિલ્મ 'બમ બમ બોલ રહા હૈ કાશી'થી શરૂઆત કરી હતી. તે પછી ૨૦૧૬માં રાજેશ માપુસ્કરની'વેન્ટિલેટર' આવી, જેમાં દિગ્દર્શક આશુતોષ ગોવારિકર મુખ્ય ભૂમિકામાં હતા. આ ફિલ્મે ડિરેક્શન, એડિટિંગ અને સાઉન્ડ મિક્સિંગ માટેના ત્રણ નેશનલ એવોર્ડ પણ જીત્યા હતા. ૨૦૧૮માં પાખી ટાયરવાલાએ ડિરેક્ટર તરીકે પહેલી નેપાળી ફિલ્મ 'પહુના: ધ લિટલ વિઝિટર્સ' બનાવી હતી જેની પ્રોડ્યુસર પ્રિયંકા હતી. પ્રિયંકાએ ૨૦૧૯માં કરેલી મરાઠી પ્રોડક્શનની 'પાની' ફિલ્મે પર્યાવરણ સંરક્ષણ પર શ્રેષ્ઠ ફિલ્મ માટે નેશનલ ફિલ્મ એવોર્ડ જીત્યો હતો. આ સિવાય પ્રિયંકાએ પંજાબી, આસામી અને અંગ્રેજીમાં પણ ફિલ્મો પ્રોડ્યુસ કરી છે. ૨૦૧૯માં શોનાલી બોઝની ફિલ્મ 'ધ સ્કાય ઈઝ પિંક' તેમજ રામીન બહરાનીની ૨૦૨૦માં રિલીઝ થયી.

### આરોહી પટેલે તત્સત મુનશી સાથે ફેરા ફર્યા

# 'લવની ભવાઈ' ફેમ આરોહી પટેલ લગ્ન થયા

### આરોહી પટેલે પોતાના સોશિયલ મીડિયા પર તસવીરો શેર કરીને લગ્નના સમાચાર ચાહકોને આપ્યા

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના કલાકારોમાં લગ્નની સીઝન ખુલી છે. થોડા સમય પહેલા જ મલ્હાર ઠાકર અને પુજા જોશીના લગ્ન કરી નવી જિંદગીની શરૂઆત કરી છે. ત્યારે હવે લવની ભવાઈ ફિલ્મની એક્ટ્રેસ આરોહી પટેલ પણ લગ્નના બંધનમાં બંધાઈ ગઈ છે. આરોહીએ ઉદયપુરમાં ડેસ્ટિનેશન વેડિંગમાં તત્સસ મુનશી સાથે લગ્નના ફેરા ફરી જિંદગીની નવી ઈનિંગની શરૂઆત કરી છે. બન્નેના લગ્નની તસવીરો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહી છે.આરોહી પટેલ અને તત્સત મુનશીએ રાજસ્થાનના ઉદયપુરમાં ધામધૂમથી લગ્ન કરી લીધા છે. આરોહી પટેલ અને તત્સત મુનશીએ ઉદયપુરમાં ડેસ્ટિનેશન વેડિંગ કર્યા છે. આરોહી અને તત્સતના લગ્નમાં ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની હસ્તીઓ ઉદયપુર પહોંચી હતી. નવદંપતી મલ્હાર અને પૂજા પણ ખાસ મિત્ર આરોહીના લગ્નમાં સામેલ થયાં હતા.આ લગ્નની સીઝન ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે ખાસ રહી છે. આ સીઝનમાં ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની બે જોડીઓ લગ્નના બંધનમાં બંધાઈ છે. પહેલા મલ્હાર ઠાકર-પૂજા જોશીએ લગ્ન કર્યા, તો હવે આરોહી પટેલ અને તત્સત મુનશીએ પણ લગ્ન કરી લીધા છે.આરોહી પટેલ અને તત્સતે તેમના લગ્નની તસવીરો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે. આરોહી પટેલે પોતાના સોશિયલ મીડિયા પર તસવીરો શેર કરીને લગ્નના સમાચાર ચાહકોને આપ્યા છે. તસવીરો પોસ્ટ કરીને આરોહીએ લખ્યું, પ્યાર દોસ્તી હૈ.આરોહી અને તત્સત બંનેએ લગ્નમાં પોતાનો લૂક સિમ્પલ રાખ્યો હતો, છતાં પણ તેમનો આ લૂક ખાસ હતો. આરોહીએ પોસ્ટ કરેલી તસવીરમાં તેના હાથની મહેંદીમાં તત્સતનું નામ પણ જોવા મળી રહ્યું છે. બંનેએ લગ્ન કર્યા પછી ચિયર્સ કરતો પોઝ આપતી પણ તસવીર ક્લિક કરાવી છે. કપલની હલ્દી સેરેમની અને સંગીતમાં ગુજરાતી કલાકારોએ ખૂબ ડાન્સ કર્યો હતો. જયારે થોડા દિવસો પહેલા તત્સત મુનશીના ઘરે સંગીતનું આયોજન કરવામાં આવ્યું હતું.કઈ ફિલ્મમાં બન્નેએ સાથે કામ કર્યું?તત્સત મુનશી અને આરોહી પટેલે ઓમ મંગલમ સિંગ્લસ ફિલ્મ અને વેબસિરીઝ નોન આલ્કોહોલ બ્રેકઅપ માં સાથે કામ કર્યું છે. આ સિવાય આ બંન્ને અવારનવાર સાથે જોવા મળતા હતા. તાજેતરમાં મલ્હાર ઠાકર અને પૂજા જોશીના રિસેપ્શનમાં બન્નેએ એકસાથે તસવીરોમાં પોઝ આપ્યા હતા.ક્યારે બન્ને વચ્ચે મિત્રતા થઈ? તત્સત મુનશી અને આરોહી પટેલ વેબ સિરીઝ નોન આલ્કોહોલિક બ્રેકઅપના સેટ પર મિત્રો બન્યા હતા અને ફિલ્મ ઓમ મંગલમ સિંગલમના શૂટિંગ પછી બન્ને વચ્ચે મિત્રતા વધુ મજબૂત બની હતી. તત્સત મુનશી અને આરોહી પટેલે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, અમારી ફેમિલી અમને ટોમ એન્ડ જેરી કહે છે. અમારી મિત્રતા તેમના જેવી છે. આ સિવાય બંનેને વીડિયો ગેમ્સ અને મસાલા મૂવીઝ ખૂબ જ ગમે છે.



### રિલેશનશિપ કન્ફર્મ કરે તેનો ચાહકોમાં ઇન્તઝાર

# રશ્મિકાએ વિજય દેવરકોન્ડાના પરિવાર સાથે 'પુષ્પા-૨' મૂવી જોઈ

રશ્મિકા મંધાના અને વિજય દેવરકોન્ડાએ ક્યારેય આ વાતનો ખુલ્લેઆમ સ્વીકાર કર્યો નથી પણ લગભગ હવે સાબિત થઈ જ ગયું છે કે તેઓ એક કપલ છે. ૫ ડિસેમ્બરે રીલિઝ થયેલી 'પુષ્પા ૨'માં રશ્મિકા અલ્લુ અર્જુનની પત્નીનો રોલ કરે છે.. તેના પર્ફોમન્સને ચાહકોની અઢળક પ્રશંસા મળી છે જેના લીધે હાલમાં તે ખબરો અને અહેવાલોમાં છવાઈ ગઈ છે.આ દરમિયાન હૈદરાબાદમાં 'પુષ્પા ૨'નાં સ્ક્રિનિંગ દરમિયાન રશ્મિકા વિજય દેવરકોન્ડાનાં પરિવાર સાથે જોવા મળી હતી. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલી તસવીરમાં, રશ્મિકા વિજયની માતા અને ભાઈ આનંદ દેવરકોન્ડા સાથે જોવા છે. આ અગાઉ દિવાળી પર બંને સાથે હોવાની ચર્ચા હતી. સાથે જ વિજય દેવરકોંડા 'પુષ્પા ૩ ધ રેમ્પેજ'માં વિલનની ભૂમિકા માટે ફાઈનલ થયો હોવાની પણ ચર્ચા પણ જામી છે. ૨૦૧૮માં રિલિઝ થયેલી ફિલ્મ 'ગીત ગોવિંદમ'રશ્મિકા અને વિજયની એકબીજા સાથે પહેલી ફિલ્મ હતી. જેના 'યેન્તી યેન્તી' સોન્ગથી આ કપલ વાયરલ થયું હતું. આ સિવાય તેમણે 'ડીયર કોમરેડ' ફિલ્મમાં પણ સાથે કામ કર્યું છે. શરૂઆતમાં તેમના કપલ હોવાની અફવા હતી. પરંતુ,છેલ્લા કેટલાક સમયથી આ વાત સાચી હોવાનું અનુમાન છે. ચેન્નઈમાં થયેલા 'પુષ્પા ૨'નાં પ્રી-રિલીઝ ઈવેન્ટમાં વિજય દેવરકોન્ડા હાજર રહ્યો હતો. ઈવેન્ટના હોસ્ટે રશ્મિકાને તે જેને પરણવા ઈચ્છે છે તે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી છે કે કેમ તેવું પૂછ્યું હતું. જેના જવાબમાં રશ્મિકાએ સ્માઈલ સાથે ''બધાં તેના વિશે જાણે છે'' તેવું કહ્યું હતું. ભવિષ્યમાં રશ્મિકા રાહુલ રવિન્દ્રન દિગ્દર્શિત 'ગર્લફ્રેન્ડ' નામની ફિલ્મમાં જોવા મળશે. જેનું ટીઝર 'પુષ્પા ૨' જોવા જતાં દર્શકોને મોટા પડદા પર જોવા મળ્યું છે. અલબત્ત ટીઝર માટે બીજા કોઈ નહીં પણ વિજય દેવરકોન્ડાએ વોઈસઓવર આપ્યો છે.આ કપલનાં ચાહકો નવા અપડેટ માટે ઘણી આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યાં છે.




### આમિરે 'જુનૈદના પિતા' તરીકે પોતાની ઓળખ આપી હતી

# આમિરને 'મહારાજ'ની એક્ટ્રેસ શાલિની પાંડે ઓળખી શકી નહીં

આમિર ખાનના દિકરા જુનૈદ ખાને એક્ટ્રેસ શાલિની પાંડે સાથે 'મહારાજ' ફિલ્મમાં કામ કર્યું હતું. આ ફિલ્મથી જુનૈદે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કર્યું છે. શાલિનીને પણ આ ફિલ્મથી વધારે લોકપ્રિયતા મળી હતી. ત્યારે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તેણે આમિર ખાન સાથેની મુલાકાતનો એક રમુજી કિસ્સો જણાવ્યો હતો. શાલિનીએ જણાવ્યું હતું કે આ ફિલ્મમાં કામ કરતાં કરતાં તેને જુનૈદ સાથે સારી દોસ્તી થઈ ગઈ હતી. ફિલ્મ રિલીઝ ૫છીની ઘટનાઓ અંગે વાત કરતાં શાલિનીએ કહ્યું હતું કે આમિર ખાને એ ધ્યાન રાખ્યું હતું કે તે મહારાજની સક્સેસ પાર્ટીમાં હાજરી આપવાનું ચૂકે નહીં. તેમાં પણ જ્યારે શાલિની આમિરને ઓળખી શકી નહીં, ત્યારે આ ઘટના થોડી રમુજી બની ગઈ હતી.શાલિનીએ આ અંગે કહ્યું,''અમારે ફિલ્મની સક્સેસ પાર્ટીમાં જવાનું હતું, હું અને જુનૈદ દોસ્ત બની ગયા હતા. તો તેમણે(આમિર) મને પૂછ્યું કે ''તું પાર્ટીમાં આવે છે ને?'' મને થયું , ''આ કોણ છે?'' એમણે કહ્યું, ''જુનૈદના ડૅડ''. તો પણ હું ઓળખી શકી નહીં અને મેં પૂછ્યું, ''જુનૈદના ડૅડ કોણ?'' પછી મને સમજાયું, અને એમણે કહ્યું, ''આમિર ખાન''.'' શાલિનીએ કબૂલ્યું કે તે આમિરને ઓળખી શકી નહીં તેથી તે ખૂબ શરમજનક સ્થિતિમાં મુકાઈ હતી, પરંતુ આમિરે આ વાતને ઘણી હળવાશથી લીધી હતી. તેણે કહ્યું,''મેં કહ્યું, સોરી સર'' તો એ હસવા લાગ્યા અને કહ્યું, ''ના..ના બિલકુલ, હું તારો અંકલ છું..હું જુનૈદનો ડૅડ.'' એક ક્ષણ માટે, હું બિલકુલ ભુલી જ ગઈ હતી કે જુનૈદના પપ્પા કોણ છે. અચાનક મને ખ્યાલ આવ્યો, કે આ આમિર ખાન છે.''



### પુષ્પા ૨ રિલીઝના પહેલા દિવસે ઓનલાઈન લીક થઈ ગઈ છે

# 'પુષ્પા ૨' ને લાગ્યો જબરજસ્ત ઝટકો - રિલીઝના થોડા કલાકોમાં ફિલ્મ થઈ ઓનલાઈન લીક

લાંબા ઈંતજાર બાદ અલ્લુ અર્જુનની લોકપ્રિય ફિલ્મ પુષ્પા ૨ સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. વિસ્ફોટક એક્શન અને શાનદાર સ્ટોરી ટેલિંગ પ્રસ્તુત કરતી આ ફિલ્મ સવારના શોથી જ ચાહકોની પ્રથમ પસંદગી બની ગઈ છે. પુષ્પા-ધ રૂલની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે. પરંતુ આ બધાની વચ્ચે પુષ્પા ૨ના નિર્માતાઓને મોટો આંચકો લાગ્યો છે. કારણ કે પુષ્પા પાર્ટ ૨ રિલીઝના પહેલા જ દિવસે ઓનલાઈન લીક થઈ ગઈ છે. આવો જાણીએ લીક થવાથી ફિલ્મ મેકર્સને કેવા પ્રકારનું નુકસાન વેઠવું પડી શકે છે. પુષ્પા ૨ ઓનલાઈન લીક, ચાહકો ઘણા સમયથી પુષ્પા ૨ ની રિલીઝની રાહ જોઈ રહ્યા હતા અને ફિલ્મની રિલીઝ સાથે જ તેમની રાહ પૂરી થઈ ગઈ છે. પુષ્પા-ધ રૂલને પ્રેક્ષકો અને વિવેચકો તરફથી સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે. બીજી તરફ સાઉથની આ ફિલ્મ ઓનલાઈન લીક થવાના કારણે ચર્ચામાં આવી છે. ETimes ના સમાચાર મુજબ, અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદન્નાની પુષ્પા ૨ ઘણી પાયરેસી સાઈટ્સ પર લીક થઈ ગઈ છે. રિલીઝ થયાના થોડા જ કલાકોમાં આ ફિલ્મનું આડેધડ વેચાણ થઈ રહ્યું છે. પુષ્પાનો ભાગ HD 1080p ફોર્મેટથી 240p પ્રિન્ટમાં લીક સ્વરૂપમાં ઉપલબ્ધ છે. મહત્વનું છે કે, પુષ્પા ૨ પહેલા પણ ઘણી મોટી ફિલ્મો આવી છે જે પાયરસીનો શિકાર બની છે. જેના કારણે નિર્માતાઓની ચિંતા વધી ગઈ છે. હાલમાં પુષ્પા-ધ રૂલના કિસ્સામાં પણ કંઈક આવું જ જોવા મળી રહ્યું છે. લીક થવાને કારણે મેકર્સને નુકસાન થશે. એવી અપક્ષા રાખવામાં આવે છે કે પુષ્પા ૨ તેની રિલીઝના પ્રથમ દિવસે બોક્સ ઓફિસ પર ધમાકેદાર કમાણી કરશે. પરંતુ ઓનલાઈન લીકના કારણે મેકર્સને નુકસાન વેઠવું પડી શકે છે. લીક થવાને કારણે પુષ્પા ૨ના દર્શકોમાં ઘટાડો થશે અને તેની સીધી અસર ફિલ્મની કમાણી પર પડી શકે છે. જો કે, જોરદાર એડવાન્સ બુકિંગને કારણે, દિગ્દર્શક સુકુમારની આ મૂવી શરૂઆતના દિવસે રેકોર્ડ બ્રેક બિઝનેસ કરતી જોવા મળી શકે છે અને ભારતની મોટી ફિલ્મો પણ છોડી શકે છે.



### અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં

## અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરી દ્વારા મેળાના પ્રાંગણમાં માહિતી ખાતાના સાહિત્ય વિતરણ કરાયું



। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરીના અધિકારીશ્રીઓ દ્વારા બુક ફેસ્ટિવલના પ્રાંગણમાં માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતા વિવિધ સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મેળાની મુલાકાત લેતા નગરજનો અને વિદ્યાર્થીઓએ સાહિત્યને સ્વીકાર્યું હતું, આ સાહિત્ય પ્રજાજનોને ઉત્સાહપૂર્વક સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓને રૂબરૂ કરાવશે તેમજ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી નિવડે તેવી માહિતી પ્રદાન કરશે. અત્રે ઉલ્લેખનીએ છે કે, વિકસિત ગુજરાત વિકસિત ભારત,



ગ્રંથોત્સવ, લોક સંસ્કૃતિ ,આદિવાસી સંસ્કૃતિ તેમજ ગુજરાતની વિકાસલક્ષી યોજનાઓની પુસ્તિકાઓ અને ગુજરાત પાક્ષિક જેવા સાહિત્યોનું વિતરણ કરાયું હતું.

## કલા મહાકુંભના ઓફલાઈન રજીસ્ટ્રેશન માટે તા.૨૦/૧૨/૨૦૨૪ સુધી ફોર્મ ભરી શકાશે

। અમદાવાદ, તા.૮ ।

ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર દ્વારા અને જિલ્લા વહીવટી તંત્ર અમદાવાદની સહબરી હેઠળ તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી, અમદાવાદ દ્વારા આ વર્ષે પણ કલા મહાકુંભનું ઝોન/તાલુકા અને જિલ્લા કક્ષાએ આયોજન થનાર છે. જેમાં રજીસ્ટ્રેશન (ઓફલાઈન) ફોર્મ ભરવાની તારીખ ૦૧/૧૨/૨૦૨૪ થી તા.૨૦/૧૨/૨૦૨૪ છે.

આ વર્ષે કલા મહાકુંભમાં કુલ ૩૭ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ અને કુલ ચાર વયજૂથ - ૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ, ૨૧ થી ૫૯ વર્ષ અને ૬૦ વર્ષથી ઉપરના વયજૂથમાં સ્પર્ધા યોજાશે. ઝોન/તાલુકા કક્ષાએથી શરુ થતી કુલ ૧૪ કૃતિઓમાં વકતૃત્વ, નિબંધ, ચિત્રકલા, ભરતનાટ્યમ, એકપાત્રીય અભિનય, લોકનૃત્ય, રાસ, ગરબા, સુગમ સંગીત, લગ્નગીત, સમૂહગીત, લોકગીત/ભજન, તબલા, હાર્મોનિયમ(હળવું)નો સમાવેશ થાય છે.

સીધી જિલ્લા કક્ષએથી શરુ થતી ૦૯ કૃતિઓમાં કાવ્યલેખન, ગઝલ-શાયરી, લોકવાર્તા, દુહા-છંદ-ચોપાઈ, સર્જનાત્મક કારીગરી, સ્કૂલબેન્ડ, ઓરગન, કથ્થક અને શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની)નો સમાવેશ થાય છે. સીધી પ્રદેશકક્ષાએથી શરુ થતી કુલ ૦૭ સ્પર્ધાઓમાં સિતાર, ગીટાર, વાંસળી, વાયોલીન, કુચીપુડી, ઓડીસી, મોહીની અટ્ટમનો સમાવેશ થાય છે.

જ્યારે સીધી રાજ્યકક્ષાએથી શરૂ થતી કુલ ૦૭ સ્પર્ધાઓમાં પખાવજ, મૃદગમ, રાવણ હથ્થો,જોડિયા પાવા, સરોદ, સારંગી, ભવાઈ વગેરે કૃતિઓ યોજાશે.

આ સ્પર્ધામાં વધુમાં વધુ કલાકારો ભાગ લે તે માટે તમામ શાળાઓ, કોલેજો તથા વિવધ સંસ્થાઓ તેમજ ભણતા ન ભણતા કલાકારોને ભાગ લેવા જિલ્લા યુવા વિકાસ અધિકારી અમદાવાદની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

કલા મહાકુંભ સ્પર્ધાના એન્ટ્રી ફોર્મ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી રવિશંકર રાવળ કલા ભવન, સાતમો માળ, ભાઈકાકા ભવન પાસે,લો ગાર્ડન, એલીસબ્રીજ, અમદાવાદ -૩૮૦૦૦૬ થી મેળવી અત્રેની કચેરીએ મોકલવાના રહેશે, તેવું જિલ્લા યુવા વિકાસ અધિકારી અમદાવાદની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## સિસોદ્રા ખાતે સંયુક્ત ખેતી નિયામકશ્રી કે. વી. પટેલના અધ્યક્ષસ્થાને રવિ કૃષિ મહોત્સવ યોજાશે

। (માહિતી) સુરત, તા.૮ ।

આજ રોજ ઇ.દ્ર.૨. પટેલ સાર્વજનિક વિધ્યાલય ક્રીકેટ ગ્રાઉન્ડ, સિસોદ્રા, નવસારી ખાતે રાજ્યના ખેડૂતોને રવિ સીઝનમાં રવિ પાકો વિષે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન તેમજ ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુસર નવસારી તાલુકામાં આયોજીત બે દિવસીય રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમના દ્વિતીય દિવસે તાલુકા પંચાયત નવસારીના પ્રમુખશ્રી પ્રતિભાબેન આહીર, સરપંચશ્રીઓ તથા સુરત વિભાગના સયુક્ત ખેતી નિયામક (વી.) શ્રી કે. વી. પટેલની વિશેષ ઉપસ્થિતી સાથે ડો. એ. આર. ગજેરા- જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, શ્રી પી. બી. કોલડીયા – મદદનીશ ખેતી નિયામકશ્રી અને કૃષિ વૈજ્ઞાનિકો પણ હાજર રહ્યા હતા. જેમાં વિવિધ વિભાગના કુલ -૧૮ પ્રકારના ખેડૂત ઉપયોગી સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના વિશેષ અતિથિ શ્રી કે. વી. પટેલ, સંયુક્ત ખેતી નિયામકશ્રી દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ કરવા માટે આહવાન કર્યું હતું તેમજ ખેડૂતોને સરકારશ્રીની ખેડૂતલક્ષી તમામ યોજનાઓ, ફાર્મર રજીસ્ટ્રી અને પાક નુકશાની જેવી તમામ યોજનાના લાભો વિશે ખેડૂતોને માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે ડો. એ. આર. ગજેરા- જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી એ કાર્યક્રમની રૂપરેખા અને મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

ખેડૂતોને કૃષિ વૈજ્ઞાનિક શ્રી જીલેન માયાણી દ્વારા બાગાયતી પાકોની વૈજ્ઞાનિક ખેત પધ્ધતિ, શ્રી કલ્પેશ ચૌધરી દ્વારા મિલેટ્સ પાકો અંગે, ડો. એન. જી. સવાણી દ્વારા ખેતી પાકોની ખેત



પધ્ધતિ વિષે બહોળી માહિતી આપવામાં આવી અને કૃત્રિમ બીજદાન તથા પશુપાલન અંગે ડો. એસ. પી. ગામીત દ્વારા વિશેષ માહિતી પણ આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં હાજર પ્રાકૃતિક ખેતી કરતાં પ્રગતિશીલ ખેડૂતો શ્રી પરેશભાઈ ટી. પટેલ (ઓણચી) અને શ્રી સેજલભાઈ ડી. પટેલ (કુંભાર ફળિયા) એ પોતાના પ્રાકૃતિક ખેતીના અનુભવો વશે વક્તવ્ય રજૂ કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ શ્રી પી. બી. કોલડીયા – મદદનીશ ખેતી નિયામકશ્રીએ કરી હતી. આ પ્રસંગે ખેતીવાડી વિભાગ દ્વારા કુલ – ૨ ખેડૂતોને રૂ.૨,૫૩,૬૮૦ /- , પશુપાલન વિભાગ દ્વારા કુલ – ૨ ખેડૂતોને રૂ. ૨૩૪૨/- ની બિયારણ કીટ તથા બાગાયત વિભાગ દ્વારા કુલ – ૩ ખેડૂતોને શાકભાજી પાકોના વાવેતર માટે સહાય યોજણાની પૂર્વમંજૂરીના લાભોનુ વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ખેડૂતોએ હાજરી આપી કાર્યક્રમ અને વિવિધ સ્ટૉલની મુલાકાત લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ નુ સફળ સંચાલન તાલુકા વહીવટી ટીમ અને ખેતીવાડી ખાતાના ગ્રામ સેવકશ્રીઓ અને વિસ્તરણ અધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

### નડિયાદ-ખેડા ખાતે રાજ્યકક્ષાની ટેકવોન્ડો સ્પર્ધા યોજાઈ

## સ્પર્ધામાં ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ રાજપીપળા સંસ્થામાં આશ્રિત બાળકે ત્રીજો ક્રમ હાંસલ કરી ઉત્કૃષ્ટ દેખાવ કર્યો

। (માહિતી) નડિયાદ, તા.૮ ।

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત રાજ્ય કક્ષા શાળાકીય (S.G.F.I) અન્ડર ૧૪, ૧૭ અને ૧૯ ટેકવોન્ડોની સ્પર્ધા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર નડિયાદ-ખેડા ખાતે તા. ૨૬ ઓકટોબર ૨૦૨૪ થી ૨૮ ઓકટોબર ૨૦૨૪ દરમિયાન ૬૮ મી અખિલ ભારતીય શાળાકીય રમતોની સ્પર્ધા (રાજ્યકક્ષા ટેકવોન્ડો સ્પર્ધા) યોજાઈ હતી. આ સ્પર્ધામાં નર્મદા જિલ્લાના, ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ રાજપીપળા સંસ્થાનાં કુલ ૦૯ વિદ્યાર્થીઓએ ટેકવેન્ડો સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. જેમાં અંડર-૧૪ (વેટ કેટેગરી ૧૮થી ૨૧) માં ભાગ લેનાર વિદ્યાર્થી વિવેક દિલીપભાઈ વસાવાએ સમગ્ર રાજ્યમાં ત્રીજો ક્રમ મેળવી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ રાજપીપળા- નર્મદા જિલ્લા સહિત પોતાના અંતરિયાળ ગામ કાંદા દેડિયાપાડા નું નામ રોશન કર્યું છે. ધી રીજીઓનલ પ્રોબેશન એન્ડ આફટર કેર એસોસિયેશન સંચાલિત ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ રાજપીપળા નર્મદાની સંસ્થામાં આશ્રિત બાળક વિવેકભાઈ વસાવા મૂળ નર્મદા જિલ્લાનાં દેડીયાપાડા તાલુકાના કાંદા ગામના છે. પિતાની છત્રછાયા ન હોવાથી આ ૧૦ વર્ષના બાળકનું ભવિષ્ય ન રૂંધાય જાય તે માટે જુન-




૨૦૨૪ થી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ રાજપીપળા સંસ્થામાં કાળજી અને રક્ષણ માટે આશ્રય હેઠળ રહે છે. હાલ તેઓ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ પ્રાથમિક શાળા રાજપીપળા ખાતે ધો- ૬ માં અભ્યાસ કરે છે. આ બાળકને રાજ્યકક્ષા સુધી મોકલવા સતત તાલીમ અને પ્રેકટીસ કરાવનાર સંસ્થાના પી. ટી. ઈન્સ્ટ્રકટર કમ યોગા ટીચર શ્રી રાજદીપભાઈ પાસવાન તથા રમત ગમત સંકુલ રાજપીપળા- નર્મદાના કોચ શ્રી જીતેન્દ્રભાઈ વસાવાની સતત મહેનત અને અથાક પ્રયત્નથી સફળતા મળી છે. જેથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, ઈ.ચા બાળ સુરક્ષા અધિકારીશ્રી તેમજ ચિલ્ડ્રન હોમ ફોર બોયઝનાં સુપ્રીટેન્ડન્ટ અને કર્મચારીગણ દ્વારા બાળક વિવેકને ઉત્તરોત્તર પ્રગતિ કરી શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરે તેમ શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

## નર્મદા જિલ્લાના પાંચે તાલુકાનાં ખેડૂતમિત્રોએ મોટી સંખ્યામાં ભાગ લીધો

। નર્મદા, તા.૮ ।

રાજય સરકાર દ્વારા ખેડૂતોને રવિ સીઝનમાં રવિ પાકો વિષે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન તેમજ ખેડુતલક્ષી વિવિધ યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુસર નર્મદા જિલ્લાના પાંચે તાલુકાઓમાં તા.૦૬ અને ૦૭ ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન બે દિવસીય રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. નર્મદા જિલ્લામાં તા. ૭ મી ડિસેમ્બરે નાંદોદ તાલુકામાં સરદાર ટાઉનહોલ રાજપીપળા ખાતે નાંદોદના ધારાસભ્યશ્રી ડો. દર્શનાબેન દેશમુખ, ઈન્ચાર્જ જિલ્લા કલેકટર શ્રી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી અંકિત પન્નું, ગરૂડેશ્વર તાલુકામાં એમપીએમસી ગ્રાઉન્ડ ખાતે તાલુકા પંચાયત પ્રમુખ શ્રી માગતાભાઈ વસાવા, તિલકવાડા તાલુકામાં શ્રી કે.એમ. શાહ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે તાલુકા પંચાયત સદસ્ય શ્રીમતી પારૂલબેન તડવી, દેડીયાપાડા તાલુકામાં વેરાઈ માતા મંદિર ખાતે જિલ્લા પશુપાલન અધિકારી શ્રી ડો. આર.એલ. વસાવા, સાગબારા તાલુકામાં મામલતદાર કચેરી કમ્પાઉન્ડ ખાતે જિલ્લા પંચાયત સદસ્ય શ્રીમતી દક્ષાવબેન વસાવાની વિશેષ ઉપસ્થિતિમાં રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ડાંગ જિલ્લામાં જિલ્લા કક્ષાના 'સ્કિલ કોમ્પિટિશન કૌશલ્ય ઉત્સવ' નું આયોજન કરાયું

। (માહિતી) ડાંગ, તા.૮ ।

સમગ્ર શિક્ષા ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ડાંગ અને સમગ્ર શિક્ષા ડાંગના સંયુક્ત ઉપક્રમે ડાંગ જિલ્લા કક્ષાનો વર્ષ ૨૦૨૪- ૨૫ નો 'સ્કિલ કોમ્પિટિશન કૌશલ્ય ઉત્સવ' સરકારી માધ્યિક શાળા આહવા ખાતે યોજવામાં આવ્યો હતો. જિલ્લા કક્ષાના આ ઉત્સવમાં કુલ ૨૮ શાળાઓના ૩૯ અલગ અલગ ટ્રેડ દ્વારા વિદ્યાર્થીઓએ પોતાની કૃતિઓ રજુ કરી હતી. જેમાં શાળાઓના એક વોકેશનલ ટ્રેનર અને ચાર બાળકો સાથે કુલ ૧૫૦ વિદ્યાર્થીઓએ પોતાની કૃતિઓ રજુ કરી હતી.

શાળાના બાળકો શિક્ષણ સાથે વ્યવસાયલક્ષી શિક્ષણ મેળવે તે માટે સરકાર દ્વારા આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ ડાંગ જિલ્લાની શાળાઓમાં પણ ઈલેક્ટ્રોનિક્સ, હાર્ડવેર, હોટેલ એન્ડ ટુરિઝમ, ઓર્ગેનિક ફાર્મિંગ,



બ્યુટી એન્ડવેલનેસ જેવા અલગ અલગ કોર્સ ચાલે છે. આહવા ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં ઈનોવેશન કામગીરી પર દેખરેખ રાખનાર શ્રી અંકિતભાઈ ઠાકોર, ડાંગ જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક શ્રી સુનીલ પાટીલ, જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી જીગ્નેશભાઈ ત્રિવેદી, સરકારી માધ્યમિક શાળાના આચાર્યા શ્રી અમરસિંહ ગાંગોર્ડા સહિત શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## સશસ્ત્ર સેના ધ્વજ દિને વીર જવાનો અને પરિવારજનોના હિતાર્થે ફાળો આપતા જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધી

। (માહિતી) સુરત, તા.૮ ।

મા ભોમની રક્ષા માટે દિન-રાત ખડેપગે રહી દેશના સીમાડાઓની સુરક્ષા કરનારા વીર જવાનો તથા તેમના પરિવારજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાના અવસર 'તા.૭મી ડિસે.-સશસ્ત્ર સેના ધ્વજ દિન' નિમિત્તે સશસ્ત્ર સેના ધ્વજ દિન ભંડોળમાં સુરત જિલ્લા કલેક્ટરશ્રી ડો.સૌરભ પારધીએ પોતાનો વ્યક્તિગત ફાળો આપી જવાનો પ્રત્યે ઋણ અદા કર્યું હતું. કલેક્ટરશ્રીએ દેશનાસીમાડા ઓથી માંડીને પૂર-વાવાઝોડા-ભૂકંપ જેવી કુદરતી આપત્તિઓના સમયે નાગરિકોના જાન-માલના બચાવ અને રાહતની કામગીરી કરનારા વીર જવાનો તથા તેમના પરિવારોના કલ્યાણ માટે આર્થિક યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, રાષ્ટ્રની રક્ષા કાજે પોતાના પ્રાણોની પરવા કર્યા વિના દેશ અને સાર્વભૌમત્વનું રક્ષણ કરનાર, કાયદો અને વ્યવસ્થાની જાણવણી તેમજ કુદરતી આપદાઓની પરીસ્થિતિઓમાં પણ નાગરિકોની સહાયતા માટે ખડેપગે રહેતા આપણા સૈનિકો અને પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર વીર સૈનિકોના કુટુંબીજનો પ્રત્યે ઋણ અદા કરવું એ આપણી નૈતિક જવાબદારી છે. સેવા-દાન માટે હંમેશા અગ્રેસર રહેતા સુરતીઓની સેવાભાવનાથી ગત વર્ષે રૂ.૯૩ લાખનું ભંડોળ એકત્રિત કર્યું હતું. કલેક્ટરશ્રીએ પહાડથી લઈને સમુદ્ર સુધી ભારતવર્ષની રક્ષા કરનારા ત્રણેય સૈન્ય પાંખોના વીર જવાનોને ભારતીય સશસ્ત્ર સેના ધ્વજ દિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

## નાંદોદ તાલુકાના રવિ કૃષિ મહોત્સવના બીજા દિવસે સ્ટોલની મુલાકાત કરતા ધારાસભ્યશ્રી ડો.દર્શનાબેન દેશમુખ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અંકિત પન્નુ






। (માહિતી) સુરત, તા.૮ ।

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને કૃષિલક્ષી માર્ગદર્શન અને સરકારશ્રીની ખેડુતલક્ષી વિવિધ યોજનાઓ અંગેની માહિતી એક જ સ્થળેથી મળી રહે તેવા શુભ આશયથી બે દિવસીય રવિ કૃષિ મહોત્સવનું રાજ્યભરમાં આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે નાંદોદ તાલુકા મથકે સરદાર ટાઉનહોલના પ્રાંગણમાં બે દિવસીય કાર્યક્રમ યોજાયો હતો. નાંદોદ તાલુકાના રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪ના બીજા દિવસે પણ નાંદોદના ધારાસભ્યશ્રી ડો. દર્શનાબેન દેશમુખ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અંકિત પન્નુએ ટાઉનહોલ ખાતે વિવિધ વિભાગો દ્વારા ઊભા કરાયેલા સ્ટોલની મુલાકાત કરી હતી. તેઓની સાથે જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી વિનોદભાઈ પટોલ પણ જોડાયા હતા. આ મુલાકાત દરમિયાન પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલા ખેડૂતો અને સ્ટોલ પર ઉપસ્થિત વિવિધ કચેરીના અધિકારી-કર્મચારીશ્રીઓ સાથે તેઓએ કૃષિલક્ષી બાબતો અંગે ચર્ચા કરી હતી. નાંદોદ તાલુકાના ખેડૂતો મોટી સંખ્યામાં બીજા દિવસે પણ ઉમટી સ્ટોલની મુલાકાત સાથે સરકારશ્રીની કૃષિલક્ષી વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી-સાહિત્ય મેળવી સંતોષ વ્યક્ત કર્યો હતો. બે દિવસ દમિયાન તાલુકાના ખેડૂતોએ મોટી સંખ્યામાં કૃષિ મહોત્સવનો લાભ લીધો હતો અને તેમની ખેતીમાં ઉપયોગી માર્ગદર્શન મેળવીને તેમને મૂંઝવતા પ્રશ્નો અંગે પણ જાણકારી મેળવી હતી.

## આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. અન્યોના કામમાં તમારી દખલઅંદાજી આજે ટાળવી જોઈએ. આજે તમે તમારા પ્રિયપાત્ર સામ તમારી લાગણીઓ વ્યક્ત નહીં કરી શકો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. જે વેપ ારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. લાંબા સમયથી તમને ઝકડી રાખનારો એકાંતભર્યો તબક્કો પૂરો થાય છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપ ડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. આજે નાણાં સંભાળવામાં તમને મુશ્કેલી પડશે-તમે વધુ પડતો ખર્ચ કરી બેસશો કાં તમારૂં વૉલેટ ખોવાઈ જશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. ઘરને લગતા કેટલાક મુદ્દાઓ પર તરત ધ્યયાન આપવાની જરૂર છે. કોઈકની દખલને કારણે તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધો વણસી શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે વાહન ચલાવતી વખતે તકેદારી રાખો. તમારી રચનાત્મક પ્રતિભાનો યોગ્ય ઉપયોગ લેવાશે તો તે ખૂબ જ આકષર્ષક સાબિત થશે. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં. તમારા વ્યસ્ત સમય પત્રકમાંથી થોડો સમય કાઢી તમારા પરિવાર સાથે પાર્ટીમાં હાજરી આપજો. આનાથી તમે ન માત્ર દબાણમાંથી મુક્ત થશો બલ્કે તમારો ખચકાટ પણ દૂર

**તુલા (ર,ત) :**

આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. તમારા પ્રિયપાત્ર-જીવનસાથી તરફથી આવનારો ફોન કૉલ તમારો દિવસ બનાવશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે-કોઈ પણ નિર્ણય જોહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. આજે કામ તાણયુક્ત અને થકાવનારૂં હશે-પણ મિત્રોની સંગત તમને ખુશખુશાલ અને આરામદાયક મિજાજમાં રાખશે. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. તમારા જીવનસાથીની નાદુરસ્ત તબિયતને કારણે આજે રૉમાન્સ પર અસર પડશે. આ રાશિ ના જાતકો આજે લોકો ને મળવા કરતા એકાંત માં રહેવું વધારે પસંદ કરશો?











કોલકાતાઃ બાંગ્લાદેશ મુદ્દે કેન્દ્ર સરકાર વિરુદ્ધ નાગેન્દ્ર મઠ અને મિશન અને બંગાળી નાગરિક મંચ દ્વારા આયોજિત રેલીમાં ૮ ડિસેમ્બર, રવિવારના રોજ કોલકાતામાં વિવિધ ધર્મોના અસંખ્ય આધ્યાત્મિક નેતાઓએ ભાગ લીધો હતો.

**દેશ-વિદેશના ૧ લાખ હરિભક્તો ઉમટ્યા | કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું પુષ્પ માળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું**

# BAPS કાર્યકર સુવર્ણ મહોત્સવમાં મહંત સ્વામી મહારાજનું આગમન






કાર્યક્રમમાં સંગીત, પારંપારિક નૃત્ય સાથે લેઝર લાઇટીંગે લોકોને મંત્રમુગ્ધ કરી દીધા. સુવર્ણ કાર્યકર મહોત્સવનું દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ દરમિયાન મહંત સ્વામી, ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મંચ પર પહોંચ્યા હતા. જેમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું પુષ્પ માળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું.

| (એજન્સી) અમદાવાદ, તા.૮ |

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે BAPS સ્વામિનારાયણ સંસ્થા દ્વારા 'કાર્યકર સુવર્ણ મહોત્સવ' યોજવામાં આવ્યો છે. ત્યારે આ મહોત્સવમાં ગુજરાત, સહિત અન્ય રાજ્યો અને વિદેશથી ૧ લાખથી વધુ કાર્યકરો અમદાવાદના સ્ટેડિયમમાં હાજર રહ્યા છે. ત્યારે મહંત સ્વામી મહારાજ સૌ કાર્યકરોને આશીર્વાદ આપવા માટે સ્ટેડિયમમાં પધાર્યા હતા. સ્ટેડિયમમાં સંગીત અને નૃત્યના વિવિધ કાર્યક્રમથી કાર્યકર સુવર્ણ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

એક નાના બીજમાંથી વટવૃક્ષ બન્યું. જેમાં આ સ્વયંસેવકની સેવાઓ ભારત અને વિશ્વભરમાં કેવી રીતે વ્યાપી અને અનેક વિપરીત સંજોગોના વાવાઝોડા વચ્ચે પણ કર્તવ્યનિષ્ઠ આ કાર્યકરોની રોમાંચક ગાથાની પ્રસ્તુતિ કરવામાં આવી. આ સાથે વિપરીત પરિસ્થિતિઓમાં પણ સેવામાં અડગ રહેતા BAPSના મહિલા કાર્યકરોના અને પુરુષ કાર્યકરોના વિશિષ્ટ પ્રસંગો પર વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું. બીજ કાર્યક્રમમાં છેલ્લાં ૧૦૦ કરતાં વધુ વર્ષોથી આરંભાયેલી આ સ્વયંસેવક પરંપરાનું બીજારોપણ અને તેના પોષણની અદ્ભુત રજૂઆત કરવામાં આવી. સત્પુરુષના પ્રેમ દ્વારા આ બીજ અંકુરિત થાય છે. બી.એ.પી.એસ.ના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને ત્યારબાદ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આ કાર્યકર પ્રવૃત્તિના બીજ રોપ્યા અને ક્રમશઃ તેઓ અંકુરિત થયા. સુવર્ણ કાર્યકર મહોત્સવનું દિપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ દરમિયાન મહંત સ્વામી, ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મંચ પર પહોંચ્યા હતા. જેમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું પુષ્પ માળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું.

આનંદ સ્વરૂપ સ્વામીજીએ કહ્યું કે, BAPSના તમામ કાર્યકરો ઘણા વર્ષોથી સેવા આપી રહ્યા છે. જેમાં કેટલાક તો દસકોથી સેવા આપી રહ્યા છે. આ તમામ કાર્યકરો નિસ્વાર્થ ભાવથી સેવા આપે છે. એક પ્રસંગ હું તમને કહીશ કે, ૧૯૯૨માં ગાંધીનગરના અક્ષરધામનું ઉદ્ઘાટન થયું હતું. આ સાથે પ્રભુસ્વરૂપ યોગીજી મહારાજનો જન્મ શતાબ્દી મહોત્સવ ૩૪ દિવસ સુધી મનાવવામાં આવ્યો હતો, ત્યારે લાખોની સંખ્યામાં ભક્તો આવ્યા હતા. જેમાં આઈઆઈએમના મુખ્ય કાર્યવાહક ત્યા આવ્યા હતા. તેમની આ વ્યવસ્થા જોઈને પ્રભાવિત થયા હતા. આ સાથે મહોત્સવમાં એક સંત પાસે જઈને ત્રણ કલાક બેસીને આ વ્યવસ્થા વિશે જાણવું છે તેમ કહ્યું હતું. ત્યારે સંતે કહ્યું કે, આ મોટી સફળતા પાછળ કાર્યકરોનો મુખ્ય ફાળો છે.



**BAPS કાર્યકર સુવર્ણ મહોત્સવ : નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં અદભુત શો**

નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં BAPS સ્વામિનારાયણ સંસ્થા દ્વારા 'કાર્યકર સુવર્ણ મહોત્સવ'ની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગુજરાત સહિત અન્ય રાજ્યો અને વિદેશના ૧ લાખથી વધુ કાર્યકરો સ્ટેડિયમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ મહોત્સવમાં મહંત સ્વામી મહારાજે સૌ કાર્યકરોને આશીર્વાદ આપ્યા. સ્ટેડિયમમાં સંગીત અને નૃત્યના વિવિધ કાર્યક્રમોથી કાર્યકર સુવર્ણ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. જય હોપ આનંદ છાયોપ સુવર્ણ મહોત્સવના નાદથી સ્ટેડિયમ ગુંજી ઉઠયું. BAPSના સુવર્ણ મહોત્સવમાં એક લાખ કાર્યકરોના સામૂહિક ગાનથી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

### ભગવાનના દર્શન કર્યા બાદ વ્યક્તિએ પેટ્રોલ પંપ પર હાથ ફેરો કર્યો હતો

| રાગગઢ, તા.૮ |

આપણાં ત્યાં એક કહેવત છે કે ખોટા કામ કરતાં પહેલાં એકવાર ભગવાનનો ડર રાખો. ત્યારે રાજસ્થાનના રાજગઢમાં એક ચોરે આ કહેવતને સાચી સાબિત કરી દીધી છે. વાત જાણે એમ છે કે આ ચોરે પેટ્રોલ પંપ પર ચોરીને અંજામ આપતા પહેલાં ત્યાં કેબિનમાં રાખેલા ભગવાનના દર્શન કર્યા. જાણે કે તે ભગવાનની માફી માગી રહ્યો હોય. ભગવાનના દર્શન કર્યા બાદ આ વ્યક્તિએ પેટ્રોલ પંપ પર હાથ ફેરો કર્યો અને અંદાજે દોઢ લાખથી વધુ રૂપિયા લઈને રફૂચક્કર થઈ ગયો છે.

**મોદીનું સુવર્ણ કાર્યકર મહોત્સવમાં સંબોધન**

## યુક્રેન યુદ્ધમાં મેં ફોન કર્યો અને યુરોપથી BAPSના કાર્યકરો મદદે આવ્યા હતા

| (એજન્સી) અમદાવાદ, તા.૮ |



અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે BAPS સ્વામિનારાયણ સંસ્થા દ્વારા કાર્યકર સુવર્ણ મહોત્સવ યોજવામાં આવ્યો છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલી સંબોધનમાં કહ્યું હતું, કે હું ભલે તમારી વચ્ચે ઉપસ્થિત ન થઈ શક્યો પણ આ આયોજનની ઉર્જા અનુભવી શકું છું. આ દિવ્ય કાર્યક્રમ માટે મહંત સ્વામી તથા સંતોનું અભિવાદન તથા નમન કરું છું. કાર્યકર સુવર્ણ મહોત્સ ભગવાન સ્વામિનારાયણની શિક્ષાનો ઉત્સવ છે. મારું સૌભાગ્ય છે કે હું BAPSના સેવા કાર્યો સાથે હું જોડાઈ શક્યો. પીએમ મોદીએ યુક્રેન યુદ્ધ સમયનો કિસ્સો યાદ કરતાં કહ્યું હતું, કે ભુજમાં ભૂકંપ, કેરળમાં પૂર તથા કેદારનાથમાં આવેલી આફતમાં BAPSના કાર્યકરો પરિવાર ભાવથી સેવા કરી હતી. કોરોનાકાળમાં BAPSના મંદિર સેવા કેન્દ્રમાં બદલાઈ ગયા હતા. યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને બચાવવાનો નિર્ણય લેવામાં આવ્યો ત્યારે મોટી સંખ્યામાં ભારતીયો યુક્રેનથી પૉલેન્ડ પહોંચી ગયા હતા. તે સમયે મેં BAPSના એક સંત સાથે અડધી રાતે વાત કરી. મેં તેમને આગ્રહ કર્યો કે જે ભારતીય પૉલેન્ડ પહોંચી રહ્યા છે તેમની મદદ માટે મને તમારો સહયોગ જોઈએ. અને રાતોરાત આખા યુરોપથી BAPSના કાર્યકરો મદદ માટે આગળ આવ્યા.' કાર્યકર સુવર્ણ મહોત્સવ મહોત્સવમાં ગુજરાત, સહિત અન્ય રાજ્યો અને વિદેશથી ૧ લાખથી વધુ કાર્યકરો અમદાવાદના સ્ટેડિયમમાં હાજર રહ્યા છે. ત્યારે મહંત સ્વામી મહારાજ સૌ કાર્યકરોને આશીર્વાદ આપવા માટે સ્ટેડિયમમાં પધાર્યા છે. સ્ટેડિયમમાં સંગીત અને નૃત્યના વિવિધ કાર્યક્રમથી સુવર્ણ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે.

### દેવજીત સૈકિયાને બીસીસીઆઈના કાર્યવાહક સચિવ નિયુક્ત કરાયા

| નવી દિલ્હી, તા.૮ |

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડમાં મોટો ફેરફાર થયો છે. બોર્ડના સંયુક્ત સચિવ દેવજીત સૈકિયાને જય શાહે આઈસીસી ચેરમેન બન્યા બાદ બીસીસીઆઈના કાર્યવાહક સચિવ નિયુક્ત કરવામાં આવ્યા છે. બોર્ડના અધ્યક્ષ રોજર બિન્નીએ પોતાની બંધારણીય સત્તાનો ઉપયોગ કરીને સૈકિયાને વચગાળાના સમયગાળા માટે કાર્યકારી સચિવ તરીકે નિયુક્ત કર્યા છે.

**બાંગ્લાદેશે ઈતિહાસ રચી દીધો**

## એશિયા કપની ફાઈનલમાં ભારતની પહેલી વખત હાર

**બંને ટીમોની વચ્ચે આ મેચ ખૂબ જ લો સ્કોરિંગ રહી અને બાંગ્લાદેશની ટીમે કમાલનું પ્રદર્શન કરતા જીત પોતાના નામે કરી**

| (એજન્સી) દુબઈ, તા.૮ |

અંડર ૧૯ એશિયા કપ ૨૦૨૪ની ફાઈનલ મેચ દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં ભારત અને બાંગ્લાદેશની ટીમ વચ્ચે રમાઈ ગઈ. આ મેચમાં બાંગ્લાદેશની ટીમે મોટો ઉલટફેર કરતા ભારતીય ટીમને હરાવી અને તેણે સતત બીજી વાર ખિતાબ પોતાના નામે કર્યો. એટલે કે બાંગ્લાદેશની ટીમ પોતાનું ટાઈટલ ડિફેન્ડ કરવામાં સફળ રહી. બંને ટીમોની વચ્ચે આ મેચ ખૂબ જ લો સ્કોરિંગ રહી અને બાંગ્લાદેશની ટીમે કમાલનું પ્રદર્શન કરતા જીત પોતાના નામે કરી.

બાંગ્લાદેશની ટીમે સતત બીજી વાર અંડર ૧૯ એશિયા કપનો ખિતાબ જીતીને ઈતિહાસ રચી લીધો છે. આપને જણાવી દઈએ કે, આ ટૂર્નામેન્ટ ૧૯૮૯થી રમાઈ રહી છે, પણ બાંગ્લાદેશની ટીમ અંડર ૧૯ એશિયા કપના ઈતિહાસની ફક્ત બીજી જ ટીમ બની, જેણે બીજી વાર ખિતાબ જીત્યો હોય. તો વળી ટીમ ઈન્ડિયાએ ૮ વખત આ ટ્રોફી જીતી છે. આ બંને ટીમો ઉપરાંત પાકિસ્તાન અને અફઘાનિસ્તાને ૧-૧ વાર આ ટૂર્નામેન્ટ જીતી છે. તો વળી આ પહેલો મોકો છે જ્યારે ટીમ ઈન્ડિયાને ફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો હોય. આ અગાઉ જ્યારે ભારતીય ટીમે અંડર ૧૯ એશિયા કપની ફાઈનલ રમી છે, ત્યારે તે ફાઈનલ જીતીને આવ્યા છે.

ભારતીય ટીમે આ મેચમાં ટોસ જીતીને પહેલા બોલીંગ કરવાનો નિર્ણય લીધો. બોલીંગમાં સારુ પ્રદર્શન પણ જોવા મળ્યું. ભારતીય ટીમે બાંગ્લાદેશની ઈનિંગ્સને ૧૯૮ રન પર રોકી દીધી. આ દરમ્યાન યુધાજિત ગુહા, ચેતન શર્મા અને હાર્દિક રાજે ૨-૨ વિકેટ લીધી. તો વળી કિરણ ચોરમલે, કેપી કાર્તિકેય અને આયુષ મ્હાત્રે ૧-૧ વિકેટ લીધી. બીજી તરફ બાંગ્લાદેશ તરફથી રિઝાન હસને સૌથી વધારે ૪૭ રન બનાવ્યા. મોહમ્મદ શિહાબ જેમ્સે પણ ૪૦ રનનું યોગદાન આપ્યું. ફરીદ હસને પણ ૩૯ રનની ઈનિંગ્સ રમી.

૧૯૯ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની શરુઆત ખૂબ જ ખરાબ રહી. આયુષ મ્હાત્રે ખાલી ૪ રન બનાવીને આઉટ થઈ ગયો. ત્યાર બાદ સતત વિકેટ પડતી ગઈ.

## ડિરેક્ટર સુભાષ ઘાઈની તબિયત લથડી, હોસ્પિટલમાં દાખલ

| (એજન્સી) મુંબઈ, તા.૮ |

રામ લખન, સૌદાગર, ખલનાયક, પરદેશ અને તાલ જેવી શાનદાર અને હિટ ફિલ્મો આપનાર હિન્દી સિનેમાના દિગ્ગજ દિગ્દર્શક સુભાષ ઘાઈને મોડી સાંજે બાંદ્રાની લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ સમાચારે તેમના ચાહકોની ચિંતા વધારી દીધી છે, જેઓ ઘણા સમયથી તેમના સ્વાસ્થ્ય અપડેટની રાહ જોઈ રહ્યા હતા. દરમિયાન, તેમની ટીમ દ્વારા ડિરેક્ટરનું હેલ્થ અપડેટ જાહેર કરવામાં આવ્યું છે અને કહેવામાં આવ્યું છે કે તેમની તબિયત હવે કેવી છે? ફિલ્મ નિર્માતા સુભાષ ઘાઈની તબિયત હવે ઠીક છે. તેમના પ્રવક્તાએ ૭ ડિસેમ્બર, શનિવારે આ માહિતી આપી હતી. પ્રવક્તાએ કહ્યું કે સુભાષ ઘાઈને નિયમિત તપાસ માટે બાંદ્રાની લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તેમની સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે. તેમણે મળેલા પ્રેમ અને ચિંતા માટે દરેકનો આભાર પણ માન્યો હતો. અગાઉ, હોસ્પિટલ દ્વારા કહેવામાં આવ્યું હતું કે સુભાષ ઘાઈ ઈસ્કેમિક હાર્ટ ડિસીઝના દર્દી છે અને તાજેતરમાં જ તેમને હાઈપોથાઈરોડિઝમનું પણ નિદાન થયું હતું. તેમને ડો. રોહિત દેશપાંડેની દેખરેખ હેઠળ આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા. જો કે હવે તેમની તબિયતમાં સુધારો જોવા મળી રહ્યો છે. તેમની તબિયતની અપડેટ બહાર આવ્યા બાદ તેના ચાહકોએ રાહતનો શ્વાસ લીધો હતો. સુભાષ ઘાઈએ હિન્દી સિનેમામાં અભિનેતા તરીકે તેમની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમણે 'તકદીર' અને 'આરાધના' જેવી ફિલ્મોમાં નાની ભૂમિકાઓ ભજવી હતી. આ પછી તે 'ઓમંગ' અને 'ગુમરાહ' જેવી ફિલ્મોમાં લીડ રોલમાં જોવા મળ્યા હતા. પરંતુ એક અભિનેતા તરીકે તે વધારે સફળતા મેળવી શક્યા ન હતા, ત્યારબાદ તેમણે દિગ્દર્શનની દુનિયામાં પ્રવેશ કર્યો અને ઘણી સફળતા મેળવી. સુભાષ ઘાઈ લગભગ ૫૭ વર્ષથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહ્યા છે. તેણે ૧૯૬૭માં પોતાની ફિલ્મી કરિયરની શરૂઆત કરી હતી અને અત્યાર સુધીમાં ડઝનેક ફિલ્મોનું નિર્દેશન કર્યું છે. જેમાંથી ૧૩ ફિલ્મો બોક્સ ઓફિસ પર જબરદસ્ત હિટ રહી છે. તેમની પ્રખ્યાત ફિલ્મોમાં કાલીચરણ (૧૯૭૬), કર્જ (૧૯૮૦), હીરો (૧૯૮૩), રામ લખન (૧૯૮૯), સૌદાગર (૧૯૯૧), ખલનાયક (૧૯૯૩), પરદેશનો સમાવેશ થાય છે.

### સવારે લોકઅપમાં ભૂવાની તબિયત લથડી હતી

# માતા અને દાદી સહિત ૧૨ લોકોની હત્યાની કબૂલાત કરતા જ આરોપી ભૂવાનું પણ મોત

## પોલીસ દ્વારા ભૂવાને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જોકે સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ધર્મ અને આસ્થાના નામે લોકો પાસેથી પૈસા પડાવનારા ઘણા લોકો છે, પરંતુ પૈસા પડાવવાની સાથે છેતરપિંડી કરનારાઓ પણ લોહિયાળ રમત રમવામાં જરાય અચકાતા નથી. એક ભુવાએ તાંત્રિક વિધિના નામે લોકોને લલચાવીને મારી નાખવાનો ખેલ શરૂ કર્યો હતો. મહત્વની વાત એ છે કે, આ વ્યક્તિએ પોતાની તાંત્રિક વિધિથી લોકોને આકર્ષવા માટે એક યુટ્યુબ ચેનલ પણ બનાવી હતી. જોકે આખરે આ હત્યારો ભુવો પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. જોકે, હાલ તે ભુવાનું મોત થયું છે. જણાવી દઈએ કે, મૂળ સુરેન્દ્રનગર વઢવાણનો રહેવાસી નવલસિંહ ચાવડાની અમદાવાદની સરખેજ પોલીસે અનેક લોકોની હત્યાના ગુનામાં ધરપકડ કરી હતી. પોલીસે વઢવાણ લઈ જઈ પૈસા ડબલ કરવાની લાલચ આપનાર ભુવાને કારખાનેદારની હત્યાના કેસ મામલે રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. આ બાદ તેને ફરીથી અમદાવાદ લઈ જવામાં આવ્યો હતો. જોકે, અમદાવાદમાં ભુવા નવલસિંહની



પૂછપરછમાં ધડાકો થયો હતો. જણાવી દઈએ કે, ભુવા નવલસિંહ ચાવડાએ અત્યાર સુધીમાં આવી રીતે ૧૨ લોકોની હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, ઝોન ૭ના DCP શિવમ વર્માએ જણાવ્યું હતું કે, તેમણે આ ભૂવાની ૩ ડિસેમ્બરના રાત્રે ૧ વાગ્યા આસપાસ ધરપકડ કરવામાં આવી હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે, તેમણે ૧૨ જેટલી હત્યા કરી છે. રાજકોટમાં ૩, સુરેન્દ્રનગરમાં ૩, અસલાલીમાં ૧, અંજારમાં ૧ સહિત ૧૨ લોકોની હત્યા કરવામાં આવી હોવાની કબૂલાત કરી હતી. આ ભૂવો પૈસા ડબલ કરવાની લાલચ આપીને સોડિયમ નાઈટ્રેટ પાણી અથવા દારૂ સાથે પીવડાવતો હતો. આથી, ૧૫થી ૨૦ મિનિટમાં પીડિત મૃત્યું પામી જાય છે. આથી, પીએમમાં હાર્ટ એટેકના કારણે મોત થયું હોવાનું સામે આવે છે. તેમણે વધુમાં જણાવ્યું કે, આ ભૂવો સોડિયમ નાઈટ્રેટ સુરેન્દ્રનગરમાં આવેલી લેબોરેટરીમાંથી ૨૦ રૂપિયાનું ૧૦૦ ગ્રામ લઈ આવતો હતો. સોડિયમ નાઈટ્રેટનો ઉપયોગ લોન્ડ્રી જેવા કામોમાં ઉપયોગમાં લેવામાં આવે છે. સોડિયમ નાઈટ્રેટથી મોત થાય છે તેની જાણ કોઈ અન્ય ભૂવાએ આરોપીને કરી હતી. આ ભૂવાએ તેની સગી માતા, દાદી અને તેમના કાકાને પણ મોતને ઘાટ ઉતાર્યા હોવાની વાત સામે આવી છે. તેની કબૂલાત બાદ સવારે લોકઅપમાં ભુવાની તબિયત લથડી હતી. લોકઅપમાં વોમિટ થતા તે અંદર જ ઢળી પડ્યો હતો. આ બાદ, પોલીસ દ્વારા ભુવાને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

### ગુજરાત સરકારની વધુ એક સિદ્ધિ

# ભારત સરકાર તરફથી ગુજરાતને મળ્યો પ્રતિષ્ઠિત પુરસ્કાર......

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

કેન્દ્ર સરકારના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ દ્વારા ગુજરાત સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગને નવી દિલ્હી ખાતે પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

ગત તા.૫ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ અન્ન ચક્ર PDS સપ્લાય ચેઈન ઓપ્ટિમાઈઝેશન ટૂલ અને NFSA માટે સબસિડી ક્લેમ્સ એપ્લિકેશન (SCAN) પોર્ટલના લોન્ચિંગ સમયે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં જાહેર વિતરણ વ્યવસ્થા (PDS) સપ્લાય ચેઈન ઓપ્ટિમાઈઝેશન, કે જેમાં ખાસ કરીને રૂટ ઓપ્ટિમાઈઝેશન અમલીકરણના ઉત્તમ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૨ના જૂન માસથી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ લોજિસ્ટિક્સને સુવ્યવસ્થિત કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. રાજ્યમાં આવેલા ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (FCI) અને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ(GSCSCL)ના તમામ ગોડાઉન તેમજ તમામ વ્યાજબી ભાવની દુકાનો(FPS)ને ઓનલાઈન PDS પ્લેટફોર્મમાં સફળતાપૂર્વક જીઓ-ફેન્સ કરવામાં આવ્યા છે. ફાઉન્ડેશન ફોર ઈનોવેશન એન્ડ ટેક્નોલોજી ટ્રાન્સફર (FITT), આઈઆઈટી દિલ્હી અને વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP) દ્વારા સંયુક્ત રીતે એક ઓપ્ટિમાઈઝેશન સ્ટડી તૈયાર કરવામાં આવ્યો હતો.

જેમાં ગુજરાત માટે L1 એટલે કે FCI/CWC થી GSCSCL ગોડાઉન સુધીમાં ૩૮ ટકા અને L2 એટલે કે GSCSCL થી FPS સુધીમાં ૦૬ ટકા સુધીના નોંધપાત્ર ખર્ચ ઘટાડાનો અંદાજ દર્શાવવામાં આવ્યો હતો. જે અંતર્ગત વિભાગે વ્યાપક વિશ્લેષણ હાથ ધરીને ઓપ્ટિમાઈઝ કરી શકાય તેવા L1 માટે ૬૫૧ રૂટ્સ અને L2 માટે ૧૬,૮૨૭ રૂટ્સની ઓળખ કરી હતી. FCI ની FIFO નીતિ અને મૌસમી વિવિધતા જેવા પડકારો હોવા છતાં આ વિભાગે FCIના અધિકારીઓ,જિલ્લા અધિકારીઓ અને પરિવહન એજન્સીઓ સહિતનાં હિતધારકો સાથે સતત બેઠકો અને ચર્ચા વિચારણા કરી L1 માટે ૨૩૯ માંથી ૧૭૦ એટલે કે ૭૧.૧૨ ટકા રૂટ અને L2 માટે ૧૬,૮૨૭ માંથી ૧૫,૩૭૬ એટલે કે ૯૧.૩૭ ટકા રૂટ સફળતાપૂર્વક ઓપ્ટિમાઈઝ કર્યા હતા.

### ન્યૂઝ બ્રિફ

## ઈલેક્ટ્રીક સગડીમાં માતાને લાગ્યો હતો વીજ આંચકો

। (એજન્સી) જામનગર, તા.૮ ।

જામનગર તાલુકાના ગાડુકા ગામમાં ભારે કરુણા જનક કિસ્સો બન્યો છે, અને વીજ શોક લાગવાથી માતા પુત્ર બંનેના મૃત્યુ નિપજતાં ભારે ભારે અરેરાટી ફેલાઈ છે. માતાને વીજ શોક લાગતા તેને બચાવવા ગયેલા ૧૩ વર્ષના પુત્રને પણ વીજ આંચકો ભરખી ગયો હતો. આ કરુણાજનક બનાવની વિગત એવી છે કે. જામનગર તાલુકાના ગાડુકા ગામમાં રહેતી હંસાબા રાઠોડ નામની મહિલા ગઈકાલે રાત્રે પોતાના ઘરે ઈલેક્ટ્રીક સઘડીમાં રસોઈ બનાવી રહી હતી, જે દરમિયાન તેને એકાએક વીજ આંચકો લાગ્યો હતો, અને બેશુદ્ધ બની હતી. આ વેળાએ ઘરમાં હાજર રહેલા ૧૩ વર્ષના પુત્ર દિવ્યરાજસિંહએ પોતાની માતાને બચાવવા માટેનો પ્રયત્ન કર્યો હતો, તેમાં તેને પણ વીજ આંચકો લાગ્યો હતો.

## સેવાલિયા પોલીસે ૫૦ કિલો ગાંજાનો જથ્થો ઝડપી લીધો

। (એજન્સી) ખેડા, તા.૮ ।

ગુજરાતમાં નશાકારક પદાર્થ પર પ્રતિબંધ હોવા છતા અવારનવાર નશાકારક પદાર્થ ઝડપાતા હોય છે. ત્યારે ખેડાના સેવાલિયા પોલીસે નશીલા પદાર્થની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. મહારાજના મુવાડા નવી ચેક પોસ્ટ ખાતેથી ગાંજાનો જથ્થો ઝડપાયો છે. ૫૦ કિલો ગાંજાના જથ્થા સાથે ૨ આરોપીની પોલીસે ધરપકડ કરી છે. વાહન ચેકિંગ દરમિયાન કારમાંથી ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. કાર, મોબાઈલ સહિત ૭ લાખ ૧૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. પોલીસે કારચાલક સહિત અન્ય એકની ધરપકડ કરી છે.બીજી તરફ આ અગાઉ રાજકોટના ગવરીદડ નજીક ગાંજાના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો હતો. જીંએ જગદીશ બિશ્નોઈ નામના શખ્સને ૯ કિલો ગાંજા સાથે ઝડપ્યો હતો. મૂળ રાજસ્થાનનો આરોપી હાલ મોરબીનો રહેવાસી હોવાનું સામે આવ્યુ હતુ. રાજકોટ ડિલિવરી કરે તે પહેલા જ જીંની ટીમે ઝડપ્યો હતો. શખ્સ ગાંજો ક્યાંથી લાવ્યો અને ક્યાં આપવા જતો હતો તે દિશા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

### લિંબડી નેશનલ હાઈવે પરની ઘટના

# હોનેસ્ટ હોટલમાં MRP કરતા વધુ ભાવ સામે ગ્રાહકનો બળવો

## સંચાલકો ઉગ્ર થઈને બંને ગ્રાહકો સાથે મારામારી કરી

। (માહિતી) સુરેન્દ્રનગર, તા.૮ ।

રાજકોટ અમદાવાદ હાઈવે પર અનેક હોટલ આવેલી છે. જેને લઈને વસ્તુની કિંમત કરતા વધુ ભાવ લેવાના અનેક કિસ્સાઓ સામે આવતા હોય છે. ત્યારે ફરી એક વખત લીંબડી નેશનલ હાઈવે પર આવેલ હોનેસ્ટ હોટલના સંચાલકોની દાદાગીરી સામે આવી છે. એક ગ્રાહક દ્વારા પાનના ગલ્લા પર વેપારીને એમઆરપી કરતા વધુ ભાવ લેવા બાબતે ટકોર કરતા વેપારી ઉગ્ર બની ગયો હતો. જેનો વીડિયો પણ સામે આવ્યો છે.

જણાવી દઈએ કે, બે વ્યક્તિ હોટલમાં આવેલ પાનના ગલ્લા પર ગયા હતા. જે બાદ તેણે લીધેલી વસ્તુઓના ભાવ MRP કરતા વધુ વસૂલવામાં આવ્યો હતો. જેની ગ્રાહકોએ વીડિયો ઉતારતા પૂછ્યું કે, વધારે ભાવ કેમ લઈ રહ્યા છો, તો ગલ્લાવાળો શખ્સ ઉગ્ર થઈ ગયો હતો અને તે બન્ને હોટલના પાછળના ભાગે લઈ જવા લાગ્યો હતો. આ બાદ સામાન્ય બોલાચાલી બાદ ગલ્લો ચલાવનાર ઉગ્ર થઈ ગયો હતો અને મારામારી પર આવી ગયો હતો. ગ્રાહક વીડિયો ઉતારતો હતો તો ગલ્લાવાળો શખ્સ તેના પર તૂંટી પડ્યો હતો.

ઝઘડો જોઈને હોનેટ્સ હોટલના સંચાલકો પણ આવી ગયા હતા અને વીડિયો ઉતારવા બાબતે આ સખ્શો સામે મારામારી કરવા લાગ્યા હતા. આ બાબતે પોલીસ ફરિયાદ પણ કરવામાં આવી છે. આ બન્ને ગ્રાહકો દ્વારા કરવામાં આવેલી ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે, હોટલ પર રહેલા ૩થી ૪ અજાણ્યા શખ્સોએ અમારી સાથે મારમારી કરીને ગળામાં પહેરેલો સોનાનો ચેઈન આંચકી લીધો હતો. આ ઉપરાંત, અમને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની પણ લેખિત ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ બન્ને ગ્રાહકો દ્વારા જવાબદાર સંચાલકો અને માર મારનાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની માંગ કરી છે.

## પોલીસકર્મી પતિ સહિત સાસરિયાઓની ધરપકડ

। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદના નરોડા વિસ્તારમાં માતાએ પુત્ર સાથે ત્રીજા માળેથી કૂદકો મારી આત્મહત્યા કરી હતી. સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરતા ખુલાસો થયો કે, સાસરીયા પક્ષ હેરાન કરતા હોવાથી મહિલાએ પુત્ર સાથે આત્મહત્યા કરી હતી. પુત્રવધુ માનસિક રીતે બિમાર હોવાની વાત સાસરીયાઓ ઉપજાવી કાઢી હોવાનો પણ ઘટસ્ફોટ થયો છે. સમગ્ર મામલે નરોડા પોલીસે મહિલાના પોલીસકર્મી પતિ, સસરા અને સાસુની ધરપ કડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, નરોડના હંસપુરા વિસ્તારમાં ૩૩ વર્ષીય વિરાજબહેન વાણીયાએ ૮ વર્ષના પુત્રને ત્રીજા માળેથી ફેંક્યા બાદ તેમણે પણ કૂદકો મારીને આત્મહત્યા કરી હતી. વિરાજબહેનના પતિ મિતેશકુમાર વાણીયા હિંમતનગર ડોગ સ્ક્વોડમાં પોલીસ ખાતામાં ફરજ બજાવે છે. ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચીને ગુનો નોંધીને સમગ્ર મામલે તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે, મહિલાને તેના સાસરિયાઓ હેરાન કરતા હતા અને તેના કારણે જ મહિલાએ આપઘાત કર્યો હતો. સાસરિયાપક્ષે એવી વાત ઉપજાવી કાઢી હતી કે તેમની પુત્રવધુ માનસિક રીતે અસ્થિર હતી અને એટલે આત્મહત્યા કરી છે. સમગ્ર મામલે પોલીસ દ્વારા મૃતક મહિલાના પરિવારજનો સહિત પડોશીઓના પણ નિવેદન લેવામાં આવ્યા હતા.

### અભયમની ટીમ પહોંચી તો પતિનો ભાંડો ફૂટ્યો

# પતિએ અભયમ હેલ્પલાઈન પર કોલ કરીને મદદ માંગી

## અભયમ હેલ્પલાઈન પર પતિએ ફોન કરીને ખોટી માહિતી આપી, ટીમે કાઉન્સેલિંગ કરતા ઘરેલુ હિંસાનો કેસ સામે આવ્યો

। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

અભયમ હેલ્પલાઈન પર રોજ ગુજરાતની અનેક બહેન-દીકરી અને માતા મદદ માંગે છે અને તેમને તાત્કાલિક મદદ મળે છે. તેમની પારિવારિક કે અન્ય સમસ્યાઓને દૂર કરવાનો પ્રયાસ કરાય છે. ત્યારે વધુ એક પતિએ અભયમ પાસે મદદ માંગી હતી, પરંતુ બાદમાં પતિનો જ ભાંડો ફૂટ્યો હતો. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર એક ભાઈનો કોલ આવ્યો હતો કે, મારી પત્નીને મારા માસીના દીકરા સાથે અફેર છે. મારો માસીના દીકરાએ મારા ઘરે આવીને મારી પત્ની સાથે દુષ્કર્મ કર્યુ હતું અને તેના પર જીવલેણ મારપીટકરીનેભાગીગયોહતો.હુંહાલમારી પત્નીને હોસ્પિટલ લઈને આવેલ છું તમે મદદ માટે આવો. અભયમ ટીમ સ્થળ પર પહોંચતા પીડિત મહિલા સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે, તેમની સાથે દુશ્કર્મ નથી થયું અને તેમનું ક્યાંય પણ અફેર નથી. મહિલાએ અભયમને જણાવ્યું કે, તેમના લગ્નને આઠ વર્ષ થયા છે અને લવ મેરેજ કર્યા છે. સાત વર્ષની દીકરી અને દોઢ વર્ષનો દીકરો પણ છે. તેમના પતિને છેલ્લા છ મહિનાથી પાડોશીમાં રહેતી મહિલા સાથે અફેર છે અને તેઓ બંને સાથે રહે છે. હું મારા બંને બાળકો અને સાસુ સાથે એકલી રહું છું. મારા પતિ છેલ્લા છ મહિનાથી મને મળવા આવતા નથી અને તારી કંઈ જરૂર નથી હું તારી સાથે રહેવા માંગતો નથી તેવું જ કહે છે. આથી આજે બંનેએ છૂટાછેડા લેવાનું નક્કી કર્યું. પરંતુ કોર્ટમાં જઈને એવું જાણવા મળેલ કે દસ દિવસ પછી છૂટાછેડા થશે. આથી અમે બંને સાથે ઘરે આવ્યા હતા અને ઘરે આવ્યા બાદ અમારી વચ્ચે ઝઘડો થયો હતો.

### ૨ લોકોના ઘટના સ્થળે મોત નિપજ્યા

# ગાંધીનગરના નાના ચિલોડામાં ગમખ્વાર અકસ્માત સર્જાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના સામે આવતી હોય છે. ત્યારે ગાંધીનગરના નાના ચિલોડામાં ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં ૨ લોકોના કમકમાટી ભર્યા મોત થયા છે.

લીંબડીયા કેનાલ નજીક ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. કારમાં સવાર ૨ લોકોના ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતા. કારનો દરવાજો કાપીને બંન્ને મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા હતા. રાજ્યના કેટલાક નાગરિકો માટે ગઈ કાલે એટલે કે શનિવાર ગોઝારો સાબિત થયો હતો. ઉત્તર ગુજરાતથી માંડીને દક્ષિણ ગુજરાત સુધી, સૌરાષ્ટ્રથી માંડીને મધ્ય ગુજરાત સુધી સર્જાઇ અકસ્માતોની વણઝાર થઈ હતી. સાબરકાંઠાના વડાલી નજીક ઝાડ સાથે કાર અથડાતા સવાર બંને યુવકોના મોત નિપજ્યા હતા. તો બનાસકાંઠાના ખિમાણા-રાધનપુર હાઈવે પર કારે પલટી મારી હતી. આ અકસ્માતમાં એક જ પરિવારના ૪ સભ્યોનો આબાદ બચાવ થયો હતો. બીજી તરફ NH-48 પર બસની પાછળ ધડાકાભેર ટ્રેલરની ટક્કર થઇ હતી. બસમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટના કર્મચારીઓ સવાર હતા. તો જૂનાગઢમાં ૨ યુવતીને ખાનગી બસે ટક્કર મારતા એકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતુ. તો અમદાવાદના વસ્ત્રાલ નજીક ટ્રકની અડફેટે આવતા બાઈક સવારનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતુ.

### સ્ટેશનને જોડતો માર્ગ સિક્સ લેન કરવા સૂચન

# અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનના નવિનીકરણ સંદર્ભે બેઠક મળી

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનનું નવીનીકરણ થઈ રહ્યું છે. જેથી લોકોને વધુ સુવિધા મળી રહેશે અને લોકોને અગવડતા ના પડે તે માટે અદ્યતન પ્રકારે રેવલે સ્ટેશનનું નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે, રેલવે સ્ટેશનની કામગીરી હાલમાં કયા તબક્કામાં પહોંચી છે.

તે બાબતે સાંસદ, ધારાસભ્ય અને સ્થાનિક કોર્પોરેટર દ્વારા નિરીક્ષણ પણ કરવામાં આવ્યું. આ બાબતે યોજાયેલી મહત્વની બેઠકમાં કોંગ્રેસના કોર્પોરેટર અને નેતા પણ ઉપસ્થિત રહ્યા. જેમાં, કંપનીના અધિકારીઓ તેમજ રેલવેના અધિકારીઓએ કયા પ્રકારનું રેલવે સ્ટેશન બનશે તે બાબતે સમીક્ષા કરી. આ બેઠક દરમિયાન MLA દિનેશ કુશવાહએ સુચન કર્યું, કે હાલમાં જે ફોર લેન રસ્તો નક્કી કરાયો છે. તેને સિક્સલેન કરવાનું આયોજન કરવું જોઈએ. આ માર્ગ ફોર લેનમાંથી સિક્સ લેન કરવા બાબતે પડતી અડચણો બાબતે પણ ચર્ચા કરવામાં આવશે અને તેની રજૂઆત કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિનીકુમારને કરાશે. આપને જણાવી દઈએ, કાલુપુર રેલવે સ્ટેશન પર પાર્સલ મોકલવા માટે અલાયદી બિલ્ડીંગ તૈયાર કરવામાં આવશે. જેનો પ્રવેશ પણ અલગ જ રખાશે. હાલના તમામ પ્લેટફોર્મમાં એક લિફ્ટની વ્યવસ્થા છે. તેની જગ્યા પર હવે ચાર લિફ્ટ અને ચાર એસ્કલેટર બનાવવામાં આવશે.

### હવામાન વિભાગની આગાહી

# આગામી ત્રણ દિવસના રાજ્યમાં ફરી ઠંડીનો ચમકારો જોવા મળશે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ગુજરાતનાઅનેક શહેરોમાં છેલ્લા બે દિવસમાં ઠંડીનું પ્રમાણ ઘટ્યું છે. જોકે, હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ત્રણ દિવસના રાજ્યમાં ફરી ઠંડીનો ચમકારો જોવા મળશે. આગામી ત્રણ દિવસમાં રાજ્યના લઘુત્તમ તાપમાનમાં ૨થી ૪ ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે. અમદાવાદમાં શુક્રવારે મહત્તમ તાપમાન ૩૦.૮ ડિગ્રી જ્યારે લઘુત્તમ તાપમાન ૧૭.૯ ડિગ્રી નોંધાયું છે.જો શુક્રવારના તાપમાનની વાત કરીએ તો ગુજરાતમાં ૧૧.૬ ડિગ્રીથી લઈને ૨૩.૪ ડિગ્રી વચ્ચે લઘુતમ તપામાન નોંધાયું હતું. જેમાં સૌથી ઓછું નલિયામાં ૧૧.૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. જ્યારે વેરાવળમાં ૨૩.૪ ડિગ્રી લઘુતમ તાપ માન નોંધાયું હતું.અમદાવાદમાં છેલ્લા બે દિવસથી તાપમાનનો પારો ઉચકાયો હતો. જોકે શુક્રવારે દિવસ દરમિયાન તાપમાન એક ડિગ્રી જેટલું ઘટ્યું હતું. અમદાવાદ શહેરમાં ૧૭.૯ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. જે ગુરુવારે ૧૯ ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદ શહેરમાં દિવસ દરમિયાન સૌથી ઉંચું તાપમાન ૩૦.૮ ડિગ્રી રહ્યું હતું. ડિસેમ્બર મહિનાની શરૂઆતથી જ ઠંડી વધવા લાગી છે ત્યારે આગામી દિવસોમાં હજી પણ ઠંડી વધશે. હવામાન વિભાગ પ્રમાણે ઠંડી માટે ડિસેમ્બર મહિના ગણી શકાય. આ સમયમાં ઉત્તર ભારતમાં પહાડી વિસ્તારોમાં હિમ વર્ષા થતી હોય છે.

